सूरिपुरन्दर श्री हरिभद्रसूरि विनिर्मिता

# विंशतिविंशिका :

वाचनादायका :

सिद्धान्त महोदधि प.पू. आचार्य

श्रीमद् विजय प्रेमसूरीश्वराणां शिष्याणव:

प.पू. पन्यास, श्री कुलचन्द्रविजयगणिवर्या:

संकलनकारका: संपादकाश्च

प्रवचनप्रभावकानां

प.पू. पन्यासप्रवर श्री चन्द्रशेखरविजयानां विनेया:

प.पू. तपस्विवर्यमुनिराजश्री धर्मरक्षितविजया:

आर्थिक सहकार

श्री लावण्य जैन श्वेतांबर मूर्तिपूजक संघ

अहमदाबाद.

सूरिपुरन्दर श्री हरिभद्रसूरि विनिर्मिता

# विंशतिविंशिका:

वाचनादायका :

सिद्धान्त महोदधि प.पू.आचार्य

श्रीमद् विजय प्रेमसूरीश्वराणां शिष्यरत्नाः

प.पू. पन्न्यास, **श्री कुलचन्द्रविजयगणिवर्याः**

**संकलनकारका:** संपादकाश्च

प्रवचनप्रभावकानां

प.पू. पन्यासप्रवर **श्री चन्द्रशेखरविजयानां** विनेयाः

प.पू. तपस्विवर्यमुनिराजश्री **धर्मरक्षितविजयाः**

आत्म-कमल-दान-प्रेमसूरीश्वरगुरुभ्यो नमः

**प्रेरका :**

सिद्धान्तदिवाकराः प.पू. आचार्यदेवश्रीमद्विजय **जयघोषसूरीश्वराः**

**संशोधका :**

प.पू. आचार्य श्रीमद् विजय **राजशेखरसूरीश्वराः**

**तथा**

विद्वद्वर्य शासनमण्डनमुनिवर्याः **श्रीयशोविजयाः**

**वाचनादायका :**

सिद्धान्त महोदधि प.पू.आचार्य

श्रीमद् विजय **प्रेमसूरीश्वराणां** शिष्याणवः

प.पू. पन्न्यास, श्री **कुलचन्द्रविजयगणिवर्याः**

**संकलनकारकाः** संपादकाश्च

प्रवचनप्रभावकानां

प.पू. पन्यासप्रवर **श्री चन्द्रशेखरविजयानां** विनेयाः

प.पू. तपस्विवर्यमुनिराजश्री **धर्मरक्षितविजयाः**

**मुद्रक : जीतु शाह ( अरिहंत )**

**६८७/१, छीपा पोल, कालुपुर, अहमदाबाद-१.**

**फोन नं. ३३२५५७**

## સંપાદકીય

જૈન દર્શનમાં જેટલા આગમગ્રંથો છે તેમાંથી કેટલાક વિશિષ્ટ પદાર્થોને સંક્ષેપમાં ૨૦-ગાથાઓના ઝુમખા રૂપે પ.પૂ.**હરિભદ્રસૂરી મ.સા.**એ વિંશતિવિંશીકા ગ્રંથની રચના કરેલ છે. તે ગ્રંથ પ.પૂ.સિધ્ધાંત દિવાકર ગચ્છાધિપતિએ. પ.પૂ. અનુયોગાચાર્ય પંન્યાસપ્રવર **કુલચંદ્ર વિ.મ.સા.**ને વિચારણા માટે આપેલ અને આ ગ્રંથ ઉપર પ.પૂ. પંન્યાસજી મ.સા.એ ગત વર્ષે પૂ.સાધુ-સાધ્વીજી ભગવંતને વાચના આપેલ. તે વખતે પ.પૂ. પંન્યાસજી મ.સા.ની પ્રેરણા થતા તેમના માર્ગદર્શનથી પ્રસ્તુત ગ્રંથનો ગુજરાતીમાં અનુવાદ કરવાનો અતિ મંદ ક્ષપોપશમવાળા એવા મેં નિર્ણય કર્યો, અને સુરેન્દ્રનગરના ગત ચાર્તુમાસમાં તે કાર્ય પૂર્ણ કરી પ.પૂ. પંન્યાસજી મ.સા.ને મોકલી આપેલ. જે લખાણને પ.પૂ. આચાર્યદેવશ્રી **રાજશેખરસુરીશ્વરજી મ.સા.** તથા પંડિતવર્ય મુનિશ્રી **યશોવિજયજી મ.સા.**એ સંશોધન કરી આપવા સાથે સંશોધકીય સંવેદન મોકલી આપી મોટો ઉપકાર કરેલ છે. આ બદલ તેઓનો ખૂબ ઋણી છું. તેમજ પ્રેસમાં છપાવવા આપતા પહેલા પૂ. પંન્યાસજી **પદ્મસેન વિ.મ.સા.** એ પ.પૂ. વર્ધમાન તપોનિધિ આચાર્યદેવશ્રી **ભુવનભાનુસૂરીશ્વરજી** દ્વારા લેખીત વિંશતિવિંશિકાના અનુવાદની નોટ મોકલી. જેના આધારે પણ કેટલાક સુધારા કરેલ છે. આ ગ્રંથના પ્રકાશન માટે **શ્રી લાવણ્ય શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘે** સંપૂર્ણ લાભ લીધેલ છે. આ રીતે આ ગ્રંથના પ્રકાશનમાં પરોક્ષ કે પ્રત્યક્ષ જેઓએ સહાય કરી છે તેઓનો ખૂબ આભારી છું. પ્રાંતે આ ગ્રંથમાં જિનાજ્ઞા વિરૂધ્ધ કાંઈ પણ લખાયું હોય તો તેનું મિચ્છામી દુક્કડમ.

**લી.ગુરૂપાદપદ્મરેણુ**
**મુનિ ધર્મરક્ષિત વિ.**

કલિકુંડ તીર્થ (ધોળકા)
ચૈત્ર વદ-૩ સંવત-૨૦૫૪

# સંશોધકીય સંવેદન

**શ્રી ચન્દ્ર પ્રભસ્વામિને નમઃ**

**श्री प्रेम-भुवनभानु-विश्वकल्याण गुरुभ्यो नमः ।**

મહનીયસૂરિપુરંદર કલિકાલસર્વજ્ઞ આચાર્ય ભગવંત શ્રી **હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજના શ્રુતસાગરના મંથનથી પ્રગટેલ ૧૪૪૪ ગ્રન્થરત્નો પૈકી ૧ અમૂલ્ય ઝળહળતું રત્ન છે 'વિંશિકા પ્રકરણ' ૨૦ શ્લોક પ્રમાણ ૨૦ વિંશિકામાં વહેંચાયેલ આ પ્રકરણરત્નમાં તેઓશ્રીએ 'ગાગરમાં સાગર' ઉક્તિને જીવંત કરી છે. મહાકાય આગમગ્રન્થો કે વિશેષાવશ્યક મહાભાષ્ય જેવા આકર ગ્રન્થોને ધારણ કરવામાં અસમર્થ એવા મધ્યમબુધ્ધિવાળા જિજ્ઞાસુ અધ્યેતાવર્ગને આગમાદિ મહાશાસ્ત્રોમાં પ્રવેશ કરવાનો ઉત્સાહ જાગે એ આશયશ્રી સૂરિપુરંદરે પ્રસ્તુત પ્રકરણની રચના કરી છે.

પ્રસ્તુત પ્રકરણના અમુક વિષયો તો અધ્યેતાવર્ગ માટે પ્રાયઃ તદ્દન અપરિચિત જેવા છે. જેમકે ૩જી કુલનીતિધર્મવિંશિકાના વિષયો. જ્યારે અમુક વિષયો અનેક આગમગ્રન્થોમાં પ્રસિદ્ધ છે, જેમ કે ૯મી, ૧૦મી, ૧૧મી, ૧૨મી, ૧૩મી, ૧૫મી, ૧૬મી, ૧૭મી, વિંશિકાના વિષયો. અમુક વિષયો યોગગ્રન્થમાં વણાયેલ છે. જેમ કે ૪થી, ૫મી, ૬ઠ્ઠી વિંશિકાના વિષયો. સૂરિપુરંદરે આ જ પ્રકરણના શ્લોકો સ્વરચિત અંન્ય ગ્રન્થોમાં અક્ષરશઃ લીધેલા છે. જેમ કે ૮મી વિંશિકાનો ૧૭મો શ્લોક પંચાશકજી (૪/૪૭) ગ્રન્થમાં અને ૧૮મો શ્લોક ઉપદેશપદ (શ્લોક ૩૫) માં; ૯મી વિંશિકાનો ૨જો શ્લોક યોગશતક (શ્લોક-૧૫) અને પંચાશકજી (શ્લોક ૩/૫) માં; ૯મી વિંશિકાના ૮-૯-૧૦ શ્લોક પંચાશકજી (૧/૪૯-૫૦-૫૧) માં; ૧૨મી વિંશિકાનો ૧૦મો શ્લોક ઉપદેશપદ (શ્લોક-૮૫૭) અને પંચવસ્તુ (૧૦૦૧ શ્લોક) ગ્રન્થમાં સંભવતઃ આ શ્લોકો પોતાને પ્રાપ્ત થયેલ પૂર્વપ્રવાહ અન્તર્ગત હશે. તેઓશ્રીએ આ પ્રકરણના અમુક શ્લોકો પોતાના પૂર્વવર્તી ગ્રન્થોમાંથી પણ અક્ષરશઃ ઉદ્ધૃત કરેલ છે. જેમ કે ૬ઠ્ઠી વિંશિકાનો

સાતમો અને આઠમો શ્લોક વિશેષાવશ્યક મહાભાષ્ય (શ્લોક ૧૨૦૨/ ૧૨૦૩) ગ્રન્થમાંથી અને ૧૩મી વિંશિકાનો ૧૩મો શ્લોક પિંડનિયુક્તિ ગ્રન્થમાંથી ઉદ્ધૃત થયેલ છે. તેઓશ્રીએ આ જ પ્રકરણના અમુક વિષયો સ્વરચિત અન્ય સંસ્કૃતગ્રન્થોમાં પણ વણી લીધેલા છે. જેમ કે દાનવિંશિકાનો ૧૬ મો શ્લોક ષોડશક (૪/૯) ગ્રન્થમાં ; દાનવિંશીનો ૧૮મો શ્લોક અષ્ટકપ્રકરણ (૨૭/૫) માં; પૂજા વિંશિકામાં દર્શાવેલ ૩ પ્રકારની પૂજા (શ્લોક ૩-૪-૫-૬-૭-૧૧) ષોડશક (૯/૯-૧૦) પ્રકરણમાં; ૧૧મી વિંશિકામાં બતાવેલ પાંચ પ્રકારની ક્ષમા (શ્લોક-૩) ષોડશક (૧૦/૧૦) પ્રકરણમાં; ૧૧મી વિંશિકામાં નિર્દિષ્ટ ૪ પ્રકારના અનુષ્ઠાન (શ્લોક-૧૮) ષોડશક (૧૦/ ૨) પ્રકરણમાં; કેવલજ્ઞાનવિંશિકાનું ચંદ્રપ્રભાઉદાહરણ (૧૬-૧૭ શ્લોક) અષ્ટકજી (૩૦/૬) પ્રકરણમાં દર્શાવેલ છે.

અન્ય ગ્રન્થકારોએ પણ આ પ્રકરણના વિષયો પોતાના ગ્રન્થમાં વણેલા છે. જેમ કે શિક્ષાવિંશિકામાં દર્શાવેલ ચાર પ્રકારના અનુષ્ઠાનો વિષે શ્રી **શાંતિસૂરીશ્વરજી** મહારાજે ચૈત્યવંદન મહાભાષ્યમાં (શ્લોક-૮૮૭ થી ૮૯૫) વિસ્તારથી છણાવટ કરેલ છે. તે જ વિષયો ઉપાધ્યાય શ્રી **યશોવિજયજી** મહારાજે ષોડશકટીકા (૧૦/૨ થી ૭ શ્લોક) માં તેમ જ દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા પ્રકરણમાં વિશદ રીતે વર્ણવેલ છે. ઉત્તરવર્તી અનેક શાસ્ત્રકારોએ આ પ્રકરણના અનેક શ્લોકો પોતાના ગ્રન્થોમાં સંવાદ તરીકે બતાવેલ છે. જેમ કે ચરમાવર્ત વિંશિકાનો ૧૯મો શ્લોક ધર્મસંગ્રહવૃત્તિ (ગા.૧૮) માં ઉપાધ્યાયશ્રી માનવિજયજી ગણિવરે ઉદ્ધૃત કરેલ છે; ચરમાવર્ત વિંશિકાનો ૨જો શ્લોક ષોડશકટીકામાં (૫/૨) મહોપાધ્યાયશ્રી **યશોવિજયજી** મહારાજે ટાંકેલ છે. શદ્ધર્મવિંશિકાના ૧૦-૧૧-૧૨-૧૩-૧૪-૧૫-૧૬-૧૭ શ્લોકો ધર્મસંગ્રહટીકામાં (ગા.૨૨) સાક્ષી તરીકે દર્શાવેલ છે. શ્રાવક વિંશિકાનો ૨જો શ્લોક ધર્મરત્નપ્રકરણમાં શ્રી **શાંતિસૂરીશ્વરજી** મહારાજે સંવાદરૂપે ઉદ્ધૃત કરેલ છે. મહોપાધ્યાયશ્રી **યશોવિજયજી** મહારાજે તો પ્રતિમાશતકટીકા, નયામૃતતરંગિણી (=નયોપદેશ ટીકા), તત્ત્વાર્થટીકા વગેરેમાં આ પ્રકરણનાં ઢગલાબંધ શ્લોકો પોતાની વાતના સમર્થન માટે છૂટથી સાક્ષીપાઠ તરીકે નિર્દિષ્ટ કરેલ છે. આનો ઝીણવટથી

ઉલ્લેખ કરવા બેસીએ તો પાનાઓના પાના ભરાઈ જાય.

આ પ્રકરણમાં અમુક જગ્યાએ તો સૂરિપુરંદરે એટલું બધું સંક્ષેપમાં નિરૂપણ કરેલું છે કે સામાન્યવાચકવર્ગને તેનો ગૂઢાર્થ સ્પષ્ટરૂપે ન જ આવી શકે. જેમ કે ૧૪મી વિંશિકાના ૪થા શ્લોકમાં **'णियगुरुयणसंगएहिं'** આવું જે કહેલ છે તેમાં ૩ પ્રકારના પ્રત્યયની વાત કરેલ છે. યોગબિન્દુ ગ્રન્થમાં આ જ વાત બે શ્લોક (૨૩૧/૨૩૨) દ્વારા તેઓશ્રીએ જ બતાવેલ છે. બે શ્લોકની વાત માત્ર એક શ્લોકના એક જ પાદ દ્વારા કહેવાની શૈલી વાચકવર્ગને મૂંઝવી નાંખે તેવી છે. અધૂરામાં પૂરું લહિયાઓની બેદરકારીના લીધે, મુદ્રણદોષના કારણે મૂળ ગ્રન્થની એક પણ સર્વાંગશુદ્ધ હસ્તલિખિત પ્રત પણ મળતી નથી. જે મળે છે તેમાં અશુદ્ધિઓ પણ અધિક પ્રમાણમાં છે. આ હકીકતના નિર્દેશ પરથી વાચકવર્ગને ખ્યાલ આવી શકશે કે "આ પ્રકરણરત્નના વિષયો કેવા વ્યાપક છે. અને તેવું હોવા છતાં આ પ્રકરણનાં ભાવોને પામવા, શબ્દના કોચલાને ભેદીને પરમાર્થો પામવા-એ કેટલું મુશ્કેલીભર્યું કામ છે?"

આવું હોવાથી પ્રસ્તુત પ્રકરણ ઉપર વિસ્તૃત-વિશદ વ્યાખ્યાગ્રન્થની આવશ્યક્તા હતી. મહોપાધ્યાયશ્રી **યશોવિજયજી** ગણિવર દ્વારા રચિત યોગવિંશિકાટીકા ઉપરથી જ આ પ્રકરણના ઐદંપર્યાર્થ મેળવવા સ્વપરદર્શનશાસ્ત્રોનું કેટલું વ્યાપક અને ઊંડાણ ભરેલ વાંચન-ચિંતન-મનન-સ્મરણ જરૂરી છે ? એ અનાયાસે ખ્યાલમાં આવી જાય છે. પરંતુ દુર્ભાગ્યે વીસે વીસ વિંશિકા ઉપર મહોપાધ્યાયશ્રીની ટીકા વર્તમાનમાં ઉપલબ્ધ થતી નથી. સંભવ છે કોઈક જ્ઞાનભંડારમાં અજ્ઞાત રીતે તે સુરક્ષિત પડી હોય. સંશોધકો માટે આ ખોજનો વિષય છે. જ્યાં સુધી પ્રસ્તુત પ્રકરણ ઉપર કોઈ બહુશ્રુત વિદ્વાન નવીન સંસ્કૃત ટીકા સંપૂર્ણપણે રચે નહિં ત્યાં સુધી આ પ્રકરણના ભાવો પામવાનું કાર્ય અધ્યેતાવર્ગ માટે કપરું જ છે. અધ્યેતાવર્ગની આ મુશ્કેલીને ખ્યાલમાં રાખીને; પરમપૂજ્ય ચારિત્રચૂડામણિ સિધાન્તમહોધિ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય **પ્રેમસૂરીશ્વરજી** મહારાજના ચરમ અને પરમ વિનેયરત્ન સંયમૈકલક્ષી પરાર્થરસિક વિદ્વાન પંન્યાસપ્રવરશ્રી **કુલચન્દ્રવિજયજી** ગણિવર્યશ્રીએ અતિપરિશ્રમ કરીને, અનેક શાસ્ત્રોનું અવગાહન કરીને

મૂળગ્રન્થના ભાવોને સંક્ષેપમાં સરળભાષામાં ગુર્જર અનુવાદરૂપે રજુ કરવાનો સફળ પ્રયત્ન કર્યો છે. તેઓનો ઉપકાર અધ્યેતાવર્ગ ભૂલી શકશે નહિ. મૂળકારના હૃદય સુધી પહોંચવામાં પ્રસ્તુત પ્રકાશન એક આગવું માધ્યમ બનશે એમાં કોઇ શંકાને સ્થાન નથી. અત્યંત સરળભાષામાં અનુવાદ કરવા દ્વારા વાચકવર્ગ પ્રત્યેની કરુણા; જરૂર પડે ત્યાં આગમગ્રન્થોના નિર્દેશપૂર્વક (૨૦/૧૨) પદાર્થ સ્પષ્ટતા કરવા દ્વારા વિદ્વતા, અતિગહન સ્થળે અલગ-અલગ અર્થઘટન કરી 'બહુશ્રુતો અહીં પ્રમાણ છે' આવું કહેવા દ્વારા પાપભીરુતા વગેરે સદ્ગુણોનું સૌદંર્ય અનુવાદકારમાં અનાયાસે ખ્યાલમાં આવ્યા વિના રહેતું નથી. મૂળ ગ્રન્થના ગુર્જર ભાવાનુવાદને સંશોધન માટે મોકલવા દ્વારા પૂજ્ય પંન્યાસજી ભગવંતે મને સ્વાધ્યાયની એક અપૂર્વ તક આપી. તે બદલ હું તેઓશ્રીનો ઋણી છું. આશા છે કે આવા અનેક સફળ અનુવાદકાર્યો તેઓશ્રીના વરદહસ્તે શ્રીસંઘને પ્રાપ્ત થશે.

વાચકવર્ગની નજરથી દૂર રહેલા એક પ્રસિદ્ધ મૂળ ગ્રન્થને અને તદ્ગત પદાર્થોને હજારો નવી આંખો અને કાનો સુધી પહોંચાડવાનું પુણ્યકાર્ય આ પ્રકાશન કરશે જ. આવો આત્મવિશ્વાસ છે.

તરણતારણહાર શ્રીજિનાજ્ઞાથી વિરુદ્ધ કંઇ પણ લખાયું હોય તો હાર્દિક ક્ષમાયાચના.

**લી. ગુરુપાદપદ્મરેણુ**
**મુનિ યશોવિજય**
મહા વદ-૧૧, વિ.સં.૨૦૫૪
પ્રભાસપાટણતીર્થ

# પ્રાપ્તિ સ્થાન

**(૧) દિવ્ય દર્શન ટ્રસ્ટ**
કુમારપાલ વિ. શાહ
૩૯, કલીકુંડ સોસાયટી,
ધોળકા-૩૮૭૮૧૦

**(૨) જિનશાસન આરાધના ટ્રસ્ટ**
શોપ નં. ૫/૬/૭- બદ્રિકેશ્વર સોસાયટી,
મરીન ડ્રાઈવ ઈ રોડ, મુંબઈ-૨.

**(૩) શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**
C/o. ચંદ્રકાંત એસ.સંઘવી
કનાસાનો પાડો, પાટણ, ઉ.ગુ.

**(૪) કમલ પ્રકાશન ટ્રસ્ટ**
૨૭૭૭, નીશા પોળ, ઝવેરી વાડ,
રિલીફ રોડ, અમદાવાદ-૧.
ફોન નં. ૫૩૫૫૮૨૩

**(૫) તપોવન-સંસ્કારપીઠ**
પો. અમીયાપુર, સુઘડ.
જિ. ગાંધીનગર-૩૮૨૪૨૪

# ૧લી અધિકાર નિર્દેશ વિંશિકા

**नमिऊण वीयरायं १ सव्वन्नुं तियसनाहकयपूयं**
**जहनायवत्थुवाइं सिद्धं सिद्धालयं वीरं ॥ १ ॥**
नत्वा वीतरागं सर्वज्ञं त्रिदशनाथकृतपूजम् ।
यथाज्ञातवस्तुवादिनं सिद्धं सिद्धालयं वीरम ॥ १ ॥

**वुच्छं केइ पयत्थे लोगिगलोगुत्तरे समासेण ।**
**लोगागमाणुसारा २ मंदमइविबोहणट्ठाए ॥ २ ॥**
कक्ष्यामि कांश्चित्पदार्थाथान् लौक्किकलोकोत्तरान्समासेन ।
लोकागमाणुसारान्मन्दमतिविबोधनार्थाय ॥ २ ॥

(૧,૨) વીતરાગ, સર્વજ્ઞ, દેવેન્દ્રપૂજિત, જે પ્રમાણે ન્યાયથી સંગત થાય અથવા જે પ્રમાણે કેવલજ્ઞાનથી જાણેલ છે. તે પ્રમાણે જીવાદિ વસ્તુતત્વના ઉપદેશક, સિધ્ધ થયેલા અને સિધ્ધિપુરીના નિવાસી વીર ભગવાનને નમસ્કાર કરીને મંદમતિ જીવોના બોધ માટે કેટલાક લૌકિક અને કેટલાક લોકોત્તર પદાર્થોને લોક અને આગમને અનુસાર સંક્ષેપથી કહીશ.

---

१ वीरनाहं । २ लोगागमाणुसारो ।

**सुंदरमिइ अन्नेहि वि भणियं च कयं च किंचि वत्थुं ति ।**
**अन्नेहि वि भणियव्वं कायव्वं चेति मग्गोयं ॥ ३ ॥**

सुन्दरमित्यन्यैरपि भणितं च कृतं च किंचिद्वस्त्विति ।
अन्यैरपि भणितव्यं कर्तव्यं चेति मार्गोऽयम् ॥ ३ ॥

(૩) બીજાઓએ પણ સુંદર વસ્તુ કહેલ છે અને કંઈક સુંદર વસ્તુ = પ્રમાણભૂત કાર્ય કરેલ છે. માટે આપણા જેવા બીજાઓએ પણ કંઈક સુંદર કહેવું અને કરવું જોઈએ. કારણકે, આ શિષ્ટ પુરુષોનો માર્ગ છે.

**इहरा उ कुसलभणिईण चिट्ठियाणं च इत्थ वुच्छेओ ।**
**एवं खलु धम्मो वि हि सव्वेण कओ ण कायव्वो ॥ ४ ॥**

इतरथा तु कुशलभणितीनां चेष्टितानां चात्र व्युच्छेदः ।
एवं खलु धर्मोपि हि सर्वेण कृतो न कर्तव्यः ॥ ४ ॥

(૪) અન્યથા :- કંઈક કહીએ નહિ અને કંઈ કરીએ નહીં તો સુભાષિતોનો અને સદાચારનો આ લોકમાં વિચ્છેદ થઈ જાય.

શંકા :- બીજાઓએ બોલેલું અને આચરેલું આપણે શા માટે બોલીએ અને આચરીએ ? આપણે કંઈ એમના ગુલામ ઓછા છીએ ?

સમાધાન:- આ પ્રમાણે કહેશો તો અન્ય સર્વથી આચરેલ દયા-દાન વગેરે ધર્મને આચરવાનો પણ અભાવ સાંપડશે. ઉપર પ્રમાણે અન્યનું કહેલ અને આચરેલાનું અનુસરણ ન કરવામાં સુભાષિતોનો અને સદાચારના વિચ્છેદની આપત્તિ આપી. આ વિષયમાં બીજા આચાર્યોનો મત બતાવે છે.

**अन्ने आसायणाओ महानुभावाण पुरिससीहाण ।**
**तम्हा सत्तणुरुवं पुरिसेण हिए पयइयव्वं ॥ ५ ॥**
अन्ये आशातना महानुभावानां पुरुषसिंहानाम् ।
तस्माच्छक्त्यनरुपं पुरुषेण हिते प्रयतितव्यम् ॥ ५ ॥

(५) બીજાઓના મતે મહાપુરુષોએ બોલેલ અને આચરેલ સુભાષિત-સદનુષ્ઠાન ન અપનાવીએ તો મહાપ્રભાવી પુરૂષસિંહોની આશાતના થાય છે. તેથી શક્તિ અનુસાર પુરુષે હિતમાં = સુભાષિત + સદનુષ્ઠાનમાં પ્રવર્તવું.

**तेसिं बहुमाणाओ ससत्तिओ कुसलसेवणाओ य ।**
**जुत्तमिणं आसेवियगुरुकुलपरिदीह[1] समयाणं ॥ ६ ॥**
तेषां बहुमानात्स्वशक्तितः कुशलसेवनायाश्च ।
युक्तमिदमासेवितं गुरुकुलपरिदीर्घसमयानाम् ॥ ६ ॥

(६) ગુરૂકુલવાસનું સેવન કરીને શાસ્ત્રોના રહસ્યોને પામેલાઓ માટે તે મહાપ્રભાવી પુરૂષસિંહોને વિષે બહુમાનથી અને પોતાની શક્તિ મુજબ શુભના આચરણથી આ પ્રમાણે હિતમાં પ્રવર્તવું ઉચિત છે.

**जत्तो उद्धारो खलु अहिगाराणं सुयाओ ण उ तस्स ।**
**इय वुच्छेओ तद्देसदंसणा कोउगपवित्ती ॥ ७ ॥**
यत उद्धारः खलु अधिकाराणां श्रुतान्न तु तस्य ।
इति व्युच्छेदस्तद्देशदर्शानात्कौतुकप्रवृत्तिः ॥ ७ ॥

---

१ परिदिट्ठ

(૭) આ પ્રમાણે શક્તિ અનુસાર કથનરૂપ પ્રકરણ રચનાથી તે તે અધિકારોના-વિષયોનો જે જે શ્રુતથી ઉધ્ધાર થાય છે. તે તે શ્રુતનો વિચ્છેદ થશે નહિ. કારણકે, રચિત પ્રકરણોમાં વિષયોના આંશિક દર્શનથી જિજ્ઞાસુ કૌતુકથી પણ તે તે શ્રુતમાં અધ્યયનાદિની પ્રવૃતિ કરશે. અથવા 'जत्तो' ના સ્થાને 'जुत्तो'ની સંભાવના કરીએ તો અધિકારોના ઉધ્ધાર ઉચિત છે. બાકીનું સુગમ છે.

**इक्को उण इह दोसो जं जायइ खलजणस्स पीड त्ति ।**
**तह वि पयट्टो इत्थं दट्ठुं सुयणाण मइतोसं ॥ ८ ॥**

एकः पुनरिह दोषो यज्जायते खलजनस्य पीडेति ।
तथापि प्रवृत्तोत्र दृष्ट्वा सुजनानां मतितोषम् ॥ ८ ॥

(૮) વળી આ શાસ્ત્રની રચનામાં જો કે દુર્જનોને પીડા થવા રૂપ એક દોષ છે. તો પણ સજ્જનોના મતિતોષને જોઈને આ વિષયમાં પ્રવૃત્ત થયો છુ.

**तत्तो वि य जं कुसलं तत्तो तेसिं पि होहिइ ण पीडा ।**
**सुद्धासया पवित्ती सत्थे निद्दोसिया भणिया ॥ ९ ॥**

ततोऽपि यत्कुशलं ततस्तेषामपि भविष्यति न पीडा ।
शुद्धाशया प्रवृत्तिः शास्त्रे निर्दोषिका भणिता ॥ ९ ॥

(૯) તે આ પ્રકરણ રચવાથી જે પુણ્ય થશે તે પુણ્યથી તે દુર્જનો ને પણ પીડા થશે નહી. માટે જ શુધ્ધાશય પૂર્વકની પ્રવૃતિ શાસ્ત્રને વિષે નિર્દોષ કહેલી છે.

**इहरा छउमत्थेणं पढमं न कयाइ कुसलमग्गम्मि ।**
**इत्थं पयट्टियव्वं सम्मं ति कयं पसंगेण ॥ १० ॥**
इतरथा छद्मस्थेन प्रथमं न कदाचित्कुशलमार्गे ।
इत्थं प्रवर्तितव्यं सम्यगिति कृतं प्रसङ्गेन ॥ १० ॥

(१०) ઈતરથા જો આવું સ્વીકારવામાં ન આવે તો છદ્મસ્થ વડે ક્યારે પણ કુશલમાર્ગમાં આ રીતે સમ્યક્ પ્રવૃત્તિ કરી શકાશે નહિ માટે પ્રાસંગિક વાતના વિસ્તારથી સર્યું.

**अहिगारसूयणा खलु - लोगाणादित्तमेव बोद्धव्वं ।**
**कुलनीइलोगधम्मा[1], सुद्धो वि य चरमपरियट्टो ॥ ११ ॥**
अधिकारसूचनाः खलु- लोकानादित्वमेव बोद्धव्यम् ।
कुलनीतिलोकधर्माः, शुद्धोपि च चरमपरिवर्तः ॥ ११ ॥

**तब्बीजाइकमो वि य, जंसु[2] पुण सम्मत्तमेव विन्नेओ ।**
**दाणविहि य तओ खलु, परमो पूयाविही चेव ॥ १२ ॥**
तद्बीजादिक्रमोपि च, येषु पुनः सम्यक्त्वमेव विज्ञेयः ।
दानविधिश्च ततः ख्रलु, परमः पूजाविधिश्चैव ॥ १२ ॥

**सावगधम्मो य तओ, तप्पडिमाओ य हुंति बोद्धव्वा ।**
**जइधम्मो इत्तो पुण, दुविहा सिक्खा य एयस्स ॥ १३ ॥**
श्रावकधर्मश्च ततस्तत्प्रतिमाश्च भवन्ति बोद्घव्याः ।
यतिधर्म इतः पुनर्द्विविधा शिक्षा चैतस्य ॥ १३ ॥

**भिक्खाइ विही सुद्धो, तयंतराया असुद्धिलिंगंता ।**
**आलोयणाविहाणं, पच्छित्ता सुद्धिभावो य ॥ १४ ॥**

---
१ लोगधम्मो २ तं पुण ।

भिक्षाया विधिः शुद्धस्तदन्तराया अशुद्धिलिङ्गान्ताः ।
आलोचनाविधानं, प्रायश्चित्ताच्छुद्धिभावश्च ॥ १४ ॥

**तत्तो जोगविहाणं, केवलनाणं[३] च सुपरिसुद्धं ति ।**
**सिद्धविभत्ती य तहा, तेसिं परमं सुहं चेव ॥ १५ ॥**

ततो योगविधानं, केवलज्ञानं च सुपरिशुद्धमिति ।
सिद्धविभक्तिश्च तथा, तेषां परमं सुखं चैव ॥ १५ ॥

(૧૧,૧૨)અધિકારોનું[૧] દિશાસૂચન આ પ્રમાણે વિંશિકાના ક્રમે છે. લોકનું અનાદિપણું જ જાણવું[૨] કુલનીતિ લોકધર્મો[૩] શુધ્ધ ધર્મ પણ ચરમ પુદ્ગલ પરાવર્તમાં જાણવો[૪] શુધ્ધધર્મના બીજાદિનો ક્રમ[૫] વળી તે શુધ્ધ ધર્મ સમ્યકત્વ જ જાણવો[૬] ત્યાર પછી અવશ્ય દાનવિધિ,[૭] અને શ્રેષ્ઠ પુજાવિધિ જાણવી.[૮] ત્યાર પછી શ્રાવક ધર્મ[૯] અને શ્રાવકની પ્રતિમાઓ હોય છે.[૧૦] એ પ્રમાણે જાણવું. વળી અહી યતિધર્મ[૧૧] અને આ યતિધર્મની ૨ પ્રકારની શિક્ષા છે.[૧૨] શુધ્ધ ભિક્ષાવિધિ[૧૩] તથા ભિક્ષાના અંતરાયોના અને અશુધ્ધ લિંગ બતાવે છે.[૧૪] આલોચનાનું વિધાન[૧૫] અને પ્રાયશ્ચિતથી ભાવશુધ્ધિ થાય છે.[૧૬] ત્યાર પછી યોગનું વિધાન[૧૭] સુપરિશુધ્ધ કેવલજ્ઞાન[૧૮] સિધ્ધોના[૧૯] ભેદ અને સિધ્ધોનું જ શ્રેષ્ઠ સુખ જાણવું.[૨૦]

**एए इहाहिगारा वीसं वीसाहि चेव गाहाहिं ।**
**फुडवियडपायडत्था नेया पत्तेयपत्तेयं ॥ १६ ॥**

एते इहाधिकारा विंशतिर्विंशत्या चैव गाथाभिः ।
स्फुटविकटप्रकटार्था ज्ञेयाः प्रत्येकंप्रत्येकम् ॥ १६ ॥

(૧૬) અહીં આ વીસ અધિકારો પ્રત્યેક વીસ ગાથાઓ વડે વિશદ, સ્પષ્ટ અને પ્રકટ અર્થોવાળા જાણવા.

---

३ नाणं सुपरिसुद्धं

**एए सोऊण बुहो परिभावंतो उ तंतजुत्तीए ।**
**पाएण सुद्धबुद्धि जायइ सुत्तस्स जोग्ग १ त्ति ॥ १७ ॥**

एतान्श्रुत्वा बुधः परिभावयंस्तु तन्त्रयुक्त्या ।
प्रायेण शुद्धबुद्धिर्जायते सूत्रस्य योग्य इति ॥ १७ ॥

**मज्झत्थयाइ नियमा सुबुद्धिजोएण अत्थियाए य ।**
**नज्जइ तत्तविसेसो न अन्नहा इत्थ जइयव्वं ॥ १८ ॥**

मध्यस्थतया नियमात्सुबुद्धियोगेनार्थितया च ।
ज्ञायते तत्त्वविशेषो नान्यथात्र यतितव्यम् ॥ १८ ॥

(૧૭,૧૮)આ અધિકારો સાંભળીને શાસ્ત્રયુક્તિથી પરિભાવન કરતો પંડિત જણ પ્રાયે કરીને નિર્મળ બુધ્ધિવાળો સૂત્ર માટે યોગ્ય થાય છે. કારણકે નિર્મળબુધ્ધિના યોગથી, તત્વના અર્થીપણાથી અને મધ્યસ્થપણાથી અવશ્ય તત્ત્વ વિશેષ જણાય છે. અન્યથા તે સિવાય આ વિશેષ પ્રકારનું તત્ત્વ જણાતું નથી. માટે નિર્મળ બુધ્ધિના યોગ, તત્ત્વના અર્થીપણા અને મધ્યસ્થતા માટે યત્ન કરવો.

આગળની ગાથામાં યત્ન શું અને કેવી રીતે કરવો તે જણાવે છે.

**गुणगुरुसेवा सम्मं विणओ तेसिं तदत्थकरणं च ।**
**साहूणमणाहाण य सत्तणुरूवं निओगेणं ॥ १९ ॥**

गुणगुरुसेवा सम्यग्विनयस्तेषां तदर्थकरणं च ।
साधूनामनाथानां च शक्त्यनुरूपं नियोगेन ॥ १९ ॥

(૧૯) ગુણવાન ગુરૂની સેવા, તેઓનો સમ્યગ્ વિનય અને તેઓના તથા સાધુઓ અને અનાથોના પ્રયોજનો અવશ્ય શક્તિ પ્રમાણે કરવા.


---

१ जोगति

**भव्वस्स चरमपरियट्टवत्तिणो पायणं परं एयं ।**
**एसो वि य लक्खिज्जइ भवविरहफलो इमेणं तु ॥ २० ॥**

भव्यस्य चरमपरिवर्तवर्तिनः पाचनं परमेतत् ।
एषोपि च लक्ष्यते भवविरहफलोतेन तु ॥ २० ॥

(૨૦) ચરમ પુદ્ગલ પરાવર્તમાં વર્તતા ભવ્યજીવનું પ્રાય કરી આ ગુરૂસેવા, વિનય વગેરે શ્રેષ્ઠ હોય છે અને આ શ્રેષ્ઠ ગુરૂસેવા વગેરેથી જ આ ભવ્યજીવ પણ ભવવિરહરૂપ મોક્ષ ફલને પામનારો અર્થાત્ મુક્તિગામી જણાય છે. અથવા સમસ્તનો અર્થ કરીએ તો ભવ્યજીવને પકાવનાર અર્થાત્ ભવ્યજીવની ભવસ્થિતિને પકાવનાર આ ગુરૂસેવા વગેરે છે. તેનો અર્થ-ચરમાવર્તમાં વર્તતા ભવ્ય જીવનું ગુરૂસેવા વગેરે ભવસ્થિતિને પકાવનાર છે.



# બીજી અનાદિ વિંશિકા

**पंचत्थिकायमइओ अणाइमं वट्टए इमो लोगो ।**
**न परमपुरिसाइकओ पमाणमित्थं च वयणं तु ॥ १ ॥**

पश्चास्तिकायमयकोऽनादिमान्वर्ततेयं लोकः ।
न परमपुरुषादिकृतः प्रमाणमत्र च वचनं तु ॥ १ ॥

(૧) પંચાસ્તિકાયમય આ લોક અનાદિથી રહેલો છે અને તે પરમપુરૂષ એવા ઈશ્વર વગેરેએ કરેલો નથી. અને આ વિષયમાં સર્વજ્ઞનું વચન આગમ પ્રમાણ છે. લક્ષણપૂર્વક પંચાસ્તિકાયનું નિરૂપણ કરે છે.

**धम्माधम्मागासा गइठिइअवगाहलक्खाणा एए ।**
**जीवा उवओगजुया मुत्ता पुण पुग्गला णेया ॥ २ ॥**

धर्माधर्माकाशा गतिस्थित्यवगाहलक्षणा एते ।
जीवा उपयोगयुता मूर्ताः पुनः पुद्गला ज्ञेयाः ॥ २ ॥

(૨) ગતિ, સ્થિતિ, અવગાહના લક્ષણવાલા અનુક્રમે ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય, આકાશ, ઉપયોગવાલા જીવો તથા રૂપી પુદ્ગલો આ પંચાસ્તિકાય જાણવા.

**एए अणाइनिहणा तहा तहा नियसहावओ नवरं ।**
**वट्टंति कज्जकारणभावेण भवे ण परसरूवे ॥ ३ ॥**

एते अनादिनिधनास्तथा तथा निजस्वभावतः केवलम् ।
वर्तन्ते कार्यकारणभावेन भवेन्न परस्वरूपे ॥ ३ ॥

(૩) આ પંચાસ્તિકાય પોતપોતાના સ્વભાવથી તે તે રૂપે અનાદિ અનંત

છે. અને કાર્યકારણભાવથી વર્તે છે. પરંતુ ક્યારે પણ પોતાના સ્વરૂપને કદી છોડતા નથી અર્થાત્ પરરૂપે થતા નથી.

**ण वि य अभावो जायइ तस्सत्ताए य नियमविरहाओ ।**
**एवमणाई एए तहा तहा परिणइसहावा ॥ ४ ॥**

नापि चाभावो जायते तत्सत्तायाश्च नियमविरहात् ।
एवमनादय एते तथा तथा परिणतिस्वभावाः ॥ ४ ॥

(૪) વળી ક્યારેક પણ તેની સત્તાનો વિદ્યમાનતાનો અભાવ થતો નથી. અને એમ માનવામાં નિયમ-સિધ્ધાંતનો વિરહ=બાધ આવે છે. સિધ્ધાંત છે કે જે સત્ છે તેનો વિનાશ થતો નથી એ પ્રમાણે પાંચે અનાદિ તથા પરિણામી સ્વભાવવાળા છે. તે દ્રવ્યાસ્તિકનયથી અનાદિ - અનંત છે. અને પર્યાયાસ્તિકયનયથી સાદિ-સાંત છે.

**इत्तो उ आइमत्तं तहासहावत्तकप्पणाए वि ।**
**एसिमजुत्तं; पुव्विं अभावओ भावियव्वमिणं ॥ ५ ॥**

इतश्चादिमत्त्वं तथास्वभावत्वकल्पनयापि ।
एषामयुक्तं पूर्वमभावतो भावयितव्यमिदम् ॥ ५ ॥

(૫) પૂર્વપક્ષ :- આ પાંચે આદિમાન છે.

ઉત્તરપક્ષ :- એમાં શું કારણ છે ?

પૂર્વપક્ષ :- તથા સ્વભાવથી તે આદિવાળા છે.

ઉત્તર પક્ષ:- તેવા પ્રકારની કલ્પના અયુક્ત છે. કારણકે આદિ પૂર્વે તે પાંચેના અભાવની કલ્પના કરવી પડે, તે વિચારણીય છે, કારણકે જેનો જગતમાં અભાવ હોય છે તેનો કોઈ કાલે સદ્ભાવ થતો નથી, ખ-પુષ્પની જેમ.

**नो परमपुरिसपहवा पओयणाभावओ दलाभावा ।**
**तत्तस्सहावयाए तस्स व तेसिं अणाइत्तं ॥ ६ ॥**

नो परमपुरुषप्रभवाः प्रयोजनाभावतो दलाभावात् ।
तत्तत्स्वभावतायां तस्येव तेषामनादित्वम् ॥ ६ ॥

(૬) સિધ્ધાંતી :- તેણે કોણે ઉત્પન્ન કર્યા ?
પૂર્વપક્ષ :- પરમ પુરૂષે
સિધ્ધાંતી :- પ્રયોજનાભાવથી અને બીજાભાવથી=સામગ્રીના અભાવથી પરમ પુરૂષથી તેની ઉત્પત્તિ ઘટે નહિ.
પૂર્વપક્ષ :- તેનો તેવા પ્રકારનો સ્વભાવ છે. તે પરમપુરૂષ અનાદિમાન છે.
સિધ્ધાંતી :- તે પુરૂષને અનાદિ માનો છો તો તેની જેમ પંચાસ્તિ કાયને અનાદિ માનવામાં શું વાંધો છે ? શું વિરોધ છે ? કશો જ વાંધો નથી.

**न सदैव चास्य भावः क इह हेतुस्तथास्वभावत्वम् ।**
**हन्ताभावगतमिदं को दोषस्तत्स्वभावत्वम् ॥ ७ ॥**

न सदेव यऽस्स भावो को इह हेऊ ? तहासहावत्तं ।
हंताभावगयमिणं को दोसो तस्सहावत्तं ॥ ७ ॥

(૭) પૂર્વપક્ષ :- નહિં, આ ઈશ્વરનો તો સદા સદ્ભાવ છે. જ્યારે પંચાસ્તિકાયમય લોક તો ઈશ્વર બનાવે ત્યારે જ સદ્ભાવ હોય છે, અન્યથા અભાવ હોય છે.
સિધ્ધાંતી :- આમાં હેતુ શું છે ?
પૂર્વપક્ષ :- તથાસ્વભાવ.
સિધ્ધાંતી :- જગતકર્તા ઈશ્વરના અભાવમાં પણ તથા-સ્વભાવ જ હેતુ થાઓ. શું દોષ છે ? અર્થાત્ કોઈ દોષ

નથી. તર્કથી પોતાની વાત સિધ્ધ કર્યા પછી વસ્તુસ્થિતિ સમજાવતા કહે છે અને આ પ્રમાણે બધેય તથાસ્વભાવને હેતુ કહીશું તો બધાંય ને બધુંય સિધ્ધ થવાની આપત્તિ રૂપ દોષ આવશે. આ જ વાત આગળની ગાથામાં કહેવાય છે.

**सो भावऽभावकारणसहावो भयवं हविज्ज नेयं पि ।**
**सव्वाहिलसियसिद्धिओ अन्नहा भत्तिमत्तं तु ॥ ८ ॥**

स भावाभावकारणस्वभावो भगवान्भवेन्नैतदपि ।
सर्वाभिलषितसिद्धयोन्यथा भक्तिमात्रं तु ॥ ८ ॥

(૮) આ પ્રમાણે ભાવ અને અભાવનું કારણ તે તથાસ્વભાવ જ ભગવાન થઈ જશે. અને એ પણ આપણે બંનેને માન્ય નહિ રહે. કારણકે આવું માનવામાં બધાંય ને બધુંય ઈષ્ટસિધ્ધ થવાની આપત્તિરૂપ દોષ આવશે. આ સ્થિતિમાં જગતકર્તા તરીકે ઈશ્વરનો અભાવ હોવા છતાં તમે તે માનો તો તે ભક્તિમાત્ર છે. અર્થાત્ માત્ર આંધળી ભક્તિ છે.

**धम्माधम्मनिमित्तं नवरमिहं हंत होइ एसो वि ।**
**इहरा उ थयक्कोसाइ सव्वमेयम्मि विहलं तु ॥ ९ ॥**

धर्माधर्मनिमित्तं केवलमिह हन्त भवति एषोपि ।
इतरथा तु स्तवाक्रोशादि सर्वमेतस्मिन्विफलं तु ॥ ९ ॥

(૯) પૂર્વપક્ષ :- આમ તો તમે પણ ભગવાનને માનો છો. 'તો તમારા પક્ષે પણ ભક્તિ માત્ર થશે.'

સિધ્ધાંતી :- અમારા પક્ષે આવો દોષ નહિ આવે, કારણ કે, અમારા આ પરમાત્મા માત્ર ધર્મ-પુણ્ય, અધર્મ

- પાપમાં નિમિત્ત બને છે. જો આવું ન સ્વીકારવામાં આવે તો આ પરમાત્મા વિષે સ્તવનાની અને આક્રોશ - આશાતનાની ક્રિયા નિરર્થક - નિષ્ફળ જ થશે.

**न य तस्स वि गुणदोसा अणासयनिमित्तभावओ हुंति ।**
**तम्मयचेयणकप्पो तहासहावो खु सो भयवं ॥ १० ॥**

न च तस्यापि गुणदोषा अनाशयनिमित्तभावतो भवन्ति ।
तन्मयचेतनकल्पस्तथास्वभावः खलु स भगवान् ॥ १० ॥

(૧૦) જો કે આ પરમાત્માની સ્તુતિથી પરમાત્માને કોઈ ગુણ-લાભ થતો નથી કે તેમની નિંદાદિથી તેમને કોઈ દોષ-હાનિ થતો નથી. કારણ કે આશયરહિત પણે ભગવાન માત્ર નિમિત્ત કારણ છે. અથવા પાઠાન્તર 'अण्णासय'થી - બીજાના આશય અધ્યવસાયમાં માત્ર નિમિત્ત બને છે. અથવા પરમાત્માની સ્તુતિથી બીજાના ચિત્તની વિશુધ્ધિમાં અને તિરસ્કાર નિંદાદિ આશાતનાથી ચિત્તની અશુધ્ધિમાં નિમિત્ત કારણ છે. સુખ દુઃખથી પર નિમિત્તભાવરૂપ ચેતના સ્વરૂપ અથવા પાઠાંતર 'तम्मयवेयण'થી નિમિત્ત ભાવના વેદનસ્વરૂપ તથાસ્વભાવવાલા તે ભગવાન છે.

**रयणाई सुहरहिया सुहाइहेऊ जहेव जीवाणं ।**
**तह धम्माइनिमित्तं एसो धम्माइरहिओ वि ॥ ११ ॥**

रत्नादयः सुखरहिताः सुखादिहेतवो यथैव जीवानाम् ।
तथा धर्मादिनिमित्तं एष धर्मादिरहितोपि ॥ ११ ॥

(૧૧) સુખથી રહિત એવા અગ્નિ વગેરે જે પ્રમાણે જીવોના સુખ દુઃખમાં કારણ બને છે, તે પ્રમાણે સુખ/દુઃખ/ પુણ્ય-પાપથી રહિત એવા

ભગવાન પણ જીવોના સુખ/દુઃખ/ ધર્મ-અધર્મમાં નિમિત્ત બને છે.

**एसो अणाइमं चिय सुद्धो य तओ अणाइसुद्घुत्ति ।**
**जुत्तो व पवाहेणं, न अन्नहा सुद्धया सम्मं ॥ १२ ॥**

एषोऽनादिमानेव शुद्धश्च ततोनादिशुद्ध इति ।
युक्तश्च प्रवाहेण नान्यथा शुद्धता सम्यक् ॥ १२ ॥

(૧૨) આ ભગવાન અનાદિ શુધ્ધ છે. તે અનાદિ શુધ્ધ છે આ કથન પ્રવાહથી યુક્ત છે. પરંતુ બીજી રીતે = વ્યક્તિગત વિચારતા આવી અનાદિ શુધ્ધતા વ્યવસ્થિત ઘટી શકે નહિ. સિધ્ધાંતી આ વાતની પુષ્ટિ માટે હવેની ગાથા કહે છે.

**बंधो वि हु एवं चिय अणाइमं होइ हंत कयगो वि ।**
**इहरा उ अकयगत्तं निच्चत्तं चेव एयस्स ॥ १३ ॥**

बन्धोपि खल्वेवमेवानादिमान्भवति हन्त कृतकोपि ।
इतरथा तु अकृतकत्वं नित्यत्वं चैवैतस्य ॥ १३ ॥

(૧૩) આ જ પ્રમાણે બંધ કૃતક અને વ્યક્તિથી સાદિ હોવા છતાં પ્રવાહથી અનાદિ છે. જો આવું ન માનવામાં આવે તો આ બંધનું અકૃતકત્વ-અજન્યત્વ અને નિત્યત્વ થાય. દૃષ્ટાંત = આકાશ. તેમ ભગવાન પણ પ્રવાહથી અનાદિ શુધ્ધ છે.

**जह भव्वत्तमकयगं न य निच्चं एव किं न बंधोवि ?।**
**किरियाफलजोगो जं एसो ता न खलु एवं ति ॥ १४ ॥**

यथा भव्यत्वमकृतकं न च नित्यमेवं किं न बन्धोपि ।
क्रियाफलयोगो यदेष तन्न् खलु एवमिति ॥ १४ ॥

(૧૪) પૂર્વપક્ષ :- જેમ ભવ્યત્વ અકૃતક છે પરંતુ નિત્ય નથી. મોક્ષમાં જતાં તેનો અંત આવી જાય તેમ બંધ પણ અકૃતક છે. તેમ માની લો ને ?

સિધ્ધાંતી :- જે બંધ છે તે ક્રિયાના ફળરૂપે આત્મા સાથે કર્મના અણુનો સંબંધ છે. તેથી કરીને બંધ ભવ્યત્વની જેમ અકૃતક નથી. અર્થાત્ બંધને પ્રવાહથી અનાદિ માની શકાય.

**भव्वत्तं पुणमकयगमणिच्चमो चेव तहसहावाओ ।**
**जह कयगो वि हु मुक्खो निच्चो वि य भाववइचितं ॥ १५ ॥**

भव्यत्वं पुनरकृतकमनित्यं चैव तत्स्वभावात् ।
यथा कृतकोपि खलु मोक्षो नित्योपि च भाववैचित्र्यम् ॥ १५

(૧૫) તથા સ્વભાવથી જ ભવ્યત્વ તો અકૃતક અને અનિત્ય છે.

શંકા :- "જે અકૃતક હોય તે આકાશની જેમ નિત્ય હોય અને જે કૃતક હોય તે ઘટ-પટની જેમ અનિત્ય હોય" આવો સિધ્ધાન્ત છે તો અકૃતક ભવ્યત્વ અનિત્ય કેમ હોય ?

સમાધાન :- આવો એકાન્ત નથી. પદાર્થો વિચિત્ર છે. જેમ મોક્ષ કૃતક હોવા છતાં નિત્ય છે તેમ ભવ્યત્વ અકૃતક હોવા છતાં અનિત્ય છે અને બંધ પણ પ્રવાહથી અનાદિ હોવા છતાં અનિત્ય છે.

**एवं चेव दिदिक्खा भवबीजं वासणा अविज्जा य ।**
**सहजमलसद्दवच्चं वन्निज्जइ मुक्खवाईहिं ॥ १६ ॥**

एवमेव दिदृक्षा भवबीजं वासना अविद्या च ।
सहजमलशब्दवाच्यं वर्ण्यते मोक्षवादिभिः ॥ १६ ॥

(૧૬) એ જ પ્રમાણે-બંધની જેમ જ દિદક્ષા, ભવબીજ, વાસના અને અવિદ્યા સહજમલ શબ્દથી વાચ્ય પદાર્થ મોક્ષવાદિઓ દ્વારા વર્ણવાય છે જે અકૃતક છતાં અનિત્ય છે.

**एयं पुण तह कम्मेयराणुसंबंधजोगयारूव ।**
**एतदभावे णायं सिद्धाणाभावणागम्मं ॥ १७ ॥**

एतत्पुनस्तथा कर्मेतरानुसंबन्धयोग्यतारूपम् ।
एतदभावे ज्ञातं सिद्धानांमाभावनागम्यम् ॥ १७ ॥

(૧૭) આ સહજમલ તે તે પ્રકારે કર્મ અને જીવના પરસ્પર સંબંધમાં આવવા સ્વરૂપ યોગ્યતારૂપે સમજવો. અને આ સહજમલના અભાવમાં સિધ્ધોનું દૃષ્ટાંત મર્યાદાપૂર્વકની વિચારણાથી ગમ્ય છે.

**इय असदेवानाइयमग्गे तम आसि एवमाई वि ।**
**भेयगविरहे वइचित्तजोगओ होइ पडिसिद्धं ॥ १८ ॥**

इति असदेवानादिकमग्रे तम आसीदेवमाद्यपि ।
भेदकविरहे वैचित्र्ययोगतो भवति प्रतिषिद्धम् ॥ १८ ॥

(૧૮) આ પ્રમાણે (૧) અસત્ એટલે પૂર્વે અનાદિ શૂન્ય હતું? અથવા

(૨) અંધકાર હતું ? આદિ શબ્દથી ઈંડુ હતું ? આવા સૃજન વાદોનો અવિદ્યા-વાસના-ભવબીજ-કર્મ વગેરે ભેદક તત્ત્વના અભાવમાં સંસારની વિચિત્રતાથી નિષેધ થાય છે. એક સુખી, બીજો દુઃખી, એક જ્ઞાની, બીજો અજ્ઞાની આવો વિચિત્રતાનો

યોગ ભેદક તત્વના અભાવમાં ઘટે નહિ.

**भेयगविरहे तस्सेव तस्सऽभावत्तकप्पणमजुत्तं ।**
**जम्हा सावहिगमिणं नीई अवही य णाभावो ॥ १९ ॥**

भेदकविरहे तस्येव तस्याभावत्वकल्पनमयुक्तम् ।
यस्मात्सावधिकमिदं नीत्याऽवधिश्च नाभावः ॥ १९ ॥

(૧૯) ભેદક તત્વના અભાવમાં તે અનાદિ શુધ્ધ પરમ પુરૂષ પરમાત્માની જેમ જ તે વિચિત્ર પંચાસ્તિકાયમય લોકનો પૂર્વે અભાવ કલ્પવો અનુચિત છે. કારણ કે, વિચિત્રતાનું જે ભેદક તત્વ કર્મ છે. તે જો કે સીમીતકાલવાળું છે તથા પ્રવાહથી અનાદિ છે છતાં યુક્તિથી અવધિવાળુ હોવામાત્રથી તેનો અભાવ કહી શકાય નહિ.


'तस्सभावकप्पणमजुत्तं' આવો પાઠ કરીએતો ભેદક તત્વના અભાવમાં તે અનાદિ શુધ્ધ પરમાત્માનો જ સુખ દુઃખાદિ વિચિત્રતાથી ભરેલા જગતના સૃજનનો સ્વભાવ છે, તેમ કલ્પવું અયુક્ત છે. કારણ કે, સુખ-દુઃખાદિ વિચિત્રતા અવધિ વાળી = સમયમર્યાદાવાળી છે. તો તેનું કારણ પણ અવધિવાળું હોવું જોઈએ. જ્યારે અનાદિ શુધ્ધ પરમાત્મા તો અન્યના મતે ત્રિકાલ નિત્ય છે. માટે અવધિવાળું કારણ એ જીવ સાથે કર્મ-સંયોગરૂપ બંધ છે. અને યુક્તિથી અવધિવાળું હોવા માત્રથી જ તેનો અભાવ ઘટે નહિ. માટે અવધિવાલો બંધ પ્રવાહથી અનાદિ છે. તેથી તેના કાર્યરૂપ વિચિત્ર લોક પણ અનાદિ છે. ભેદકના વિરહમાં લોકની ઉત્પત્તિની કલ્પના જેમ અયુક્ત છે તેમ પૂર્વે લોકનો અભાવ હતો એ કલ્પના પણ અયુક્ત છે, કારણ કે અભાવ સાવધિક જ હોય. અમુક કાલે લોક ન હતો અને અમુક કાળે એની ઉત્પત્તિ થઈ એ અવધિ બતાવી. એટલે અભાવ સાવધિક થયો. અને અવધિ અભાવાત્મક ન હોય. કારણ કે અમુક કાલે ન હતો તેમાં કાળ એ

શું વસ્તુ છે ? એટલે અભાવ ઘટતો નથી. આ યુક્તિથી લોકનો અભાવ સિધ્ધ થતો નથી.

**इय तन्तजुत्तिसिद्धो अणाइमं एस हंदि लोगो त्ति ।**
**इहरा इमस्सऽभावो पावइ परिचिंतियव्वमिणं ॥ २० ॥**

इति तन्त्रयुक्तिमिद्धोऽनादिमानेष हन्त लोक इति ।
इतरथास्याभावः प्राप्नोति परिचिन्तयितव्यमिदम् ॥ २०।

(૨૦) આ પ્રમાણે શાસ્ત્ર અને યુક્તિ સિધ્ધ એવો લોક અનાદિ છે. જો આવું સ્વીકારવામાં ન આવે તો અર્થાત્ લોકને સાદિ માનવામાં આવે તો આ લોકના અભાવની આપત્તિ આવે છે. માટે આ વાત સારી રીતે વિચારવી.



# ૩ જી વિંશીકા કુલ-નીતિ ધર્મ

**इत्थ कुलनीइधम्मा पाएण विसिट्ठलोगमहिकिच्च ।**
**आवेणिगाइरूवा विचित्तसत्थोइया चेव ॥ १ ॥**

अत्र कुलनीतिधर्माः प्रायेण विशिष्टलोकमधिकृत्य ।
आवेणिकादिरूपा विचित्रशास्त्रोदिताश्चैव ॥ १ ॥

(૧) પ્રાય :- વિશિષ્ટ લોકને આશ્રયીને અહીં માથું ઓળવું અર્થાત્ ચોટલો બાંધવાના કાર્યના આરંભથી અથવા વેણીની જેમ પરંપરાથી ચાલ્યા આવતા કુલના ધર્મ = કુલની મર્યાદા અને નીતિના ધર્મો - મર્યાદાઓ અનેક પ્રકારના શાસ્ત્રોમાં કહેલા છે.

**जे वेणिसंपयाया चित्ता सत्थेसु अपडिबद्ध त्ति ।**
**ते तम्मज्जायाए सव्वे आवेणिया नेया ॥ २ ॥**

ये वेणिसंप्रदायाश्चित्राः शास्त्रेष्वप्रतिबद्धा इति ।
ते तन्मर्यादया सर्वे आवेणिका ज्ञेयाः ॥ २ ॥

(૨) જે ચોટલાદિ સંપ્રદાયો વિવિધ પ્રકારના છે તેનો શાસ્ત્રના વિશે કોઈ લગાવ-સંબંધ નથી તેથી કરીને તે ચોટલાદિથી માંડીને સર્વ આચારો તે તે સંપ્રદાયોની =કુળોની મર્યાદાથી જાણવા. સવારમાં પ્રથમ મોટા ભાગે બેનો વાળ બાંધે-ઓળે છે. કારણ કે, છુટાવાળવાળી બેન અપશકુનીયાળ ગણાય.

**जह संझाए दीवयदाणं सत्थं रविम्मि विद्धत्थे ।**
**सुद्धग्गिणो अदाणं च तस्स अभिसत्थपडियाणं ॥ ३ ॥**

यथा संध्यायां दीपकदानं शस्तं रवौ विध्वस्ते ।
शुद्धाग्नेरदानं च तस्याभिशास्त्रपतितानाम् ॥ ३ ॥

(૩) જેમ સૂર્યાસ્ત થયે છતે સંધ્યા સમયે દીપકનું દાન=દીપ પ્રગટાવવો એ પ્રશસ્ત કહેલું છે. તેમ શાસ્ત્રને સન્મુખ થયેલાઓ માટે હવનના શુધ્ધ અગ્નિનું અદાન-બીજાને નહિ આપવું પ્રશસ્ત કહેલું છે.

**नक्खत्तमंडलस्स य पूजा नक्खत्तदेवयाणं च ।**
**गोसे सइसरणाइ य धन्नाणं वंदणा चेव ॥ ४ ॥**
नक्षत्रमण्डलस्य च पूजा नक्षत्रदेवतानां च ।
गोषे सतीस्मरणादि च धन्यानां वन्दना चैव ॥ ४ ॥

(૪) પ્રભાતના સમયે સૂર્ય અને નક્ષત્ર-દેવતાની પૂજા તથા સીતા વગેરે સતીઓનું સ્મરણ, ધ્યાન વગેરે અને મહાપુરૂષોને વંદના કરવી.

**गिहदेवयाइसरणं वामंगुट्ठयनिवीडळा चेव ।**
**असिलिट्ठदंसणम्मी तहा सिलिट्ठे य सिरिहत्थो ॥ ५ ॥**
गृहदेवतादिस्मरणं वामाङ्गुष्ठकनिपीडना चैव ।
अश्लिष्टदर्शने तथा श्लिष्टे च श्रीहस्तः ॥ ५ ॥

(૫) પ્રભાતે ગૃહદેવતાદિ-કુલ દેવતા તથા કુલ માન્ય ગુરૂ વગેરે નું સ્મરણ કરવું. બીલાડી વગેરે અશુભના દર્શન થયે છતે ડાબા અંગુઠાનું દબાવવું તથા શુભનું દર્શન થયે છતે લક્ષ્મીના પ્રકાશક જમણા હાથનું દર્શન કરવું. અથવા ઓવારણા લેવા.

**बालाणं पुण्णनिरूवणाइ चित्तप्पहेणगाईहिं ।**
**सत्थंतरेहिं कालाइभेयओ वयविभागेणं ॥ ६ ॥**

बालानां पुण्यनिरूपणादि चित्रप्रहेणकादिभिः ।
शास्त्रान्तरेषु कालादिभेदतो वयोविभागेन ॥ ६ ॥

(૬) ભેટમાં આવેલ નાના પ્રકારની મીઠાઈ વગેરે બાળકોને આપવા દ્વારા તેઓનું પુણ્ય જોવાય છે. લાડવાદિમાંથી બાળકને પ્રાપ્ત થતી સોનામહોર વગેરે દ્વારા તથા શાસ્ત્રાંતરોમાં નિરૂપિત કાલાદિ ભેદથી અને વયના વિભાગથી યુવાનને ધંધામાં પ્રથમ તબક્કે પ્રાપ્ત થતી સફળતાથી, આદિ શબ્દથી ક્ષેત્રે અર્થાત્ ગ્રામ, નગરમાં મળતી સફળતા વગેરેથી પુણ્ય જોવું.

**तप्परिभोगेण तहा थाणे परदाणजातजुत्तेण ।**
**चित्तविणिओगविसया डिंभपरिच्छा य चित्त त्ति ॥ ७ ॥**

तत्परिभोगेण तथा स्थाने परदानजातयुक्तेन ।
चित्तविनियोगविषया डिंभपरीक्षा च चित्रेति ॥ ७ ॥

(૭) બાળક પોતાના ભાગની વસ્તુનો જાત માટે ભોગવટો કરે છે કે યોગ્ય વ્યક્તિને તેનું દાન કરવાથી ભોગ્ય વસ્તુમાં ઔચિત્યનું સંપાદન કરે છે? આ રીતે વિવિધ પ્રકારે બાળકના મનના વિશેષ પ્રકારના લગાવની = મનોભૂમિકાની પરીક્ષા કરી શકાય છે.

**वीवाहकोउगेहिं रइसंगमसत्तमद्दणाईहिं ।**
**धूयाणं पुण्णनिरूवणं च विविहप्पओगेहिं ॥ ८ ॥**

विवाहकौतुकै रतिसङ्गमसत्त्वमर्दनादिभिः ।
दुहितॄणां पुण्यनिरूपणं च विविधप्रयोगैः ॥ ८ ॥

(૮) ઢીંગલા-ઢીંગલી પરણાવવા સ્વરૂપ અથવા અન્ય વિવાહના કૌતુકોથી, રતિ સંગમ, સત્વ-મર્દન વગેરે વિવિધ પ્રયોગોથી

દીકરીઓનું પુણ્ય તપાસવું.

**भोगे भावट्ठवणं भावेणाराहणं च दइयस्स ।**
**मलपुरिसुज्झ अणुव्वरिमंतेणं सीलरक्खा य ॥ ९ ॥**

भोगे भावस्थापनं भावेनाराधनं च दयितस्य ।
मलपुरीषोज्झाऽनुर्वराया मन्त्रेन शीलरक्षा च ॥ ९ ॥

(૯) પતિવ્રતા સ્ત્રી, પતિની ભાવથી આરાધના કરે. ભોગને વિષે નિશ્ચયથી પોતાના પતિને વિશે જ મનનું સ્થાપન કરે. તબિયત વગેરે ને કારણે પતિના મલ-મૂત્ર સાફ કરવા-બહાર ફેંકવા. અને શીલની રક્ષા માટે માનસિક પણ વિકાર ન થાય તે માટે પતિવ્રતાનો મંત્રજાપ કરે છે.

**ण्हायपरिण्णाजलभुत्तपीलणं, वसणदंसणच्चाओ ।**
**वेलासु अ थवणाई थीणं आवेणियो धम्मो ॥ १० ॥**

स्नानपरिज्ञाजलभुक्तपीडनं वसनदर्शनत्यागः ।
वेलासु च स्तवनादिः स्त्रीणामावेणिको धर्मः ॥ १० ॥

(૧૦) પતિને સ્નાન કરાવવું તથા ગાળેલા પાણી અને કૂતરા વગેરે ને નાંખીને પરીક્ષા કરેલ ભોજન વડે તથા શરીર દબાવવા વડે પતિની સેવા કરવી અથવા સ્નાન કરીને પ્રતિજ્ઞા પૂર્વક-નિયમીત, પાન, ભોજન અને શરીર દબાવવું. જેલ વગેરે વ્યસન-દુઃખમાં પડેલ પતિના દર્શનનો ત્યાગ તથા ત્રણે સંધ્યા સમયે ઈષ્ટદેવતા સ્તવન-પૂજન વગેરે સ્ત્રીઓના ચોટલા બાંધવાથી આરંભીને આચારરૂપ ધર્મ છે.

**सत्थभणिया य अन्ने वण्णासमधम्मभेयओ नेया ।**
**वण्णा उ बंभणाई तहासमा बंभचेराई ॥ ११ ॥**

शास्त्रभणिताश्चान्ये वर्णाश्रमधर्मभेदतो ज्ञेयाः ।
वर्णास्तु ब्राह्मणादयस्तथाश्रमा ब्रह्मचर्यादयः ॥ ११ ॥

(૧૧) વર્ણ અને આશ્રમોના ધર્મના ભેદથી શાસ્ત્રો એ કહેલા બીજા પણ ધર્મો જાણવા, બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય અને ક્ષુદ્રો વર્ણો જાણવા અને બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ આશ્રમો જાણવા.

**एए ससत्थसिद्धा धम्मा जयणाइभेयओ चित्ता ।**
**अब्भुदयफला सव्वे विवागविरसा य भावेणं ॥ १२ ॥**

एते स्वशास्त्रसिद्धा धर्मा यतनादिभेदतश्चित्राः ।
अभ्युदयफलाः सर्वे विपाकविरसाश्च भावेन ॥ १२ ॥

(૧૨) સ્વસ્વશાસ્ત્રથી સિધ્ધ યતનાના ભેદથી આ વર્ણાશ્રમોના અનેક પ્રકારના ધર્મો છે. આ સર્વ લૌકિક ધર્મો અભ્યુદયફલ આપનારા અને નિશ્ચયથી વિપાકે વિરસ કહ્યા છે. કારણ કે આ લોકની પ્રધાનતાવાળા છે.

**पयई सावज्जा वि हु तहा वि अब्भुदयसाहणं नेया ।**
**जह धम्मसालिगाणं हिंसाई तहऽत्थहेउ त्ति ॥ १३ ॥**

प्रकृत्याः सावद्या अपि खलु तथाप्यभ्युदयसाधनं ज्ञेया ।
यथा धर्मशालिकानां हिंसादि तथार्थहेतुरिति ॥ १३ ॥

(૧૩) પ્રકૃતિથી સાવદ્ય હોવા છતાં આ ધર્મો અભ્યુદય સાધનારા જાણવા. જેમકે, ધર્મી લોકોના યજ્ઞ, કુવા ખોદવા, દાનશાળાઓ ખોલવી

વગેરે હિંસા, દાન આદિ તે તે અર્થ સાધવા માટેના હોવાથી આ લોકમાં કલ્યાણ કરનારા છે. કારણકે આશય દુષ્ટ નથી.

**मोहपहाणे एए वेरग्गं पि य इमेसि पाएण ।**
**तग्गब्भं चिय नेयं मिच्छाभिनिवेसभावाओ ॥ १४ ॥**

मोहप्रधाना एते वैराग्यमपि चैषां प्रायः ।
तद्गर्भमेव ज्ञेयं मिथ्याभिनिवेशभावात् ॥ १४ ॥

(૧૪) મિથ્યાભિનિવેશના કારણે લૌકિક ધર્મીલોકોમાં મોહની પ્રધાનતા તો હોય છે અને તેથી તેઓનો વૈરાગ્ય પણ પ્રાયઃ મોહગર્ભિત હોય છે.

**अन्नेसि तत्तचिंता देसाणाभोगओ य अन्नेसि ।**
**दीसंति य जइणो वित्थ केइ संमुच्छिमप्पाया ॥ १५ ॥**

अन्येषां तत्त्वचिन्ता देशानाभोगतश्चान्येषाम् ।
दृश्यन्ते च यतयोप्यत्र केचित्संमूर्छिमप्रायाः ॥ १५ ॥

(૧૫) કેટલાકની તત્વવિચારણા મિથ્યાભિનિવેશ પૂર્વકની છે. કેટલાકની તત્વવિચારણા આંશિક અજ્ઞાનતા પૂર્વકની છે. અને આ તત્વવિચારણાના વિષયમાં કેટલાક સાધુઓ પણ સંમૂર્ચ્છિમ જેવા દેખાય છે.

**अन्ने उ लोगधम्मा पहुया देसाइभेयओ हुंत्ति ।**
**वारिज्जसोयसूयगविसया आयारभेएण ॥ १६ ॥**

अन्ये तु लोकधर्मा प्रभूता देशादिभेदतो भवन्ति ।
विवाहशौचसूतकविषया आचारभेदेन ॥ १६ ॥

(૧૬) દેશ-જાતિ વગેરેને આશ્રયી, શોક, લગ્ન અથવા શૌચ અને સૂતક વિષયક આચારભેદથી બીજા પણ ઘણાં લૌકીક ધર્મો છે.

**कुलधम्माउ अपेया सुरेह १ केसिंचि पाणगाण पि ।**
**इत्थियणमुज्झियव्वा तेणाणज्जविह इमा मेरा ॥ १७ ॥**

कुलधर्मादपेया सुरेह केषांचिश्चाण्डालानामपि ।
स्त्रीजनो वर्जनीयः स्तेनानामद्यापीहेमा मर्यादा ॥ १७ ॥

(૧૭) કેટલાક ચાંડાળોને પણ કુલધર્મથી - કુલ મર્યાદાથી અહીં દારૂપાનનો નિષેધ છે. અહીં સ્ત્રીઓને છોડી દેવી, હાથ લગાડવો નહિ એવી આજે પણ ચોરોને આ મર્યાદા છે. અર્થાત્ સ્ત્રીઓને લૂંટવી નહિ, બળાત્કાર કરવો નહિ.

**गणगुट्ठिघडापेडगजल्लाईणं च जे इहायारा ।**
**पाणापडिसेहाई ते तह धम्मा मुणेयव्वा ॥ १८ ॥**

गणगोष्ठीघटापेटकजल्लादीनां च ये इहाचाराः ।
पानाप्रतिषेधादयस्ते तथा धर्मा मन्तव्याः ॥ १८ ॥

(૧૮) ગણ = કુસ્તીબાજોનો સમુદાય, ગોષ્ટિ = સમાનવયવાળા યુવાનોની મંડળી, ઘડા = અનેક પરિવારોનો સમુદાય, પેટક = નાટક ભજવવાવાળા નટાદિ મંડળીનો સમુદાય, જલ્લ દોરડાથી અથવા શરીરે દોરડા બાંધી અથવા દોરડા પર ખેલનાર વગેરેમાં અહીં દારૂપાનસેવન વગેરે જે આચારો છે તે તેઓના તથા પ્રકારના ધર્મો જાણવા.

---

१ सुरा हि ।

**सव्वे वि वेयधम्मा निस्सेयससाहगा न नियमेण ।**
**आसयभेएणऽन्ने परंपराए तयत्थं ति ॥ १९ ॥**

सर्वेऽपि वेदधर्मा निःश्रेयससाधका न नियमेन ।
आशयभेदेनान्ये परंपरया तदर्थमिति ॥ १९ ॥

(૧૯) સર્વે પણ વૈદિક ધર્મો મિથ્યાભિનિવેશના પોષક હોવાથી નિયમથી મોક્ષના સાધક નથી. આશય ભેદથી પરંપરાએ તે ધર્મો મોક્ષના સાધક છે. એવું કેટલાક આચાર્યો કહે છે.

**विसयसरूवऽणुबंधेण होइ सुद्धो तिहा इहं धम्मो ।**
**जं ता मुक्खासयओ सव्वो किल सुंदरो नेओ ॥ २० ॥**

विषयस्वरूपानुबन्धेन भवति शुद्धस्त्रिधेह धर्मः ।
यत्तावन्मोक्षाशयतः सर्वः किल सुंदरो ज्ञेयः ॥ २० ॥

(૨૦) વિષય, સ્વરૂપ અને અનુંબંધ ૩ પ્રકારના ભેદથી અહીં શ્રી જૈન પ્રવચનમાં ધર્મ શુધ્ધ જાણવો. જે જે ધર્મ મોક્ષના આશય થી થાય છે તે સર્વ ખરેખર સુંદર જાણવો.

# ચોથી વિંશિકા :- ચરમ પુદ્ગલાવર્ત

**निच्छयओ पुण एसो जायइ नियमेण चरमपरियट्टे ।**
**तहभव्वत्तमलक्खयभावा अच्चंतसुद्ध त्ति ॥ १ ॥**

निश्चयतः पुनरेष जायते नियमेन चरमपरिवर्ते ।
तथाभव्यत्वमलक्षयभावादत्यन्तशुद्ध इति ॥ १ ॥

(૧) વળી નિશ્ચયથી આ શુધ્ધ ધર્મ નિયમા ચરમપુદ્ગલપરાવર્તમાં જ પ્રગટ થાય છે. કારણ કે ચરમાવર્તમાં જ તથા ભવ્યત્વના યોગે સહજમલના ક્ષયથી આ ધર્મ અત્યંત શુધ્ધ હોય છે. 'अच्चंतसुद्दु' પાઠાન્તર પ્રમાણે અંત્યંત સુંદર હોય છે.

**मुक्खासओ वि नन्नत्थ होइ गुरुभावमलपहावेण ।**
**जह गुरुवाहिविगारे न जाउ पत्थासओ सम्मं ॥ २ ॥**

मोक्षाशयोपि नान्यत्र भवति गुरुभावमलप्रभावेण ।
यथा गुरुव्याधिविकारे न जातु पथ्याशयः सम्यक् ॥ २ ॥

(૨) અતિશય સહજમલના ભાવથી મોક્ષનો આશય પણ અચરમાવર્તમાં હોતો નથી. જેમ સન્નિપાત વગેરે ભારે વ્યાધિના વિકારમાં ક્યારેય પણ પથ્યસેવનનો આશય-ભાવ હોતો નથી.

**परियट्टा उ अणंता हुंति अणाइम्मि इत्थ संसारे ।**
**तप्पुग्गलाणमेव य तहा तहा हुंति गहणाओ ॥ ३ ॥**

परिवर्तास्तु अनन्ता भवन्ति अनादावत्र संसारे ।
तत्पुद्गलानामेव च तथा तथा भवन्ति ग्रहणात् ॥ ३ ॥

(૩) આ અનાદિ સંસારમાં અનંતા પુદ્ગલ પરાવર્તો થાય છે. તે પુદ્ગલ-પરાવર્તો તે તે પ્રમાણે પુદ્ગલોના ગ્રહણથી જ થાય છે.

**तह तग्गेज्झसहावा जह पुग्गलमो हवंति नियमेण ॥**
**तह तग्गहणसहावो आया य तओ उ परियट्टा ॥ ४ ॥**

तथा तद्ग्राह्यस्वभावा यथा पुंद्गला भवन्ति नियमेन ।
तथा तद्ग्रहणस्वभाव आत्मा च ततश्च परिवर्ताः ॥ ४ ॥

(૪) વળી નિશ્ચયથી જીવ વડે ગ્રાહ્ય સ્વભાવવાળા જે પ્રમાણે પુદ્ગલો છે તે જ પ્રમાણે પુદ્ગલો ગ્રહણ કરવાના સ્વભાવવાળો સંસારી આત્મા છે. તેથી જ પુદ્ગલ પરાવર્તો થાય છે.

**एवं चरमोऽवेसो नीईए जुज्जई इहरहा उ ।**
**तत्तस्सहावखयवज्जिओ इमो किं न सव्वो वि ? ॥ ५ ॥**

एवं चरमोप्येष नीत्या युज्यते इतरथा तु ।
तत्तत्स्वभावक्षयवर्जितोयं किं न सर्वोपि ॥ ५ ॥

(૫) એ પ્રમાણે ન્યાયથી-યુક્તિથી જીવનો ચરમપુદ્ગલ પરાવર્ત યુક્ત છે. જો આ પ્રમાણે ન હોય તો જે પ્રમાણે તે તે પુદ્ગલ ગ્રહણ સ્વભાવરૂપ સહજમલના ક્ષયરૂપ ભવ્યત્વથી રહિત સિધ્ધપણાને પમાડનારો આ ચરમ પુદ્ગલપરાવર્ત છે. તે પ્રમાણે બીજા બધાંય પરાવર્તો ચરમ કેમ નહિ ? આ વાતનું સ્પસ્ટીકરણ આગળની ગાથામાં જ ગ્રન્થકાર કરે છે.

**तत्तग्गहणसहावो आयगओ इत्थ सत्थगारेहि ।**
**सहजो मलु त्ति भण्णइ, भव्वतं तक्खओ एसो ॥ ६ ॥**

तत्तद्ग्रहणस्वभाव आत्मगतोत्र शास्त्रकारैः ।
सहजो मल इति भण्यते भव्यत्वं तत्क्षय एषः ॥ ६ ॥

(૬) આત્મા માં રહેલા તે તે પુદ્ગલ ગ્રહણ કરવાના સ્વભાવ ને શાસ્ત્રાકારોએ સહજમલ કહ્યો છે. આ સહજમલનો ક્ષય તે જ આત્મગત ''ભવ્યત્વ'' છે.

**एयस्स परिक्खयओ तहा तहा हंत १ किंचि सेसम्मि ।**
**जायइ चरिमो एसु त्ति तंतजुत्ती पमाणमिह ॥ ७ ॥**

एतस्य परिक्षयतस्तथा तथा हन्त किंचिच्छेषे ।
जायते चरम एष इति तन्त्रयुक्तिः प्रमाणमिह ॥ ७ ॥

(૭) આ સહજમલનો તે તે પ્રમાણે બહુ નાશ થવાથી અને કંઈક સહજમલ બાકી રહે ત્યારે જીવનો આ ચરમપુદ્ગલ પરાવર્ત થાય છે. આ વિષયમાં શાસ્ત્રયુક્તિ પ્રમાણ છે.

**एयम्मि सहजमलभावविगमओ सुद्धधम्मसंपत्ती ।**
**हेयेतरातिभावे जं न मुणइ अन्नहिं जीवो ॥ ८ ॥**

एतस्मिन्सहजमलभावविगमतः शुद्धधर्मसंपत्तिः ।
हेयेतरादिभावान्यन्न् जानात्यन्येषु जीवः ॥ ८ ॥

(૮) આ ચરમ પુદ્ગલપરાવર્તમાં સહજમલનો નિશ્ચયથી નાશ થયે છતે શુધ્ધધર્મની પ્રાપ્તિ થાય છે. કારણ કે, અચરમાવર્તમાં જીવ હેય અને ઉપાદેય ભાવોને સમ્યગ્ જાણતો નથી. અર્થાત હેયને ઉપાદેય તરીકે જુવે છે. અને ઉપાદેયને હેય તરીકે જુવે છે.

**भमणकिरियाहियाए सत्तीए समन्निओ जहा बालो ।**
**पासइ थिरे वि हु चले भावे जा धरइ सा सत्ती ॥ ९ ॥**
भ्रमणक्रियाहितया शक्त्या समन्वितो यथा बालः ।
पश्यति स्थिरानपि खलु चलान्भावान्यावत् धरति सा शक्तिः ॥ ९ ॥

(૯) જે પ્રમાણે ફેરફુદરડીમાં ભ્રમણક્રિયાથી ઉત્પન્ન થયેલ શક્તિથી યુક્ત એવો બાળક જ્યાં સુધી તે શક્તિને ધારણ કરે છે ત્યાં સુધી સ્થિર પદાર્થો ને પણ ચાલતા જુવે છે.

**तह संसारपरिब्भमणसत्तिजुत्तो वि नियमओ चेव ।**
**हेए वि उवाएए ता पासइ जाव सा सत्ती ॥ १० ॥**
तथा संसारपरिभ्रमणशक्तियुक्तोपि नियमतश्चैव ।
हेयानप्युपादेयांस्तावत्पश्यति यावत्सा शक्तिः ॥ १० ॥

(૧૦) તે જ પ્રમાણે સંસાર પરિભ્રમણની શક્તિથી યુક્ત એવો જીવ પણ જ્યાં સુધી તે શક્તિ ધારણ કરે છે ત્યાં સુધી નિશ્ચયથી હેય પદાર્થો પણ ઉપાદેય સ્વરૂપે જુવે છે.

**जह तस्सत्तीविगमे पासइ पढमो थिरे थिरे चेव ।**
**बीओ वि उवाएए तह तव्विगमे उवाएए ॥ ११ ॥**
यथा तत्छक्तिविगमे पश्यति प्रथमः स्थिरान्स्थिरानेव ।
द्वितीयोप्युपादेयांस्तथा तद्विगम उपादेयान् ॥ ११ ॥

(૧૧) જે પ્રમાણે ભ્રમણ ક્રિયાથી પ્રાપ્ત થયેલી શક્તિનો નાશ થયે છતે બાળક સ્થિર પદાર્થોને સ્થિર જુવે છે. તે જ પ્રમાણે સંસાર પરિભ્રમણ રૂપ શક્તિનો નાશ થયે છતે જીવ ઉપાદેય પદાર્થો ને ઉપાદેય તરીકે જુવે છે.

**तस्सत्तीविगमो पुण जायइ कालेण चेव नियएण**
**तह भव्वत्ताइ तदन्नहेउकलिएण व कहिंचि ॥ १२ ॥**

तच्छक्तिविगमः पुनर्जायते कालेनैव नियतेन ।
तथाभव्यत्वादिस्तदन्यदहेतुकलितेन वा कथंचित् ॥ १२ ॥

(૧૨) વળી, સંસારભ્રમણ શક્તિનો હ્રાસ નિયત-ચરમાવર્તકાળથી થાય છે. અથવા તો કાળ સિવાયના તથા ભવિતવ્યતા, પુરુષાર્થ, સ્વભાવ, કર્મ આ ચાર કારણોથી યુક્ત એવા કાળ પરિબળથી કોઇક રીતે સંસારભ્રમણ શક્તિનો હ્રાસ થાય છે. આ રીતે તત્ત્વથી કાલને હેતુ જાણવો.

**इय पाहन्नं नेयं इत्थं कालस्स तओ तओ चेव ।**
**तस्सत्तिविगमहेऊ सा वि जओ तस्सहाव त्ति ॥ १३ ॥**

इति प्राधान्यं ज्ञेयमित्थं कालस्य ततस्तक एव ।
तच्छक्तिविगमहेतुः सापि यतस्तत्स्वभाव इति ॥ १३ ॥

(૧૩) માટે આ પ્રમાણે સંસાર પરિભ્રમણ શક્તિના નાશમાં કાલનું પ્રાધાન્ય જાણવું. તથા કાલ પ્રધાન કારણ હોવાથી જ અર્થાત કાલસહકૃત થવાથી જ તથા ભવિતવ્યતા ભવભ્રમણ શક્તિનો પણ તે કાલને પામીને નાશ કરવાના સ્વભાવવાલી છે. તે કારણથી જ તે કાલ તે સંસાર પરિભ્રમણ શક્તિ ના નાશ નો હેતુ છે. ગ્રન્થકાર આ જ વાત આગળની ગાથામાં સ્પષ્ટ કરે છે.

**कालो सहाव नियई पुव्वकयं पुरिस कारणेगंता ।**
**मिच्छत्तं; ते चैव उ समासओ हुंति सम्मत्तं ॥ १४ ॥**

कालः स्वभावो नियतिः पूर्वकृतं पुरुषः कारणैकान्तः ।
मिथ्यात्वं; त एव तु समासतो भवन्ति सम्यक्त्वम् ॥ १४ ॥

(૧૪) કાલ, સ્વભાવ, નિયતિ, પૂર્વકર્મ અને પુરૂષાર્થ આ પાંચ કારણો વડે કાર્યની નિષ્પત્તિ થાય. તેમાં કોઈ પણ એક કારણને એકાંતે માનો તો તે મિથ્યાત્વ છે. અને તે પાંચે કારણોના સમુદાયથી કાર્યની નિષ્પત્તિને સ્વીકારો તો તે સમ્યકત્વ છે.

**नायमिह मुग्गपत्ती समयपसिद्धा वि भावियव्वं त्ति ।**
**सव्वेसु विसिट्ठत्तं इयरेयरभावसाविक्खं ॥ १५ ॥**

ज्ञातमिह मुद्गपक्तिः समयप्रसिद्धाऽपि भावयितव्यमिति ।
सर्वेषु विशिष्टत्वमितरेतरभावसापेक्षम् ॥ १५ ॥

(૧૫) આ વિષયમાં શાસ્ત્ર પ્રસિધ્ધ મગ રાંધવાનું દ્રષ્ટાંત વિચારવું જોઈએ. એ પ્રમાણે સર્વે કારણોમાં વિશિષ્ટપણું પરસ્પર સાપેક્ષભાવે જાણવું. અગ્નિ, પાણી, તપેલું, સીઝવાનો કાલ અને સ્વભાવ, નિયતિ, જમનારનું ભાગ્ય તથા રાંધવાનો પુરૂષાર્થ વગેરે કારણોથી સાપેક્ષ છે.

**तह भव्वत्तक्खित्तो जह कालो तह इमं ति तेणं ति ।**
**इय अन्नुन्नाविक्खं रूवं सव्वेसि हेऊण ॥ १६ ॥**

तथा भव्यत्वाक्षिप्तो यथा कालस्तथैतदिति तैनेति ।
इत्यन्योन्यापेक्षं रूपं सर्वेषां हेतूनाम् ॥ १६ ॥

(૧૬) તથાભવ્યત્વથી ખેંચાયેલો જે પ્રમાણે કાલ છે તે જ પ્રમાણે આ તથાભવ્યત્વ પણ કાલથી આક્ષિપ્ત છે. એ પ્રમાણે અન્યોન્ય સાપેક્ષપણું સર્વ કારણોનું છે.

**न य सव्वहेउतुल्लं भव्वत्तं हंदि सव्वजीवाणं ।**
**जं तेणेवक्खित्ता तो ( नो ) तुल्ला दंसणाईया ॥ १७ ॥**

न च सर्वहेतुतुल्यं भव्यत्वं हंति सर्वजीवानाम् ।
यत्तेनैवाक्षिप्ता नो तुल्या दर्शनादिकाः ॥ १७ ॥

(૧૭) કાલાદિ હેતુઓએ કરીને બધા જીવોનું ભવ્યત્વ સમાન હોતું નથી. કારણ કે તે ભવ્યત્વથી ખેંચાયેલ દર્શનાદિ બધાયના કાલાદિએ કરીને સમાન નથી હોતા. કોઈક સમ્યકત્વાદિ પૂર્વે પામે, કોઈ પછી પામે.

**न इमो इमेसि हेउ न य णातुल्ला इमेण एयं पि ।**
**एएसि तहा हेऊ ता तहभावं इमं नेयं ॥ १८ ॥**

नाऽयमेतेषां हेतुर्न च नाऽतुल्या इमे नैतदपि ।
एतेषां तथा हेतुस्ततस्तथाभावमिदं ज्ञेयम् ॥ १८ ॥

(૧૮) અને આ કાલ પણ આ દર્શનાદિનો હેતુ નથી. કારણકે બધાય ભવ્યો સમકાલે સમ્યકત્વાદિ પામતા નથી. અને આ દર્શનાદિ પણ બધાયના કાલે કરી તુલ્ય નથી જ. અર્થાત અતુલ્ય જ છે. અને આ ભવ્યત્વ પણ બધાય જીવોનું સમાન હોતું નથી. તેથી આ ભવ્યત્વ પણ તથાભાવવાળું જાણવું અર્થાત તે તે કાલાદિ સામગ્રી પામીને જીવોના દર્શનાદિમાં હેતું બને છે.

**अचरिमपरियट्टेसुं कालो भवबालकालमो भणिओ ।**
**चरिमो उ धम्मजुव्वणकालो तह चित्तभेओ त्ति ॥ १९ ॥**

अचरमपरिवर्तेषु कालो भवबालकालो भणितः ।
चरमस्तु धर्मयौवनकालस्तथा चित्रभेद इति ॥ १९ ॥

(૧૯) અચરમાવર્ત નો કાલ સંસારીજીવનો આરાધના માટે બાલ્યકાલ કહેલો છે. અને ચરમાવર્તનો કાલ ધર્મનો યૌવનકાલ કહેલો છે. કારણ કે કાળ પણ તે તે પ્રકારે વિવિધ ભેદવાળો છે.

**एयम्मि धम्मरागो जायइ भव्वस्स तस्सभावाओ ।**
**इत्तो य कीरमाणो होइ इमो हंत सुट्ठु त्ति ॥ २० ॥**

एतस्मिन्धर्मरागो जायते भव्यस्य तत्स्वभावात् ।
इतश्च क्रियमाणो भवत्ययं हन्त सुष्ठु इति ॥ २० ॥

(૨૦) ચરમ પુદ્ગલ પરાવર્તમાં તેવા સ્વભાવથી ભવ્યજીવને ધર્મનો રાગ થાય છે અને આ ધર્મરાગથી કરાતો આ ધર્મ ખરેખર સુંદર છે. પાઠાન્તર 'सुद्ध' થી આ ધર્મ શુધ્ધ છે.

# પાંચમી બીજાદિ વિંશિકા

**बीजाइक्रमेण पुणो जायइ एसुत्थ भव्वसत्ताणं ।**
**नियमा, ण अन्नहा वि हु इट्ठफलो कप्परुक्खु व्व ॥ १ ॥**

बीजादिक्रमेण पुनर्जायते एषोत्र भव्यसत्त्वानाम् ।
नियमान्नान्यथापि खलु इष्टफलः कल्पवृक्ष इव ॥ १ ॥

(૧) આ શુધ્ધ ધર્મની પ્રાપ્તિ ભવ્યજીવોને આ ચરમ પુદ્ગલ પરાવર્તમાં નિયમા બીજાદિના ક્રમથી થાય છે. પરંતુ બીજાદિના ક્રમ સિવાય કલ્પવૃક્ષની જેમ ઈષ્ટફલ આપનાર થતી નથી.

**बीजं विमस्स णेयं दट्ठूणं एयकारिणो जीवे ।**
**बहुमाणसंगयाए सुद्धपसंसाइ करणिच्छा ॥ २ ॥**

बीजमप्यस्य ज्ञेयं दृष्ट्वैतत्कारिणो जीवान् ।
बहुमानसंगतया शुद्धप्रशंसया करणेच्छा ॥ २ ॥

(૨) આ શુધ્ધ ધર્મ કરનાર જીવોને જોઈને તેના પ્રતિ બહુમાનયુક્ત - નિર્મલ પ્રશંસા પૂર્વક ધર્મ કરવાની ઈચ્છા તેને બીજ જાણવું.

**तीए चेवऽणुबंधो अकलंको अंकुरो इहं नेओ ।**
**कट्ठं पुण विन्नेया तदुवायन्नेसणा चित्ता ॥ ३ ॥**

तस्याश्चैवानुबन्धोकलङ्कोङ्कुर इह ज्ञेयः ।
काष्ठं पुनर्विज्ञेया तदुपायान्वेषणा चित्रा ॥ ३ ॥

(૩) આ શુધ્ધ ધર્મ કરવાની ઈચ્છાનો અનુબંધ-સાતત્ય તે અહીં નિષ્કલંક અંકુરો જાણવો. તે જ ધર્મના ઉપાયોની વિવિધ પ્રકારે શોધ કરવી તે કાષ્ઠ-થડ જાણવું.

**तेसु पवित्ती य तहा चित्ता पत्ताइसरिसिगा होइ ।**
**तस्संपत्ती पुंप्फं गुरुसंजोगाइरूवंतु ॥ ४ ॥**
तेषु प्रवृत्तिश्च तथा चित्रा पत्रादिसदृशिका भवति ।
तत्संपत्तिः पुष्पं गुरुसंयोगादिरूपं तु ॥ ४ ॥

(૪) સદ્ગુરૂ વગેરે ધર્મના ઉપાયોની શોધ વિષે વિવિધ પ્રવૃત્તિ તે પાંદડાદિ સમાન જાણવી. સદ્ગુરૂનો સંયોગ, વંદન, વૈયાવચ્ચ, શુશ્રૂષા, આદિ અને સદ્ઉપદેશરૂપ ઉપાયોની પ્રાપ્તિને પુષ્પ જાણવું.

**तत्तो सुदेसणाईहिं होइ जा भावधम्मसंपत्ती ।**
**तं फलमिह विन्नेयं परमफलपसाहगं नियमा ॥ ५ ॥**
ततः सुदेशनादिभिर्भवति या भावधर्मसंपत्तिः ।
तत्फलमिह विज्ञेयं परमफलप्रसाधकं नियमात् ॥ ५ ॥

(૫) સદ્ગુરૂ નો યોગ,સુદેશનાદિ દ્વારા જે સમક્તિ રૂપ ભાવધર્મની પ્રાપ્તિ થાય છે. તેને અંહી નિશ્ચયથી પરમપદનું સાધક ફલ જાણવું.

**बीजस्स वि संपत्ती जायइ चरिमंमि चेव परियट्टे ।**
**अच्चंतसुंदरा जं एसा वि तओ न सेसेसु ॥ ६ ॥**
बीजस्यापि संपत्तिर्जायते चरम एव परिवर्ते ।
अत्यन्तसुन्दरा यदेषापि ततो न शेषेषु ॥ ६ ॥

(૬) શુધ્ધ ધર્મના બીજની પણ પ્રાપ્તિ જીવને ચરમપુદ્ગલપરાવર્તમાં જ થાય છે. જે કારણથી આ બીજની પ્રાપ્તિ પણ અત્યંત સુંદર હોય છે. તે કારણથી અચરમાવર્તમાં હોતી નથી.

**न य एयम्मि अणंतो जुज्जइ नेयस्य नाम कालु त्ति ।**
**ओसप्पिणी अणंता हुंति जओ एगपरियट्टे ॥ ७ ॥**

न चैतस्मिन्ननन्तो युज्यंते एतस्य नाम काल इति ।
अवसर्पिण्योनन्ता भवन्ति यत एकपरिवर्ते ॥ ७ ॥

(૭) આ શુધ્ધ ધર્મ ના બીજની પ્રાપ્તિ થયે છતે ખરેખર આ જીવનો સંસાર અનંતકાલ સંગત થતો નથી એવું નથી. અર્થાત્ થાય જ છે. કારણકે અનંતી ઉત્સર્પિણી - અવસર્પીણી એક પુદ્ગલપરાવર્તમાં થાય છે.

**बीजाइया य एए तहा तहा संतरेयरा नेया ।**
**तहभव्वत्तक्खित्ता एगंतसहावऽबाहाए ॥ ८ ॥**
बीजादिकाश्चैते तथा तथा सान्तरेतरा ज्ञेयाः ।
तथाभव्यत्वाक्षिप्ता एकान्तस्वभावाबाधया ॥ ८ ॥

(૮) એકાંતે ભવ્યત્વ વગેરે સ્વભાવને બાધા પંહોચાડ્યા વિના અર્થાત એકાન્ત સ્વભાવવાદથી જ નહીં પરંતુ કાલાદિ સહકૃત ભવ્યત્વ સ્વરૂપ તથાભવ્યત્વથી ખેંચાયેલા, બીજાદિ ભાવો તે તે પ્રમાણે સાન્તર અને નિરંતર જાણવા. આદિપદથી સમ્યગદર્શન - દેશવિરતિ - સર્વવિરતિ - ક્ષપકશ્રેણી વગેરે મરૂદેવીમાતાને નિરંતર જાણવા અને પ્રભુ મહાવીરના જીવને સાંતર જાણવા.

**तहभव्वतं जं कालनियइपुव्वकयपुरिसकिरियाओ ।**
**अक्खिवइ तहसहावं ता तदधीणं तयं पि भवे ॥ ९ ॥**
तथाभव्यत्वं यत्कालनियतिपूर्वकृतपुरुषक्रियाः ।
आक्षिपति तथास्वभावं ततस्तदधीनं तदपि भवेत् ॥ ९ ॥

(૯) જે કારણથી તથા સ્વભાવવાળું તથા ભવ્યત્વ કાલ-નિયતિ-પૂર્વકર્મ અને પુરૂષાર્થને ખેંચી લાવે છે, તે કારણથી તથાભવ્યત્વ પણ કાલ, નિયતિ, કર્મ અને પુરૂષાર્થ ને આધીન હોવું જોઈએ.

**एवं जैणेव जहा होयव्वं तं तहेव होइ त्ति ।**
**न य दिव्वपुरिसगारा वि हंदि एवं विरुज्झंति ॥ १० ॥**

एवं येनैव यथा भवितव्यं तत्तथैव भवतीति ।
न च दैवपुरुषकारावपि हन्तैवं विरुध्येते ॥ १० ॥

(૧૦) એ પ્રમાણે જે કાર્યો જે પ્રકારે થવાના હોય તે પ્રમાણે થાય છે. માટે દિવ્ય-ભાગ્ય અને પુરૂષાર્થને કારણ માનવામાં પણ કોઈ જાતનો વિરોધ આવતો નથી.

**जो दिव्वेणक्खित्तो तहा तहा हंत पुरिसगारु त्ति ।**
**तत्तो फलमुभयजमवि भण्णइ खलु पुरिसगाराओ ॥ ११ ॥**

यो दैवेनाक्षिप्तस्तथा तथा हन्त पुरुषकार इति ।
ततो फलमुभयजमपि भण्यते खलु पुरुषकारात् ॥ ११ ॥

(૧૧) જે કારણથી કર્મથી - ભાગ્યથી ખેંચાયેલો તેવા-તેવા પ્રકારનો પુરૂષાર્થ હોય છે. તે કારણથી કાર્યની નિષ્પત્તિ ખરેખર ભાગ્ય-પુરૂષાર્થ ઉભયથી થવા છતાં પુરૂષાર્થ પ્રધાન હોય ત્યારે વ્યવહારમાં પુરૂષાર્થથી થઈ એવું કહેવાય છે.

**एएण मीसपरिणामिए उ जं तम्मि तं च दुगजण्णं ।**
**दिव्वाउ नवरि भण्णइ, निच्छयओ उभयजं सव्वं ॥ १२ ॥**

एतेन मिश्रपरिणामिके तु यत्तस्मिंस्तच्च द्विकजन्यम् ।
दैवात्केवलं भण्यते निश्चयत उभयजं सर्वम् ॥ १२ ॥

(૧૨) એનાથી એ નક્કી થયું કે ભાગ્ય અને પુરૂષાર્થ તે બંને મિશ્રપણે પરિણામ પામ્યે છતે જે કાર્ય થાય છે તે ઉભયજન્ય હોય છે. છતાં જ્યાં ભાગ્યની પ્રધાનતા હોય ત્યાં વ્યવહારથી માત્ર તે ભાગ્યથી થયું કહેવાય છે. પરંતુ નિશ્ચયથી બધું ય કાર્ય ઉભય જન્ય જ હોય છે.

**इहराऽणक्खित्तो सो होइ त्ति अहेउओ निओएण ।**
**इत्तो तदपरिणामो किंचि तम्मत्तजं न तया ॥ १३ ॥**

इतरथानाक्षिप्तः स भवतीति अहेतुको नियोगेन ।
इतस्तदपरिणामः किंचित्तन्मात्रजं न तदा ॥ १३ ॥

(૧૩) અન્યથા-ભાગ્યથી ખેંચાયા વિનાનો જ જો તે પુરૂષાર્થ હોય તો તે પુરૂષાર્થ નિયમા ર્નિહેતુક થયો કહેવાય. અને આવા પુરૂષાર્થથી જે કાર્ય થાય તે ભાગ્યના પરિણામ વિનાનું જ થયું કહેવાય. પરંતુ આવું બનતું નથી, કારણ કે માત્ર પુરૂષાર્થથી કશું ય થતું નથી. પરંતુ ઉપર કહ્યા પ્રમાણે ભાગ્ય અને પુરૂષાર્થના મિશ્ર પરિણામવાલું કાર્ય હોય છે.

**पुव्वकयं कम्मं चिय चित्तविवागमिह भन्नई दिव्वो ।**
**कालाइएहिं तप्पायणं तु तह पुरिसगारु त्ति ॥ १४ ॥**

पूर्वकृतं कर्मैव चित्रविपाकमिह भण्यते दैवम् ।
कालादिकैस्तत्पाचनं तु तथा पुरुषकार इति ॥ १४ ॥

(૧૪) પૂર્વે કરેલ વિવિધ વિપાકોવાળું કાર્ય અહીં ભાગ્ય કહેવાય છે. કાલાદિ વડે જે પ્રમાણે પૂર્વ કાર્યનો વિપાક થાય છે તે પ્રમાણે પુરૂષાર્થ થાય છે.

**इय समयनीइजोगा इयरेयरसंगया उ जुज्जंति ।**
**इह दिव्वपुरिसगारा पहाणगुणभावओ दोवि ॥ १५ ॥**

इति समयनीतियोगादितरेतरसंगतौ तु युज्येते ।
इह दैवपुरुषकारौ प्रधानगौणभावतो द्वावपि ॥ १५ ॥

(૧૫) આ પ્રમાણે આ બીજાદિની પ્રાપ્તિમાં અથવા કોઇ પણ કાર્યમાં શાસ્ત્ર અને વ્યવહારની યુક્તિથી પ્રધાન-ગૌણ ભાવથી ભાગ્ય અને પુરૂષાર્થ બંને પણ પરસ્પર સંકળાયેલા ઘટે છે.

**ता बीजपुव्वकालो नेओ भवबालकाल एवेह ।**
**इयरो उ धम्मजुव्वणकालो विह लिंगगम्मु त्ति ॥ १६ ॥**

ततो बीजपूर्वकालो ज्ञेयो भवबालकाल एवेह ।
इतरस्तु धर्मयौवनकालोपीह लिङगगम्य इति ॥ १६ ॥

(१६) તેથી બીજ પ્રાપ્તિ ની પૂર્વનો કાલ સંસારી જીવનો ભવ બાલ્યકાળ જ જાણવો. બીજ પ્રાપ્તિ પછીનો ઉત્તરકાળ ચરમપુદ્ગલ પરાવર્તનો કાળ સંસારી જીવનો ધર્મ યૌવનકાળ જાણવો. કારણકે તે વિધિના પક્ષપાત વગેરે લિંગથી જણાય છે.

**पढमे इह पाहन्नं कालस्सियरम्मि चित्तजोगाणं**
**वाहिस्सुदयचिकिच्छासमयसमं होइ नायव्वं ॥ १७ ॥**

प्रथमे इह प्राधान्यं कालस्येतरस्मिश्चित्रयोगानाम् ।
व्याधेरुदयचिकित्सासमयसमं भवति ज्ञातव्यम् ॥ १७ ॥

(१७) સંસારી જીવના બાલ્યકાળમાં કાળનું પ્રાધાન્ય જાણવું. અને ધર્મયૌવન કાળમાં ધર્મના વિવિધ શુભ વ્યાપારોનું પ્રાધાન્ય જાણવું. તેથી જેમ નવા તાવનો ઉદય થયે છતે તે ચિકિત્સાનો સમય નથી તે જ પ્રમાણે બીજાદિ પ્રાપ્તિ પૂર્વેના બાલ્યકાળમાં ધર્મરૂપી ઔષધનો સમય નથી. બીજાદિ પ્રાપ્તિનો ઉત્તરકાલ ધર્મ યૌવન કાળ એ જીવનો ધર્મૌષધ માટે યોગ્ય જાણવો.

**बालस्स धूलिगेहातिरमणकिरिया जहा धरा भाइ ।**
**भवबालस्स वि तस्सत्तिजोगओ तह असक्किरिया ॥ १८ ॥**

बालस्य धूलिगेहादिरमणक्रिया यथा परा भाति ।
भवबालस्यापि तच्छक्तियोगात् तथाऽसत्क्रिया ॥ १८ ॥

(१८) જેમ બાળકને વરસાદમાં ધૂળના ઘર બનાવવાની રમતક્રિયા અત્યંત

ગમે છે. તેમ જ આ દીર્ઘ સંસારી બાળજીવને પણ તે સંસાર-ભ્રમણની શક્તિના યોગથી અસત્ક્રિયા અત્યંત ગમે છે.

**जुव्वणजुत्तस्स उ भोगरागओ सा न किंचि जह चेव ।**
**एमेव धम्मरागाऽसक्किरिया धम्मजूणो वि ॥ १९ ॥**

यौवनयुक्तस्य तु भोगरागात् सा न किंचिद् यथैव ।
एवमेव धर्मरागादसत्क्रिया धर्मयूनोऽपि ॥ १९ ॥

(૧૯) યૌવનથી યુક્ત યુવાનને ભોગના રાગથી પૂર્વના ધૂલિઘરાદિની ક્રિયાઓ જે બાલ્યકાળમાં શ્રેષ્ઠ લાગતી હતી તેની કશી કિંમત લાગતી નથી. તે જ પ્રમાણે ધર્મના રાગથી સંસારની અસત્ક્રિયાઓ ધર્મ યૌવને કરી યુવાન જીવ ને જરા પણ આકર્ષક લાગતી નથી. પરંતુ એ ક્રિયાઓથી તે લજ્જાય છે.

**इय बीजाइक्कमेणं जायइ जीवाण सुद्धधम्मु त्ति ।**
**जह चंदनस्स गंधो तह एसो तत्तओ चेव ॥ २० ॥**

एवं बीजादिक्रमेण जायते जीवानां शुद्धधर्म इति ।
यथा चन्दनस्य गन्धस्तथैष तत्त्वत एव ॥ २० ॥

(૨૦) એ પ્રમાણે જીવોને બીજાદિના ક્રમથી શુધ્ધ ધર્મની પ્રાપ્તિ થાય છે. જેમ ચંદનની ગંધ ચંદનનો સ્વભાવ છે તેમ નિશ્ચયથી આ શુધ્ધ-ધર્મ આત્માનો સ્વભાવ જ છે.

# છઠ્ઠી :- સધ્ધર્મ વિંશિકા

**एसो पुण सम्मत्तं सुहायपरिणामरूवमेवं च ।**
**अप्पुव्वकरणसज्झं चरमुक्कोसट्ठिईखवणे ॥ १ ॥**

एष पुनः सम्यकत्वं शुभात्मपरिणामरूपमेवं च ।
अपूर्वकरणसाध्यं चरमोत्कृष्टस्थितिक्षपणे ॥ १ ॥

(૧) આ પ્રમાણે - બીજાદિના ક્રમથી ચરમાવર્તમાં ચરમયથાપ્રવૃતકરણ દ્વારા છેલ્લીવાર કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિનો ક્ષય થયે છતે અપૂર્વકરણથી સાધ્ય આ શુધ્ધ ધર્મ જ આત્માના શુભ પરિણામરૂપ સમ્યકત્વ છે.

**कम्माणि अट्ठ नाणावरणिज्जाईणि हुंति जीवस्स ।**
**तेसिं च ठिई भणिया उक्कोसेणेइ समयम्मि ॥ २ ॥**

कर्माण्यष्ट ज्ञानावरणीयादीनि भवन्ति जीवस्य ।
तेषां च स्थितिर्भणिता उत्कृष्टेनेह समये ॥ २ ॥

(૨) જીવને જ્ઞાનવરણી યાદિ આઠ કર્મો હોય છે અને અહીં જૈન શાસ્ત્રમાં તેઓની ઉત્કૃષ્ટથી નીચે પ્રમાણે સ્થિતિ કહેલી છે.

**आइल्लाणं तिण्हं चरिमस्स य तीसकोडकोडीओ ।**
**होइ ठिई उक्कोसा अयराणं सतिकडा चेव ॥ ३ ॥**

आदिमानां त्रयाणां चरमस्य च त्रिंशत्कोट्यकोट्यः ।
भवति स्थितिरुत्कृष्टातराणां सकृत्कृता चैव ॥ ३ ॥

(૩) ઉત્કૃષ્ટથી જીવ વડે એક વાર કરાયેલી સ્થિતિ પ્રથમના ત્રણજ્ઞાનવરણીય, દર્શનાવરણીય અને વેદનીય તથા છેલ્લા અંતરાય કર્મની ત્રીસ કોડા કોડી સાગરોપમ પ્રમાણ હોય છે.

**सयरिं तु चउत्थस्सा वीसं तह छट्ठसत्तमाणं च ।**
**तित्तीस सागराइं पंचमगस्सावि विन्नेया ॥ ४ ॥**
सप्ततिस्तु चतुर्थस्य विंशतिस्तथा षष्ठसप्तमयोश्च ।
त्रयस्त्रिंशत्सागराणि पवंचमकस्यापि विज्ञेया ॥ ४ ॥

(૪) ચોથા મોહનીય કર્મની ૭૦ કોડાકોડી સાગરોપમ, ૬ઠ્ઠા અને સાતમા નામ અને ગોત્રકર્મની ૨૦ કોડાકોડી સાગરોપમ અને પાંચમા.આયુષ્ય કર્મની ૩૩ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી.

**अट्ठण्हं पयडीणं उक्कोसठिईए वट्टमाणो उ ।**
**जीवो न लहइ एयं जेण किलिट्ठासओ भावो ॥ ५ ॥**
अष्टानां प्रकृतीनां उत्कृष्टस्थितौ वर्तमानस्तु ।
जीवो न लभत एतद् येन क्लिष्टाशयो भावः ॥ ५ ॥

(૫) જે કારણથી આઠે પ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિમાં રહેલો જીવ સંકિલષ્ટ અધ્યવસાયવાળો હોય છે. તે કારણથી આ સમ્યકત્વને પામતો નથી.

**सत्तण्हं पयडीणं अब्भिंतरओ उ कोडकोडीए ।**
**पाउणइ नवरमेयं अपुव्वकरणेण कोई तु ॥ ६ ॥**
सप्तानां प्रकृतीनामभ्यन्तरतस्तु कोटीकोट्याः ।
प्राप्नोति केवलमेतद् अपूर्वकरणेन कोऽपि तु ॥ ६ ॥

(૬) આયુષ્ય કર્મને છોડીને સાતકર્મ પ્રકૃતિની સ્થિતિ ૧ કોડાકોડી સાગરોપમ થી ઓછી થયે છતે કોઈક જીવ અપૂર્વકરણ વડે આ સમ્યકત્વ પામે છે.

**करणं अहापवत्तं अपुव्वमणियट्टिमेव भव्वाणं ।**
**इयरेसिं पढमं चिय भण्णइ करणं ति परिणामो ॥ ७ ॥**

करणं यथाप्रवृत्तं अपूर्वमनिवृत्तिरेव भव्यानाम् ।
इतरेषां प्रथममेव भण्यते करणमिति परिणामः ॥ ७ ॥

(૭) ભવ્ય જીવોને જ યથાપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ હોય છે. અભવ્યને માત્ર પહેલું યથાપ્રવૃત્તકરણ જ હોય છે. આત્મપરિણામ એ કરણ કહેવાય છે.

**जा गंठी ता पढमं, गंठिं समइच्छओ भवे बीयं ।**
**अणियट्टीकरणं पुण सम्मत्तपुरक्खडे जीवे ॥ ८ ॥**

यावद्ग्रन्थिस्तावत् प्रथमं, ग्रन्थिं समतिक्रामतो भवेद् द्वितीयम् ।
अनिवृत्तिकरणं पुनः सम्यक्त्वपुरस्कृते जीवे ॥ ८ ॥

(૮) જ્યાં સુધી જીવ ગ્રંથિદેશે આવે ત્યાં સુધી તેને પ્રથમ યથાપ્રવૃત્તકરણ, ગ્રંથિને ઉલ્લંઘે તેને બીજુ અપૂર્વકરણ અને સમ્યકત્વની અભિમુખ હોય તેને અનિવૃત્તિકરણ હોય છે.

**इत्थ य परिणामो खलु जीवस्स सुहो य होइ विन्नेओ ।**
**किं मलकलंकमुक्कं कणगं भुवि सामलं होइ ? ॥ ९ ॥**

अत्र च परिणामः खलु जीवस्य शुभश्च भवति विज्ञेयः ।
किं मलकलंकमुक्तं कनकं भुवि श्यामलं भवति ? ॥ ९ ॥

(૯) અને અહિં સમ્યકત્વમાં રહેલ જીવનો પરિણામ શુભ જાણવો. શું મલના કલંકથી મુક્ત એવું સુવર્ણ જગતમાં ઝાંખુ હોઈ શકે? અર્થાત ન જ હોય.

पयई य वं कम्माणं वियाणिउं वा विवागमसुहं ति ।
अवरद्धे वि न कुप्पइ उवसमओ सव्वकालं पि ॥ १० ॥
प्रकृतिश्च वा कर्मणां वा विपाकमशुभमिति ।
अपराद्धेऽपि न कुप्यति उपशमात्सर्वकालमपि ॥ १० ॥

(૧૦) સ્વભાવથી જ અથવા 'કર્મનો વિપાક-પરિણામ અશુભ છે.' એ પ્રમાણે જાણીને જીવ સર્વકાળ ઉપશમભાવથી અપરાધીને વિષે પણ ગુસ્સો કરતો નથી.

नरविबुहेसरसुक्खं दुक्खं चिय भावओ उ मन्नंतो ।
संवेगओ न मुक्खं मुत्तूणं किंपि पत्थेइ ॥ ११ ॥
नरविबुधेश्वरसौख्यं दुःखमेव भावतस्तु मन्यमान : ।
संवेगतो न मोक्षं मुकत्वा किमपि प्रार्थयते ॥ ११ ॥

(૧૧) ચક્રવર્તી અને ઈન્દ્રના સુખને પણ નિશ્ચયથી દુઃખ જ માનતો એવો જીવ મોક્ષને છોડીને બીજા કોઈ પણ સુખની અભિલાષા સંવેગના લીધે ન કરે.

नारयतिरियनरामरभवेषु निव्वेयओ वसइ दुक्खं ।
अकयपरलोयमग्गो ममत्तविसवेगरहिओ वि ॥ १२ ॥
नारकतिर्यङ्नरामरभवेषु निर्वेदाद्वसति दुःखम् ।
अकृतपरलोकमार्गो ममत्वविषवेगरहितोऽपि ॥ १२ ॥

(૧૨) મમત્વ રૂપી વિષના આવેગ વિનાનો હોવા છતાં પણ, અવિરતિના લીધે આવતા ભવમાં મોક્ષમાર્ગ ને સધ્ધર નહિ કર્યાનો પશ્ચાતાપ-વાલો જીવ નિર્વેદથી નારક, તિર્યચ, મનુષ્ય અને દેવના ભવોને વિષે દુઃખ પૂર્વક રહે છે.

**दट्ठूण पाणिनिवहं भीमे भवसागरम्मि दुक्खत्तं ।**
**अविसेसओऽणुकंपं दुहा वि सामत्थओ कुणइ ॥ १३ ॥**

दृष्ट्वा प्राणिनिवहं भीमे भवसागरे दुःखार्तम् ।
अविशेषतोऽनुकम्पां द्विधाऽपि सामर्थ्यतः करोति ॥ १३ ॥

(૧૩) ભયંકર સંસાર સમુદ્રમાં દુઃખથી પીડાતા એવા જીવ સમુદાયને જોઈને કોઈપણ જાતના ભેદભાવ વગર પોતાના સામર્થ્યથી દ્રવ્ય અને ભાવ બંનેથી તેઓની ઉપર અનુકંપા કરે છે.

**मन्नइ तमेव सच्चं नीसंकं जं जिणेहिं पण्णत्तं ।**
**सुहपरिणामो सच्चं कंखाइविसुत्तियारहिओ ॥ १४ ॥**

मन्यते तदेव सत्यं निःशंकं यज्जिनैः प्रज्ञप्तम् ।
शुभपरिणामः सर्वं काङ्क्षादिविस्रोतसिकारहितः ॥ १४ ॥

(૧૪) શંકા, કાંક્ષા, વિચિકિત્સા વગેરે વિસ્રોતસિકાથી રહિત શુભપરિણામવાળો જીવ "જે જિનેશ્વરો વડે કહેવાયેલું છે તે જ નિઃશંકપણે સાચું છે." એ પ્રમાણે માને છે.
નોંધ :-મૂલમાં "सच्चं कंखा०" પાઠ છે તેના સ્થાને "संका कंखा०" અથવા 'सव्वं' સંભવે છે

**एवंविहो य एसो तहा खओवसमभावओ होई ।**
**नियमेण खीणवाही नरु व्व तव्वेयणारहिओ ॥ १५ ॥**

एवंविधश्चैष तथा क्षयोपशमभावतो भवति ।
नियमेन क्षीणव्याधिर्नर इव तद्वेदनारहित : ॥ १५ ॥

(૧૫) જે પ્રમાણે ક્ષીણ વ્યાધિવાળો મનુષ્ય અવશ્ય તેની વેદનાથી રહિત હોય છે. તે જ પ્રમાણે તથા પ્રકારના ક્ષયોપક્ષમભાવથી અવશ્ય આ સમકિતી જીવ ઘાતિકર્મની તથાવિધ વેદનાથી રહિત હોય છે.

**पढमाणुदयाभावो एयस्स जओ भवे कसायाणं ।**
**ता कहमेसो एवं ? भन्नइ तव्विसयविक्खाए ॥ १६ ॥**

प्रथमानामुदयाभाव एतस्य यतो भवेत्कषायाणाम् ।
तत्कथमेष एवं ? भण्यते तद्विषयापेक्षया ॥ १६ ॥

(૧૬) શંકા :- આ સમ્યકત્વી જીવને માત્ર પ્રથમ - અનંતાનુ-બંધિ કષાયોના ઉદયનો જ અભાવ છે. શેષ કષાયોનો ઉદય તો અબાધિત છે. છતાં આ જીવ આવા શુભપરિણામ વાલો અને ઘાતિકર્મની તથાવિધ વેદનાથી રહિતપણે કેમ ઘટે ?

સમાધાન :- તે તે અનંતાનુંબંધીના ઉદય વિષયક ક્રોધાદિના અભાવની વિવક્ષાથી શુભ પરિણામવાલો અને મોહનીયની તથાવિધ વેદનાથી રહિત જાણવો.

**निच्छय सम्मत्तं वाऽहिकिच्च सुत्तभणियनिउणरूवं तु ।**
**एवंविहो निओगो होइ इमो हंत वच्चु त्ति ॥ १७ ॥**

निश्चयसम्यकत्वं वाऽधिकृत्य सूत्रभणितनिपुणरूपं तु ।
एवंविधो नियोगो भवत्ययं हन्त वाच्य इति ॥ १७ ॥

(૧૭) અથવા સાતમા ગુણસ્થાનકના નિશ્ચય સમ્યકત્વને આશ્રયીને શાસ્ત્રમાં કહેલ આવું સુંદર સ્વરૂપ છે. કારણ કે આ પ્રકારના શુભ પરિણામ વાળો જીવ જ સમક્તિી શબ્દનો વાચ્ય-પદાર્થ છે.

**पच्छाणुपुव्विओ पुण गुणाणमेएसि होइ लाहकमो ।**
**पाहन्नओ उ एवं विन्नेओ सिं उवन्नासो ॥ १८ ॥**

पश्चानुपूर्व्या पुनर्गुणानामेतेषां भवति लाभक्रमः ।
प्राधान्यतस्त्वेवं विज्ञेय एषामुपन्यासः ॥ १८ ॥

(૧૮) વળી પશ્ચાનુપૂર્વીથી આ ગુણોની પ્રાપ્તિનો ક્રમ હોય છે. પરંતુ પ્રાધાન્યપણાથી આ પ્રકારે એનો ઉપન્યાસ જાણવો.

નોંધ :- પ્રાપ્તિ ક્રમ :- આસ્તિક્ય પછી અનુકંપા, અનુકંપા પછી નિર્વેદ, પછી સંવેગ વગેરેના ક્રમથી પ્રાપ્તિ જાણવી.

પ્રાધાન્ય ક્રમ: ઉપશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય. આ સર્વમાં પ્રધાન ઉપશમ છે.

**एसो उ भावधम्मो धारेइ भवन्नवे निवडमाणं ।**
**जम्हा जीवं नियमा अन्नो उ भवंगभावेणं ॥ १९ ॥**

एष तु भावधर्मो धारयति भवार्णवे निपतन्तम् ।
यस्माज्जीवं नियमादन्यस्तु भवाङ्गभावेन ॥ १९ ॥

(૧૯) જે કારણથી સંસારરૂપી સમુદ્રમાં પડતા જીવને અવશ્ય આ સમ્યક્ત્વાદિ શુધ્ધ ધર્મ ધારી રાખે છે. તે કારણથી આ ભાવધર્મ-નિશ્ચય શુધ્ધ ધર્મ છે. આ સિવાયનો બીજો અશુધ્ધ ધર્મ સંસારનું કારણ હોવાથી ભાવધર્મ નથી. અર્થાત્ દ્રવ્યધર્મ છે.

**दाणाइया उ एयंमि चेव सुद्धा उ हुंति किरियाओ ।**
**एयाओ वि हु जम्हा मुक्खफलाओ पराओ य ॥ २० ॥**

दानादिकास्त्वैतस्मिन्नेव शुद्धास्तु भवन्ति क्रियाः ।
एता अपि खलु यस्मान्मोक्षफलाः पराश्च ॥ २० ॥

(૨૦) આ સમ્યક્ત્વ રૂપ શુધ્ધ-ધર્મ હોતે છતે જ જીવની દાનાદિ ક્રિયાઓ શુધ્ધ થાય છે. જે કારણથી આ દાનાદિ ક્રિયાઓ પણ ખરેખર મોક્ષ ફલને આપનારી છે તે કારણથી જ શ્રેષ્ઠ પણ છે.

# સાતમી દાન વિંશિકા

**दाणं च होइ तिविहं नाणाभयधम्मुवग्गहकरं च ।**
**इत्थ पढमं पसत्थं विहिणा जुग्गाण धम्मम्मि ॥ १ ॥**

दानं च भवति त्रविधं ज्ञानाभयधर्मोपग्रहकरं च ।
अत्र प्रथमं प्रशस्तं विधिना योग्यानां धर्मे ॥ १ ॥

(૧) દાન ધર્મ ત્રણ પ્રકારે છે. જ્ઞાનદાન, અભયદાન અને ધર્મને પુષ્ટ કરનાર એવું સુપાત્રદાન. આ દાનધર્મને વિષે યોગ્ય જીવોને વિધિપૂર્વક પ્રથમ જ્ઞાનદાન એ પ્રશંસનીય છે.

**सेवियगुरुकुलवासो विसुद्धवयणोऽणुमन्निओ गुरुणा ।**
**सव्वत्थ णिच्छियमइ दाया नाणस्स विन्नेओ ॥ २ ॥**

सेवतिगुरुकुलवासो विशुद्धवचनोऽनुमतो गुरुणा ।
सर्वार्थनिश्चितमतिर्दाता ज्ञानस्य विज्ञेयः ॥ २ ॥

(૨) ગુરુકુલવાસને સેવેલ, વિશુધ્ધ-કર્કશાદિ દોષથી રહિત વચનવાલો, ગુરુથી અનુમત અને સર્વ પદાર્થો ને વિષે નિશ્ચિતમતિવાળો જ્ઞાનનો દાતા જાણવો.

**सुस्सूसासंजुत्तो विन्नेओ गाहगो वि एयस्स ।**
**न सिराऽभावे खणणाउ चेव कूवे जलं होइ ॥ ३ ॥**

शुश्रूषासंयुक्तो विज्ञेयो ग्राहकोऽप्येतस्य ।
न शिराभावे खननादेव कूपे जलं भवति ॥ ३ ॥

(૩) આ જ્ઞાન-દાનનો ગ્રાહક સુશ્રુષા-તત્ત્વ સાંભળવાની ઈચ્છાવાળો

જાણવો. કારણ કે જેમ સિરા-સેર વિના ખોદવા માત્રથી કુવામાં પાણી થતું નથી. તેમ જ સુશ્રુષા ગુણ વિના શ્રવણ માત્રથી બોધ થતો નથી.

**ओहेण वि उवएसो आयरिएणं विभागसो देओ ।**
**सामाइधम्मजणओ महुरगिराए विणीयस्स ॥ ४ ॥**

ओधेनाप्युपदेश आचार्येण विभागशो देयः ।
सामादिधर्मजनको मधुरगिरा विनीतस्य ॥ ४ ॥

(૪) આચાર્યે વિનીતને મધુરવાણીથી મૈત્રી-પ્રમોદ વગેરે ધર્મને પ્રગટ કરનાર એવો સામાન્યથી પણ ઉપદેશ બાલ-મધ્યમ-પંડિત સભાના વિભાગથી આપવો જોઈએ.

**अविणीयमाणवंतो किलिस्सई भासई मुसं चेव ।**
**नाउं घंटालोहं को कडकरणे पवत्तिज्जा ? ॥ ५ ॥**

अविनीतमाज्ञायपन् क्लिश्यते भाषते मृषैव ।
ज्ञात्वा घंटालोहं कः कटकरणे प्रवर्तेत ॥ ५ ॥

(૫) અવિનિતને આજ્ઞા કરતાં ગુરૂ કલેશ પામે છે અને મૃષા બોલે છે. કારણ કે, અવિનિત તેમના વચનને કરતો નથી. ઘંટ માટેનું લોખંડ-ભંગાર લોખંડને જાણીને કોણ તેનું પતરૂં કરવાની પ્રવૃત્તિ કરે ? ન જ કરે. તેમજ ગુરૂ પણ અવિનિત ને આજ્ઞા ન કરે.

**विन्नेयमभयदाणं परमं मणवयणकायजोगेहि ।**
**जीवाणमभयकरणं सव्वेसिं सव्वहा सम्मं ॥ ६ ॥**

विज्ञेयमभयदानं परमं मनोवचनकाययोगैः ।
जीवानामभयकरणं सर्वेषां सर्वथा सम्यक् ॥ ६ ॥

(૬) મન, વચન અને કાયાના સર્વથા-કરવા, કરાવવા અને અનુમોદનથી સમ્યગ્-રાગ દ્વેષ ના પરિણામથી રહિત સમભાવે બધાય જીવોને વિષે અભયનું કરવું તે અભયદાન શ્રેષ્ઠ જાણવું.

**उत्तममेयं जम्हा तम्हा णाणुत्तमो तरइ दाउं ।**
**अणुपालिउं व, दिन्नं पि हंति समभावदारिद्दे ॥ ७ ॥**

उत्तममेतद्यस्मात्तस्मान्नानुत्तमः शक्नोति दातुम् ।
अनुपालयितुं वा दत्तमपि हन्ति समभावदारिद्र्ये ॥ ७ ॥

(૭) જે કારણથી આ અભયદાન ઉત્તમ છે, તે કારણથી અનુત્તમ જીવ અભયદાન આપવાને અને તેનું પાલન કરવાને સમર્થ નથી. કારણકે સમભાવનાં દરિદ્રપણામાં જીવ આપેલા તે અભયદાનનો પણ વિઘાત કરે છે. તાત્પર્ય એ કે સમભાવ વિનાનો જીવ અભયદાનનું પાલન કરી શક્તો નથી.

**जिणवयणनाणजोगेण तक्कुलठिइसमासिएण च ।**
**विन्नेयमुत्तमत्तं न अन्नहा इत्थ अहिगारे ॥ ८ ॥**

जिनवचनज्ञानयोगेन तत्कुलस्थितिसमाश्रितेन च ।
विज्ञेयमुत्तमत्वं नान्यथात्राधिकारे ॥ ८ ॥

(૮) આ અભયદાનના અધિકારમાં શ્રી જિનવચનના જ્ઞાનયોગથી અને શ્રી જિનકુલ=ગુરૂકુલવાસની મર્યાદાનો આશ્રય કરવાથી ઉત્તમપણું જાણવું-અન્યથા નહી.

**दाऊणेयं जो पुण आरंभाइसुं पवत्तए मूढो ।**
**भावदरिद्दो नियमा दूरे सो दाणधम्माणं ॥ ९ ॥**

दत्वैतद्यः पुनरारम्भादिषु प्रवर्तते मूढः ।
भावदरिद्रो नियमाद् दूरे स दानधर्माणाम् ॥ ९ ॥

(૯) અભયદાન આપીને ફરીથી પાછો જે મૂઢ-અજ્ઞાની જીવ આરંભાદિમાં પ્રવર્તે છે તે ભાવદરિદ્રી અવશ્ય દાન ધર્મથી દૂર જાણવો.

**इहपरलोगेसु भयं जेण न संजायए कयाइवि ।**
**जीवाणं तक्कारी जो सो दाया उ एयस्स ॥ १० ॥**

इहपरलोकेषु भयं येन न संजायते कदाचिदपि ।
जीवानां तत्कारी यः स दाता त्वेतस्य ॥ १० ॥

(૧૦) જેનાથી આ લોક કે પરલોકમાં ક્યારેય પણ ભય ઉત્પન્ન થતો નથી. તે અભયદાન જીવોને વિષે જે કરે છે તે જ આ અભયદાનનો દાતા છે. સર્વથા અભયદાન કરનાર ભાવ સાધુની વાત કરી. હવે શ્રાવકની વાત કરે છે.

**इय देसओ वि दाया इमस्स एयारिसो तहिं विसए ।**
**इहरा दिन्नुद्दालणपायं एयस्स दाणं ति ॥ ११ ॥**

इति देशतोऽपि दाताऽस्यैतादृशस्तस्मिन्विषये ।
इतरथा दत्तोद्दालनप्रायमेतस्य दानमिति ॥ ११ ॥

(૧૧) આ પ્રમાણે ઉપદેશક અથવા દેશ થી પણ આ અભયદાનનો દાતા તે તે જીવોને વિષે આવો જ-જિનવચનના જ્ઞાનયોગવાળો અને સમતાવાળો હોય છે. અન્યથા આ દાતાનું આપેલ અભયદાન પાછું ઝૂંટવી લેવા જેવું જાણવું.

**नाणदयाणं खंतीविरईकिरियाइ तं तओ देइ ।**
**अन्नो दरिद्दपडिसेहवयणतुल्लो भवे दाया ॥ १२ ॥**

ज्ञानदययोः क्षान्तिविरतिक्रियया तत्तको ददाति ।
अन्यो दरिद्रप्रतिषेधवचनतुल्यो भवेद्दाता ॥ १२ ॥

(૧૨) જ્ઞાન અને અભયદાનનો દાતા તે સાધુ ક્ષમા અને ચારિત્રની ક્રિયાથી તે જ્ઞાન અને અભયદાન આપે છે. ક્ષમા અને ચારિત્રની ક્રિયાથી રહિત અન્ય દાતા દરિદ્ર પ્રતિ દાનનું નિષેધક 'નહિ આપું' આવા વચન તુલ્ય છે. અર્થાત્ દાતા નહિ જેવો છે. અથવા અન્ય દાતા દાનનું-નિષેધક 'નહિં' વચન બોલનાર દરિદ્ર જેવો છે.

**एवमिहेयं पवरं सव्वेसिं चेव होइ दाणाण ।**
**इत्तो उ निओगेणं एयस्स वि ईसरो दाया ॥ १३ ॥**

एवमिहैतत्प्रवरं सर्वेषामेव भवति दानानाम् ।
इतस्तु नियोगेन एतस्यापीश्वरो दाता ॥ १३ ॥

(૧૩) આ પ્રમાણે અહીં - દાનનાં પ્રસ્તાવમાં આ અભયદાન બધાય દાનોમાં શ્રેષ્ઠ છે. આથી જ આ દાનનો પણ દાતા અવશ્ય ઐશ્વર્યસંપન્ન હોય છે.

**इय धम्मुवग्गहकर दाणं असणाइगोयरं तं च ।**
**पत्थमिव अन्नकाले य रोगिणो उत्तमं नेयं ॥ १४ ॥**

इति धर्मोपग्रहकरं दानमशनादिगोचरं तच्च ।
पथ्यमिवान्नकाले च रोगिण उत्तमं ज्ञेयम् ॥ १४ ॥

(૧૪) આ પ્રમાણે અશન-પાનાદિ વિષયક દાન ધર્મનું ઉપષ્ટંભક છે. ભોજન સમયે રોગીને માટે પથ્યની જેમ તેને ઉત્તમ જાણવું. કારણકે

ભાવરોગનું નાશક સુપાત્ર દાન છે.

**सद्धासक्कारजुयं सकमेण तहोचियम्मि कालम्मि ।**
**अन्नाणुवघाएणं वयणा एवं सुपरिसुद्धं ॥ १५ ॥**

श्रद्धासत्कारयुतं सक्रमेण तथोचिते काले ।
अन्यानुपघातेन वचनादेवं सुपरिशुद्धम् ॥ १५ ॥

(૧૫) તથા ઉચિત્ત સમયે બીજા-પોષ્યવર્ગ, યાચક વગેરેનો ઉપધાત ન થાય તે પ્રમાણે શ્રી જિનવચન અનુસાર શ્રધ્ધાથી અને સત્કારથી યુક્ત, શ્રેષ્ઠ વસ્તુના ક્રમથી પહેલા વિનંતી કરવા પૂર્વક આપવું. એ પ્રમાણે નું સુપાત્ર દાન અત્યંત શુધ્ધ જાણવું.

**गुरुणाऽणुन्नायभरो नाओवज्जियधणो य एयस्स ।**
**दाया अदुत्थपरियणवग्गो सम्मं दयालू य ॥ १६ ॥**

गुरुणाऽनुज्ञातभरो न्यायोपार्जितधनश्चैतस्य ।
दाता अदुःस्थपरिजनवर्गः सम्यग् दयालुश्च ॥ १६ ॥

(૧૬) વડીલો વડે આરોપેલ કુટુંબના ભારવાળો,ન્યાય સંપન્ન વૈભવવાળો, જેનો સંબંધી વર્ગ દુઃખી નથી એવો અને સારી રીતે દયાળુ હોય તે આ સુપાત્ર દાનનો દાતા જાણવો.

**अणुकंपादाणं पि य अणुकंपागोयरेसु सत्तेसु ।**
**जायइ धम्मोवग्गहहेऊ करुणापहाणस्स ॥ १७ ॥**

अनुकम्पादानमपि चानुकम्पागोचरेषु सत्त्वेषु ।
जायते धर्मोपग्रहहेतुः करुणाप्रधानस्य ॥ १७ ॥

(૧૭) અનુકંપાના વિષયવાળા જીવોને વિષે અનુકંપાદાન પણ કરૂણા

પ્રધાન જીવને માટે ધર્મને પુષ્ટ કરવાનું કારણ થાય છે.

**ता एयं पि पसत्थं तित्थयरेणावि भयवया गिहिणा ।**
**सयमाइन्नं दियदेवदूसदाणेण गिहिणो वि ॥ १८ ॥**

तदेतदपि प्रशस्तं तीर्थकरेणापि भगवता गृहिणा ।
स्वयमाचीर्णं द्विजदेवदूष्यदानेन गृहिणोऽपि ॥ १८ ॥

(૧૮) તેથી આ અનુકંપાદાન પણ ગૃહસ્થને પ્રશસ્ત છે. અને ગૃહસ્થ પર્યાયવાળા ભગવંત તીર્થકર વડે પણ વરસીદાન આપવા દ્વારા અને દીક્ષા પછી ગૃહસ્થબ્રાહ્મણને દેવદૂષ્યના દાન વડે સ્વયં આચરેલું છે.

**धम्मस्साइपयमिणं जम्हा सीलं इमस्स पज्जंते ।**
**तव्विरयस्सावि जओ नियमा सनिवेयणा गुरुणो ॥ १९ ॥**

धर्मस्यादिपदमिदं यस्माच्छीलमस्य पर्यन्ते ।
तद्विरतस्यापि यतो नियमात्स्वनिवेदनाद् गुरोः ॥ १९ ॥

(૧૯) આ દાન ધર્મનો પ્રથમ પાયો છે.તે કારણથી શીલ ધર્મનો નિર્દેશ આ દાન ધર્મ પછી છે. તે કારણથી તે દ્રવ્ય દાનથી વિરત સાધુને પણ અવશ્ય જાતે જ ગોચરી-પાણી વગેરે લાવીને ગુરૂને અર્પણ કરવાના છે.

**तम्हा सत्तऽणुरूवं अणुकंपासंगएण भव्वेणं ।**
**अणुचिट्ठियव्वमेयं इत्तो च्चिय सेसगुणसिद्धी ॥ २० ॥**

तस्माच्छक्त्यनुरूपमनुकम्पासंगतेन भव्येन ।
अनुष्ठातव्यमेतदित एव शेषगुणसिद्धिः ॥ २० ॥

(૨૦) તેથી અનુકંપાથી યુક્ત એવા ભવ્ય જીવે યથા શક્તિ દાન કરવું. આ દાનથી જ શેષગુણોની પ્રાપ્તિ થાય છે.

# આઠમી પૂજા વિંશિકા

**पूया देवस्स दुहा विन्नेया दव्वभावभेएणं ।**
**इयरेयरजुत्ता वि हु तत्तेण पहाणगुणभावा ॥ १ ॥**

पूजा देवस्य द्विधा विज्ञेया द्रव्यभावभेदेन ।
इतरेतरयुक्तापि खलु तत्त्वेन प्रधानगौणभावा ॥ १ ॥

(૧) નિશ્ચયથી પરસ્પર સંકળાયેલી હોવા છતાં પણ પ્રધાન-ગૌણ ભાવથી ભગવાનની પૂજા દ્રવ્ય અને ભાવના ભેદથી ૨ પ્રકારે છે. શ્રાવક ચૈત્યવંદનાદિ કરે તે ભાવપૂજા અને સાધુ અરિહંતચેઈઆણં દ્વારા દ્રવ્યપૂજાની અનુમોદના કરે. આમ, સાધુ ને ભાવપૂજા પ્રધાન છે, દ્રવ્યપૂજા ગૌણ છે. અને શ્રાવકને દ્રવ્યપૂજા પ્રધાન છે અને ભાવપૂજા ગૌણ છે.

**पढमा गिहिणो सा वि य तहा तहा भावभेयओ तिविहा ।**
**कायवयमणविसुद्धी सम्भूओगरणपरिभेया ॥ २ ॥**

प्रथमा गृहिणः सापि च तथा तथा भावभेदतस्त्रिविधा ।
कायवचोमनोविशुद्धिः संभूतोपकरणपरिभेदा ॥ २ ॥

(૨) પ્રથમ દ્રવ્યપૂજા ગૃહસ્થને હોય છે. અને તે દ્રવ્યપૂજા પણ એકત્રિત અથવા સંભવિત પૂજાના બધાય ઉપકરણના ભેદવાલી તથા ભાવના ભેદથી મન-વચન-કાયાની વિશુધ્ધિથી યુક્ત ત્રણ પ્રકારની છે.

**सव्वगुणाहिगविसया नियमुत्तमवत्थुदाणपरिओसा ।**
**कायकिरियापहाणा समंतभद्दा पढमपूया ॥ ३ ॥**

सर्वगुणाधिकविषया नियमोत्तमवस्तुदानपरितोषा ।
कायक्रियाप्रधाना समन्तभद्रा प्रथमपूजा ॥ ३ ॥

(૩) સર્વગુણાધિક દેવાધિદેવના વિષયવાળી, પોતાની ઉત્તમ બરાસ, ચંદન, કેસર, ધૂપ વગેરે વસ્તુના નિયમીત દાનથી ઉત્પન્ન સંતોષવાળી અને કાયિક ક્રિયાની પ્રધાનતાવાળી સમંતભદ્રા નામની પ્રથમપૂજા છે.

**बीया उ सव्वमंगलनामा वायकिरियापहाणेसा ।**
**पुव्वुत्तविसयवत्थुसु ओचित्ताणयणभेएण ॥ ४ ॥**
द्वितीया तु सर्वमङ्गलनामा वाक्क्रियाप्रधानैषा ।
पूर्वोक्तविषयवस्तुषु औचित्यानयनभेदेन ॥ ४ ॥

(૪) વચનક્રિયાના પ્રધાન યોગવાળી પૂર્વે કહેલા વિષયના અને વસ્તુને વિષે ઔચિત્યપૂર્વક મંગાવવાના ભેદથી આ સર્વમંગલા નામની બીજી પૂજા છે.

**तइया परतत्तगया सव्वुत्तमवत्थुमाणसनिओगा ।**
**सुद्धमणजोगसारा विन्नेया सव्वसिद्धिफला ॥ ५ ॥**
तृतीया परतत्त्वगता सर्वोत्तमवस्तुमानसनियोगा ।
शुद्धमनोयोगसारा विज्ञेया सर्वसिद्धिफला ॥ ५ ॥

(૫) પરતત્વ-દેવાધિદેવના વિષે સર્વોત્તમ ઉત્તરકુરૂ-દેવકુરૂ ના ફળાદિ, ક્ષીર સમુદ્રના પાણી વગેરે વસ્તુના માનસ વ્યાપાર-મેળવીને ધરવાના શુભભાવવાળી, શુધ્ધ મનના વ્યાપારની પ્રધાનતાવાળી સર્વસિધ્ધિફલા નામની ત્રીજી પૂજા જાણવી.

**पढमाबंध( वंच )कजोगा सम्मद्दिट्ठिस्स होइ पढम त्ति ।**
**इयरेयरजोगेणं उत्तरगुणधारिणो नेया ॥ ६ ॥**
प्रथमाबंध(वंच)कयोगात् सम्यग्दृष्टेर्भवति प्रथमेति ।
इतरेतरयोगेण उत्तरगुणधारिणो ज्ञेया ॥ ६ ॥
**तइया तइयाबंध( वंच )कजोगेणं परमसावगस्सेवं ।**
**जोगा य समाहीहिं सा हुज्जुगकिरियफलकरणा ॥ ७ ॥**
तृतीया तृतीयाबंधववंचकयोगेन परमश्रावकस्येयम् ।
योगाश्च समाधिभिः सा खलु ऋजुकक्रियाफलकरणात् ॥ ७ ॥

(૬-૭) પ્રથમ અવંચકયોગથી-યોગાવંચકતાથી સમ્યગ્ દ્રષ્ટિને પ્રથમ સમંતભદ્રાનામની પૂજા હોય છે. તથા બીજા અવંચક યોગથી - ક્રિયાવંચકતાથી બીજી સર્વમંગલા નામની પૂજા ઉત્તરગુણધારી શ્રાવકને હોય છે.

ત્રીજા અવંચક યોગથી - ફલાવંચકતાથી ત્રીજી પૂજા સર્વસિધ્ધફલા નામની પરમ શ્રાવકને હોય છે. આ પ્રમાણે યોગાદિ અવંચકતા રૂપ સમાધિયોના યોગથી તે પૂજા સંયમની ક્રિયા રૂપ ફળને આપનારી છે. અર્થાત્ સંયમ પમાડનારી છે.

**पढमकरणभेएणं गंथासन्नस्स धम्ममित्तफला ।**
**सा२ हुज्जुगाइभावो जायइ तह नाणुबंधुत्ति ॥ ८ ॥**
प्रथमकरणभेदेन ग्रन्थ्यासन्नस्य धर्ममात्रफला ।
सा हि ऋजुकादिभावो जायते तथा नानुबन्ध इति ॥ ८ ॥

(૮) ચરમ યથાપ્રવૃત્તકરણના ભેદથી ગ્રંથિ દેશે આવેલા અપુનર્બંધક જીવને સમ્યગ્દર્શનરૂપ ધર્મ માત્ર ફલને આપનારી તે દ્રવ્યપૂજા છે. કારણ કે તે પૂજાથી કદાચિત સર્વવિરતિ, દેશવિરતિ વગેરે ભાવો થાય છે. તો પણ તે ભાવ તથા પ્રકારના અનુબંધ-

અપ્રમત્તતા,વીતરાગતા,સર્વજ્ઞતારૂપ ઉત્તરોત્તર વૃધ્ધિવાલા હોતા નથી.

**भवठिइभंगो एसो तह य महापहविसोहणो परमो ।**
**नियवीरियसमुल्लासो जायइ संपत्तबीयस्स ॥ ९ ॥**

भवस्थितिभङ्ग एष तथा च महापथविशोधनः परमः ।
निजवीर्यसमुल्लासो जायते संप्राप्तबीजस्य ॥ ९ ॥

(૯) સારી રીતે પ્રાપ્ત કરેલા બીજવાલા આત્માને પોતાના વીર્ય ઉલ્લાસથી પ્રગટ થતો આ સર્વવિરતિ વગેરેનો ભાવ ધર્મ સંસારની સ્થિતિને ભાંગનારો છે તથા મોક્ષમાર્ગનો શ્રેષ્ઠ વિશોધક થાય છે.

**संलग्गमाणसमओ धम्मट्ठाणं पि बिंति समयण्णु ।**
**अवगारिणो वि इत्थट्ठसाहणाओ य सम्मं ति ॥ १० ॥**

संलग्नःमानसमतो धर्मस्थानमपि ब्रुवन्ति समयज्ञाः ।
अपकारिणोप्यत्रार्थसाधनाच्च सम्यगिति ॥ १० ॥

(૧૦) આ સમ્યગદ્રષ્ટિનું મન સતત મોક્ષમાં સંલગ્ન હોય છે અથવા નિયમિત પૂજા કરનારનું મન પૂજામાં સંલગ્ન હોય છે. માટે આ સમ્યગદર્શનને અથવા આ પૂજાને શાસ્ત્રવેત્તાઓ ધર્મસ્થાન પણ કહે છે. તેઓનું આ વચન સમ્યગ્ છે, કારણકે આ સમકિતી અપકારીનું પણ પ્રયોજન સાધી આપે છે, પાઠાન્તર 'अगारिणोवि' થી આ પૂજા ગૃહસ્થને પણ ઈષ્ટાર્થ-મોક્ષ સાધી આપે છે.

**पंचट्ठसव्वभेओवयारजुत्ता य होइ एस त्ति ।**
**जिणचउवीसाजोगोवयारसंपत्तिरूवा य ॥ ११ ॥**

पंचाष्टसर्वभेदोपचारयुक्ता च भवति एषेति ।
जिनचतुर्विंशिकायोगोपचारसंपत्तिरूपा च ॥ ११ ॥

(૧૧) પંચપ્રકારી, અષ્ટપ્રકારી અને સર્વપ્રકારના ઉપચારથી યુક્ત આ દ્રવ્યપૂજા હોય છે. સિધ્ધિને વરેલા ચોવીશ જિનેશ્વરોના સાક્ષાત્ અયોગમાં=વિરહમાં પૂજારૂપ વિનયના ઉપચારથી તે જિનેશ્વર ભગવંતોની સંપ્રાપ્તિરૂપ આ પૂજા છે.

**सुद्धं चैव निमित्तं दव्वं भावेण सोहियव्वं ति ।**
**इय एगंतविसुद्धा जायइ एसा तहिट्ठफला ॥ १२ ॥**
शुद्धमेव निमित्तं द्रव्यं भावेन शोधयितव्यमिति ।
इत्येकान्तविशुद्धा जायते एषा तथेष्टफला ॥ १२ ॥

(૧૨) ન્યાયોપાર્જિત શુધ્ધ દ્રવ્ય તો નિમિત્તમાત્ર છે. એને નિરાશંસાદિ ભાવો વડે વિશુધ્ધ કરવું. એ પ્રમાણે એકાંતે વિશુધ્ધિવાળી આ પૂજા ઈષ્ટફલ મોક્ષફળ આપનારી થાય છે.

**सयकारियाइ एसा जायइ ठवणाइ बहुफला केइ ।**
**गुरुकारियाइ अन्ने विसिट्ठविहिकारियाए य ॥ १३ ॥**
स्वयंकारितायां एषा जायते स्थापनाया बहुफला केचित् ।
गुरुकारितायां अन्ये विशिष्टविधिकारितायाश्च ॥ १३ ॥

(૧૩) પોતે ભરાવીને પ્રતિષ્ઠા કરાવેલી પ્રતિમાની પૂજા ઘણા ફળવાળી છે. એવું કેટલાંક આચાર્ય કહે છે. માતા-પિતા વગેરે વડીલો દ્વારા ભરાવીને પ્રતિષ્ઠા કરાવેલી પ્રતિમાની પૂજા ઘણાં ફળવાળી છે. એવું કેટલાંક આચાર્ય કહે છે. અને વિશિષ્ટ વિધિ વડે કરાયેલી-ભરાવેલી પ્રતિષ્ઠિત પ્રતિમાની પૂજા ઘણાં ફળવાળી છે. એવું

કેટલાંક આચાર્ય કહે છે.

**थडिल्ले वि य एसा मणठवणाए पसत्थिगा चेव ।**
**आगासगोमयाइहिं इत्थमुल्लेवणाइ हियं ॥ १४ ॥**

स्थण्डिलेप्येषा मनः स्थापनायाः प्रशस्तिका चैव ।
आकाशगोमयादिभिरत्रोपलेपनाया हितम् ॥ १४ ॥

(૧૪) ગાયના છાણને પૃથ્વી ઉપર પડ્યા વિના ઝીલી અને રેતી આદિથી મિશ્ર કરી, ઉપલેપનાદિથી બનાવેલી પ્રતિમાની, શુધ્ધ ભૂમિમાં પણ મનથી પ્રતિષ્ઠા કરાયેલીની પૂજા પણ પ્રશસ્ત અને કલ્યાણકારી છે.

**उवयारंगा इह सोवओगसाहारणाण इट्ठफला ।**
**किंचि विसेसेण तओ सव्वे ते विभइयव्व त्ति ॥ १५ ॥**

उपचाराङ्गा इह सोपयोगसाधारणानामिष्टफला ।
किंचिद्विशेषेण ततः सर्वे ते विभाजयितव्या इति ॥ १५ ॥

(૧૫) આ પૂજાના વિષયમાં સર્વ પ્રતિમાઓ ઉપચારનું અંગ હોવાથી, સામાન્યથી બધી પ્રતિમાઓની ઉપયોગપૂર્વકની પૂજા પૂજકોને ઈષ્ટફલ આપનારી છે.

શંકા :- પ્રતિમાના ભેદથી અથવા પ્રતિષ્ઠાના ભેદથી ફલમાં કંઈક ભેદ પડવો જોઈએ ને?

સમાધાન :- આટલા માત્રથી ભેદ માનીશું તો બધી પ્રતિમાઓના ભેદથી ફલના ભેદની કલ્પના કરવી પડશે. એટલા માટે પૂજકનો ઉપયોગ અથવા ભાવ એ જ ઈષ્ટફલને આપનાર છે. બાકી પ્રતિમા તો માત્ર ઉપચારનું નિમિત્ત છે. તેથી પૂજકનો ઉપયોગ અથવા ભાવવિશેષ જ

ફળ વિશેષને આપનાર છે.

**एवं कुणमाणाणं एयां दुरियक्खओ इहं जम्मे ।**
**परलोगम्मि य गोरवभोगा परमं च निव्वाणं ॥ १६ ॥**

एवं कुर्वतामेतां दुरितक्षय इह जन्मनि ।
परलोके च गौरवभोगाः परमं च निर्वाणम् ॥ १६ ॥

(૧૬) આ પૂજા કરનારને આ જન્મમાં પાપનો ક્ષય થાય છે. અને પરલોકમાં ગૌરવાર્હ ભોગોની પ્રાપ્તિ થાય છે. અને પરંપરાએ શ્રેષ્ઠ એવા નિર્વાણની પ્રાપ્તિ થાય છે.

**इक्कं पि उदगबिंदू जह पक्खित्तं महासमुद्दम्मि ।**
**जायइअक्खयमेयं पूया वि जिणेसु विन्नेया ॥ १७ ॥**

एकमप्युदकबिन्दुर्यथा प्रक्षिप्तं महासमुद्रे ।
जायतेऽक्षयमेवं पूजापि जिनेषु विज्ञेया ॥ १७ ॥

(૧૭) એક પાણી નું બિંદુ પણ મહાસમુદ્રમાં પડેલું જેમ અક્ષયભાવને પામે છે. તે જ પ્રમાણે જિનેશ્વરોને વિષે કરાતી પૂજા પણ અક્ષયભાવવાળી જાણવી.

**अक्खयभावे भावो मिलिओ तब्भावसाहगो नियमा ।**
**न हु तंबं रसविद्धं पुणो वि तंबत्तणमुवेइ ॥ १८ ॥**

अक्षयभावे भावो मिलितस्तद्भावसाधको नियमात् ।
न हि ताम्रं रसविद्धं पुनरपि ताम्रत्वमुपैति ॥ १८ ॥

(૧૮) અક્ષયભાવવાળા ભગવાનની સાથે ભાવોનો થયેલો મેળાપ અવશ્ય અક્ષયભાવનું સાધક છે. જેમ તાંબુ સુવર્ણરસથી મિશ્રિત થયેલું કોઈ

કાલે ફરીથી તાંબાપણાને પામતું નથી પરંતુ સુવર્ણરૂપે રહે છે.

**तम्हा जिणआण पूया बुहेण सव्वायरेण कायव्वा ।**
**परमं तरंडमेसा जम्हा संसारजलहिम्मि ॥ १९ ॥**

तस्माज्जिनानां पूजा बूधेन सर्वादरेण कर्तव्या ।
परमं तरण्डमेषा यस्मात्संसारजलधौ ॥ १९ ॥

(૧૯) જે કારણથી સંસારરૂપી સમુદ્રમાં રહેલા જીવોને માટે આ પૂજા શ્રેષ્ઠ તરાપા સમાન છે તે કારણથી ડાહ્યા માણસે જિનેશ્વરોની પૂજા સંપૂર્ણ આદરથી કરવી જોઈએ.

**एवमिह दव्वपूया लेसुद्देसेण दंसिया समया ।**
**इयरा जईण पाओ जोगहिगारे तयं वुच्छं ॥ २० ॥**

एवमिह द्रव्यपूजा लेशोद्देशेन दर्शिता समयात् ।
इतरा यतीनां प्रायो योगाधिकारे तद्वक्ष्यामि ॥ २० ॥

(૨૦) આ પ્રમાણે લેશથી અર્થાત સામાન્ય કથન દ્વારા શાસ્ત્રાનુસારે આ દ્રવ્યપૂજા દર્શાવી. બીજી ભાવપૂજા પ્રાયઃ કરીને સાધુઓને હોય છે. તે ભાવપૂજા ને હું યોગના અધિકારમાં કહીશ.

# નવમી શ્રાવકધર્મ વિંશિકા

**धम्मोवग्गहदाणाइसंगओ सावगो परो होइ ।**
**भावेण सुद्धचित्तो निच्चं जिणवयणसवणरई ॥ १ ॥**

धर्मोपग्रहदानादिसंगतः श्रावकः परो भवति ।
भावेन शुद्धचित्तो नित्यं जिनवचनश्रवणरतिः ॥ १ ॥

(૧) ધર્મના ઉપષ્ટંભક દાન-શીલાદિથી યુક્ત, ભાવથી શુધ્ધ ચિત્તવાળો અને નિત્ય જિનવચન શ્રવણની રૂચિવાળો શ્રેષ્ઠ શ્રાવક હોય છે.

**मग्गणुसारी सड्ढो पन्नवणिज्जो कियापरो चेव ।**
**गुणरागी सक्कारंभसंगओ देसचारित्ती ॥ २ ॥**

मार्गानुसारी श्राद्धः प्रज्ञापनीयः क्रियापरश्चैव ।
गुणरागी शक्यारम्भसंगतो देशचारित्री ॥ २ ॥

(૨) માર્ગાનુસારી, શ્રધ્ધાવાન પ્રજ્ઞાપનીય-ધર્મમાં ક્યાંક સ્ખલતા થતી હોય તો કહેવા ધ્વારા સુધારી શકાય એવો તથા સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ આદિ ધાર્મિક ક્રિયામાં રૂચિવાળો, ગુણાનુરાગી અને શક્ય અનુષ્ઠાનના આરંભથી યુક્ત દેશવિરતિધર શ્રાવક હોય છે.

**पंच य अणुव्वयाइं गुणव्वयाइं च हुंति तिन्नेव ।**
**सिक्खावयाइं चउरो सावगधम्मो दुवालसहा ॥ ३ ॥**

पञ्च चाणुव्रतानि गुणव्रतानि च भवन्ति त्रीण्येव ।
शिक्षाव्रतानि चत्वारि श्रावकधर्मो द्वादशधा ॥ ३ ॥

(૩) પાંચ અણુવ્રતો, ત્રણ જ ગુણ વ્રતો તથા ચાર શિક્ષાવ્રતો હોય છે.

એ પ્રમાણે શ્રાવક ધર્મ ૧૨ પ્રકારનો છે.

**एसो य सुप्पसिद्धो सहाइयारेहिं इत्थ तंतम्मि ।**
**कुलसपरिणामरूवो नवरं सइ अंतरो नेओ ॥ ४ ॥**

एष च सुप्रसिद्धः सहातिचारैरत्र तन्त्रे ।
कुशलपरिणामरूपः केवलं सदाऽऽन्तरो ज्ञेयः ॥ ४ ॥

(૪) અહીં જિન પ્રવચનમાં અતિચારના જ્ઞાનપૂર્વકનો આ શ્રાવકધર્મ સુપ્રસિધ્ધ છે. વિશેષથી તે શ્રાવકધર્મ આત્માના સદા સુંદર પરિણામ સ્વરૂપે આંતરિક જાણવો.

**सम्मा पलियपुहुत्तेऽवगए कम्माण एस होइ त्ति ।**
**सो वि खलु अवगमो इह विहिगहणाईहिं होइ जहा ॥ ५ ॥**

सम्यक्पल्यपृथक्त्वेऽपगते कर्मणामेष भवतीति ।
सोपि खल्वपगम इह विधिग्रहणादिभिर्भवति तथा ॥ ५ ॥

(૫) સમ્યકત્વ પ્રાપ્ત થયા પછી કર્મોની પલ્યોપમ પૃથકત્વ- ૨ થી ૯ પલ્યોપમની સ્થિતિયોનો હ્રાસ થયે છતે પરમાર્થથી આ શ્રાવક ધર્મ પ્રગટે છે. તે કર્મોનો હ્રાસ પણ નિશ્ચયે અહીં જિનપ્રવચનમાં વિધિપૂર્વક વ્રતોના ગ્રહણ પાલન કરવાથી થાય છે.

**गुरुमूले सुयधम्मो संविग्गो इत्तरं व इयरं वा ।**
**गिण्हइ वयाइं कोइ पालइ य तहा निरइयारं ॥ ६ ॥**

गुरुमूले श्रुतधर्मः संविग्न इत्वरं वेतरं वा ।
गृह्णाति व्रतानि कोपि पालयति च तथा निरतिचारम् ॥ ६ ॥

(૬) ગુરૂ પાસે ધર્મ સાંભળીને મોક્ષનો અભિલાષી કોઈક શ્રાવક

ચાર્તુમાસ આદિ અલ્પકાલ અથવા યાવજજીવ વ્રતોને સ્વીકારે છે. અને તે પ્રમાણે તેનું નિરતિચાર પાલન કરે છે.

**एसो ठिइओ इत्थं न उ गहणादेव जायई नियमा ।**
**गहणोवरिं पि जायइ जाओ वि अवेइ कम्मुदया ॥ ७ ॥**

एष स्थितेरित्थं न तु ग्रहणादेव जायते नियमात् ।
ग्रहणोपर्यपि जायते जातोप्यपैति कर्मोदयात् ॥ ७ ॥

(૭) ઉપર કહ્યા પ્રમાણે ગ્રહણ અને પાલનરૂપ શ્રાવક ધર્મ મર્યાદા-વ્યવહારથી જાણવો. કારણકે ગ્રહણ કરવા માત્રથી જ નિયમા-અવશ્ય કુશલ=વિરતિ પરિણામરૂપ ધર્મ પ્રગટ થતો નથી. ગ્રહણ કર્યા પછી પણ પ્રગટ થાય છે. અને પ્રગટ થયેલ પણ કર્મના ઉદયથી ચાલ્યો જાય છે.

**तम्हा निच्चसईए बहुमाणेणं च अहिगयगुणंमि ।**
**पडिवक्खदुगुंछाए परिणइयालोयणेणं च ॥ ८ ॥**
**तित्थंकरभत्तीए सुसाहुजणपज्जुवासणाए य ।**
**उत्तरगुणसद्धाए इत्थ सया होइ जइयव्वं ॥ ९ ॥**

तस्मान्नित्यस्मृत्या बहुमानेन चाधिगतगुणे ।
प्रतिपक्षजुगुप्सया परिणतिकाऽऽलोचनेन च ॥ ८ ॥
तीर्थंकरभक्त्या सुसाधुजनपर्युपासनया च ।
उत्तरगुणश्रद्धयाऽत्र सदा भवति यतितव्यम् ॥ ९ ॥

(૮) (૯) સ્વીકારેલા ધર્મના પ્રગટ થયેલ પરિણામ પણ કર્મના ઉદયથી આવરાઈ જાય છે. માટે સમ્યક્ત્વ, અણુવ્રતાદિનું હંમેશા સ્મરણ (૧) , સ્વીકારેલા ધર્મને વિશે આદર-બહુમાન (૨) , તેના પ્રતિપક્ષ દોષ અર્થાત લીધેલા અણુવ્રતો વગેરેના પ્રતિપક્ષ

મિથ્યાત્વ-હિંસાદિ અવિરતિ આદિની જુગુપ્સા-તિરસ્કાર (૩), પરિણામનો વિચાર=મિથ્યાત્વ-હિંસાદિ પાપોનો પરલોકમાં કેવા ભયંકર વિપાક થાય છે. (૪), તીર્થંકરની ભક્તિ (૫), ભાવ સાધુઓની સેવા (૬), ઉત્તરગુણ શ્રધ્ધા-સમ્યકત્વ હોતે છતે અણુવ્રતોનો અભિલાષ તથા અણુવ્રતો હોતે છતે સર્વવિરતિનો અભિલાષ (૭) આ સાત બાબતોની સાથે હંમેશા આ શ્રાવક ધર્મને વિષે યત્ન કરવો જોઈએ.

**एवमसंतो वि इमो जायइ जाओ वि न पडइ कयाइ ।**
**ता इत्थं बुद्धिमया अपमाओ होइ कायव्वो ॥ १० ॥**

एवमसन्नप्ययं जायते जातोपि न पतति कदाचित् ।
तदत्र बुद्धिमताऽप्रमादो भवति कर्तव्यः ॥ १० ॥

(૧૦) આ પ્રમાણે યત્ન કરવાથી, વ્રતોને વિષે વિરતિનો પરિણામ ન હોવાં છતાં પ્રગટ થાય છે. અને પ્રગટ થયેલો ક્યારે પણ પડતો નથી. માટે આ નિત્ય સ્મરણાદિને વિષે વિદ્વાનોએ અપ્રમાદ અર્થાત ઉદ્યમ કરવો જોઈએ.

**निवसिज्ज तत्थ सड्ढो साहूणं जत्थ होइ संपाओ ।**
**चेइयघरा उ जहियं तदन्नसाहम्मिया चेव ॥ ११ ॥**

निवसेत्तत्र श्राद्धः साधूनां यत्र भवति संपातः ।
चैत्यगृहाणि च यस्मिंस्तदन्यसाधर्मिकाश्चैव ॥ ११ ॥

(૧૧) જ્યાં સાધુઓ નું આગમન થતું હોય અને જ્યાં જિનમંદીરો તથા બીજા સાધર્મિકો હોય તે નગર વગેરે સ્થાનમાં શ્રાવકે વસવું જોઈએ. હવે શ્રાવકના દિવસના કર્તવ્યો કહે છે.

**नवकारेण विबोहो अणुसरणं सावओ वयाइं मे ।**
**जोगो चिइवंदणमो पच्चक्खाणं तु विहिपुव्वं ॥ १२ ॥**

नमस्कारेण विबोधोनुस्मरणं श्रावको व्रतानि मे ।
योगश्चितिवन्दनं प्रत्याख्यानं तु विधिपूर्वम् ॥ १२ ॥

(૧૨) નવકાર સ્મરણ સાથે જાગવું, પછી ચિતંન કરે કે હું શ્રાવક છું અને મારે અણુવ્રતો વગેરે વ્રતો છે તથા જોગ-ચૈત્યવંદન અને વિધિપૂર્વક પચ્ચખાણ રૂપ ધર્મ વ્યાપાર સાધે. ઉપલક્ષણથી પ્રતિક્રમણ, સામાયિક, કાયોત્સર્ગ, સ્વાધ્યાય, જાપ વગેરે કરે.

**तह चेईहरगमणं सक्कारो वंदणं गुरुसगासे ।**
**पच्चक्खाणं सवणं जइपुच्छा उचियकरणिज्जं ॥ १३ ॥**

तथा चैत्यगृहगमनं सत्कारो वन्दनं गुरुसकाशे ।
प्रत्याख्यानं श्रवणं यतिपृच्छा उचितकरणीयम् ॥ १३ ॥

(૧૩) ત્યારબાદ પાંચ પ્રકારના અભિગમોની આરાધનાપૂર્વક સંઘના ચૈત્યમાં પ્રવેશ કરે, પુષ્પાદિ આભૂષણોથી તિર્થંકર પ્રતિમાની પૂજા કરે. વિધિપૂર્વક ચૈત્યવંદન કરે. ત્યારબાદ ગુરૂમહારાજની પાસે જઈ વંદન કરીને ઘરે અથવા પૌષધશાલામાં સ્વંય સ્વીકારેલા પચ્ચક્ખાણ ગુરૂની સાક્ષીએ કરે. આગમનો ઉપદેશ સાંભળે. ત્યારબાદ સાધુને શરીર તથા સંયમ વિશે સુખશાતા પૂછે અને બીમાર સાધુને માટે વૈદ્ય-ઔષધાદિ લાવી આપવા રૂપ ઉચિત કરણી કરે.

**अविरुद्धो ववहारो काले विहिभोयणं च संवरणं ।**
**चेइहरागमसवणं सक्कारो वंदणाई य ॥ १४ ॥**

अविरुद्धो व्यवहारः काले विधिभोजनं च संवरणम् ।
चैत्यगृहागमश्रवणं सत्कारो वन्दनादिश्च ॥ १४ ॥

(૧૪) શ્રાવક રાજ્ય-કુલ-જાતિ અને ધર્મથી અવિરૂધ્ધ-૧૫ કર્માદાનથી રહિત-અલ્પ આરંભવાળો વ્યાપાર કરે. દેહ-આરોગ્ય અનુકૂલ છતે વિધિપૂર્વક ભોજન=પ્રાયઃ એકાસણું કરે. ત્યારબાદ તિવિહારાદિનું સંભવિત પચ્ચક્ખાણ સ્વીકારે, સાંજે ઉપાશ્રયમાં ગુરુભગવંત પાસે જાય, વંદન કરે, આગમ શ્રવણ કરે અને દેરાસર જાય. પૂજા ચૈત્યવંદનાદિ કરે.

**जइविस्सामणमुचिओ जोगो नवकारचिंतणाईओ ।**
**गिहिगमणं विहिसुवणं सरणं गुरुदेवयाईणं ॥ १५ ॥**

यतिविश्रमणमुचितो योगो नमस्कारचिन्तनादिकः ।
गृहिगमनं विधिस्वपनं स्मरणं गुरुदेवतादीनाम् ॥ १५ ॥

(૧૫) (૧) પ્રતિક્રમણ પછી ભાવસાધુઓની વિશ્રામણા કરે.
(૨) પોતાની ભૂમિકા અનુસાર નવકાર આદિથી પોતે ભણેલા પ્રકરણાદિ સ્વાધ્યાયનું ચિંતન-પુનરાવર્તન રૂપ જોગ - ધર્મ વ્યાપાર કરે.
(૩) ઉપાશ્રયથી ઘરે જાય. ઘરે જાય ત્યાં આશ્રિતોને ઉપદેશ આપી. દેવ ગુરૂ અને ધર્મનું શરણ સ્વીકારી વિધિપૂર્વક સુવે.

**अब्बंभे पुण विरई मोहदुगुंछा सतत्तचिंता य ।**
**इत्थीक्लेवराणं, तव्विरएसुं च बहुमाणो ॥ १६ ॥**

अब्रह्मणि पुनर्विरतिर्मोहजुगुप्सा स्वतत्त्वचिन्ता च ।
स्त्रीकलेवराणां, तद्विरतेषु च बहुमानः ॥ १६ ॥

(૧૬) મુખ્યતયા અબ્રહ્મની વિરતિવાળો શ્રાવક હોય છે. મોહ જુગુપ્સા અર્થાત્ સ્ત્રી પરિભોગમાં કારણભૂત એવા વેદ મોહનીયની નિંદા - તિરસ્કાર અને સ્વતત્વચિંતા - 'शुद्धोहं बुद्धोहं' એ પ્રમાણે વિચારણા કરે અથવા સ્ત્રી શરીરને વિષે અશુચિનું ચિંતન કરે અને તેનાથી વિરત થયેલા જંબુસ્વામી, વ્રજસ્વામી, સુદર્શન શ્રાવક અને વર્તમાનના બ્રહ્મચારી મહાપુરૂષોને વિષે બહુમાન ધારણ કરે.

**सुत्तविउद्धस्स पुणो सुहुमपयत्थेसु चित्तविन्नासो ।**
**भवठिइनिरूवणे वा अहिगरणोवसमचित्ते वा ॥ १७ ॥**

सुप्तविबुद्धस्य पुनः सूक्ष्मपदार्थेषु चित्तविन्यासः ।
भवस्थितिनिरूपणे वा अधिकरणोपशमचित्ते वा ॥ १७ ॥

(૧૭) સૂતેલો શ્રાવક જાગે ત્યારે અથવા નિદ્રા તૂટી જાય ત્યારે નીચેના મુદ્દાઓ ઉપર ચિત્તન્યાસ-ચિંતન કરે. આત્મા, કર્મબંધ, મોક્ષ વિ. સુક્ષ્મ પદાર્થોમાં ચિત્તને જોડે અથવા ભવસ્વરૂપના નિરૂપણમાં - અનિત્ય અને અસાર એવા સંસારવાસને ધિક્કાર હો. અધિકરણ - કોઈની સાથે કલહ થયો હોય તો ખમાવવા વિષે અથવા અધિકરણ એટલે કૃષિ - વાણિજ્ય વગેરે સાવદ્ય વ્યાપારનો ત્યાગ કરવા વિષે ચિંતન કરે.

**आउयपरिहाणीए असमंजसचिट्ठियाण व विवागे ।**
**खणलाभदीवणाए धम्मगुणेसुं च विविहेसु ॥ १८ ॥**

आयुःपरिहाणौ असमवंचसचेष्टितानां वा विपाके ।
क्षणलाभदीपनायां धर्मगुणेषु च विविधेषु ॥ १८ ॥

(૧૮) પ્રતિક્ષણ આવિચીમરણથી આયુષ્યનો ક્ષય થઈ રહ્યો છે તેના વિષે

પ્રાણીવધ, હિંસાદિ ખરાબ આચરણ કરનારાઓનો વિપાક-પરલોકમાં-નરકાદિમાં કેવો ભયંકર થાય છે. ક્ષણ લાભ દીપના - અલ્પકાલમાં પણ કર્મનિર્જરા અને પુણ્યોપાર્જનરૂપ મહાન લાભની દીપના - પ્રકાશના અર્થાત્ અલ્પકાલની સાધના અને અનંત ભવિષ્યનું સુખ જોઈ, ધર્મમાં એક ક્ષણ પણ પ્રમાદ ન કરવો તે વિષે વિવિધ જ્ઞાનાદિ એવા ધર્મગુણોને વિષે વર્તમાન જીવનમાં યશની પ્રાપ્તિ અને મર્યા પછી પરભવમાં પુનઃ ધર્મની પ્રાપ્તિ યાવત્ મુક્તિ-સુખ તે વિષે ચિત્તમાં વિચારણા કરે.

**बाहगदोसविवक्खे धम्मायरिए य उज्जयविहारे ।**
**एमाइचित्तनासो संवेगरसायणं देयं ॥ १९ ॥**


बाधकदोषविपक्षे धर्माचार्ये चोद्यतविहारे ।
एवमादिचित्तन्यासः संवेगरसायनं ददाति ॥ १९ ॥

(૧૯) આત્માના બાધક દોષોના નાશ માટે, તે તે દોષોના વિપક્ષગુણોને વિષે દા.ત. રાગ-વિરાગ, ક્રોધ-ક્ષમા, માન-નમ્રતા વગેરેનું ચિંતન કરે. અને પોતાના ઉપકારી ધર્મદાતા, ઉદ્યતવિહારી, ધર્માચાર્યને વિષે-તેઓ કઈ દિશામાં વિચરે છે, કેવું વિશુધ્ધ સંયમ જીવન જીવે છે ઈત્યાદિ અને પોતાના પ્રમાદની નિંદા વગેરેને વિષે ચિંતન કરવારૂપ ચિત્તનું સ્થાપન એવું સંવેગમાટેનું રસાયણ-મહા ઔષધ આત્માને આપે. અર્થાત્ આવા ચિંતનથી સંસારના વિરાગરૂપ અથવા મુક્તિના તીવ્ર અભિલાષરૂપ આત્મામાં સંવેગ ઉત્પન્ન થાય છે.

**गोसे भणिओ य विही इय अणवरयं तु चिट्ठमाणस्स ।**
**पडिमाकमेण जायइ संपुन्नो चरणपरिणामो ॥ २० ॥**

गोषे भणितश्च विधिरित्यनवरतं तु चेष्टमानस्य ।
प्रतिमाक्रमेण जायते संपूर्णश्चरणपरिणामः ॥ २० ॥

(૨૦) પ્રભાતમાં નવકારના સ્મરણ સાથે જાગવું ઇત્યાદિ જે વિધિ કહેલ છે. તે આ પ્રમાણે સતત શ્રાવક ધર્મનું પાલન કરનારને પ્રતિમાઓના ક્રમથી સંસારના વિયોગ ના બીજ સમાન સંપૂર્ણ ચારિત્રના પરિણામની પ્રાપ્તિ થાય છે.



# દશમી શ્રાવક પ્રતિમા વિંશિકા

**दंसणवयसामाइयपोसहपडिमा अबंभसच्चित्ते ।**
**आरंभपेस उद्दिट्ठवज्जए समणभूए य ॥ १ ॥**

दर्शनव्रतसामायिकपोषधप्रतिमा अब्रह्मसचित्ते ।
आरम्भप्रेषोद्दिष्टवर्जकं श्रमणभूतं च ॥ १ ॥

(૧) દર્શન, વ્રત, સામાયિક, પૌષધ, અભિગ્રહ વિશેષરૂપ, પ્રતિમા, અબ્રહ્મત્યાગ, સચિત્ત ત્યાગ, સ્વયં-આરંભ ત્યાગ, પ્રેષણ ત્યાગ, ઉદ્દિષ્ટ ત્યાગ, અને સાધુ તુલ્ય એમ શ્રાવકની ૧૧ પ્રતિમા છે.

**एया खलु इक्कारस गुणठाणगभेयओ मुणेयव्वा ।**
**समणोवासगपडिमा बज्झाणुट्ठाणलिंगेहिं ॥ २ ॥**

एताः खल्वेकादश गुणस्थानकभेदतो ज्ञातव्याः ।
श्रमणोपासकप्रतिमा बाह्यानुष्ठानलिङ्गैः ॥ २ ॥

(૨) ગુણઠાણાના ભેદથી અને બાહ્ય અનુષ્ઠાનરૂપ લિંગોથી આ અગિયાર શ્રમણોપાસક પ્રતિમા અવશ્ય જાણવા યોગ્ય છે.

**सुस्सूसाई जम्हा दंसणपमुहाण कज्जसूय त्ति ।**
**कायकिरियाइ सम्मं लक्खिज्जइ ओहओ पडिमा ॥ ३ ॥**

शुश्रूषादिर्यस्माद्दर्शनप्रमुखानां कार्यसूचका इति ।
कायक्रियया सम्यग्लक्ष्यत ओघतो प्रतिमा ॥ ३ ॥

(૩) જે કારણથી સુશ્રુષા, ધર્મરાગ, વગેરે સમ્યગદર્શન વગેરેના કાર્યને સૂચવનારા છે. તે કારણથી કાયિકક્રિયાથી સામાન્યથી

દર્શનપ્રતિમા સુંદર રીતે જણાય છે.

**सुस्सूस धम्मराओ गुरुदेवाणं जहासमाहीए ।**
**वेयावच्चे नियमो दंसणपडिमा भवे एसा ॥ ४ ॥**
शुश्रूषा धर्मरागो गुरुदेवानां यथासमाधि ।
वैयापृत्यै नियमो दर्शनप्रतिमा भवेदेषा ॥ ४ ॥

(૪) સુશ્રુષા, ધર્મનો રાગ, પોતાને સમાધિ રહે તે પ્રમાણે ગુરૂ અને દેવની ભક્તિ-વૈયાવચ્ચના નિયમવાળી આ દર્શન પ્રતિમા છે.

**पंचाणुव्वयधारित्तमणइयारं वएसु पडिबंधो ।**
**वयणा तदणइयारा वयपडिमा सुप्पसिद्ध त्ति ॥ ५ ॥**
पश्चाणुव्रतधारित्वमनतिचारं व्रतेषु प्रतिबंधः ।
वचनात्तदनतिचाराद् व्रतप्रतिमा सुप्रसिद्धेति ॥ ५ ॥

(૫) જિનેશ્વરોના વચનથી અતિચાર રહિત પાંચ અણુવ્રતોનું ધારવું અને વ્રતોને વિષે દઢતા તે નિરતિચારવાળી વ્રતપ્રતિમા સુપ્રસિધ્ધ છે.

**तह अत्तवीरिउल्लासजोगओ रयतसुद्धिदित्तिसमं ।**
**सामाइयकरणमसइ सम्मं सामाइयप्पडिमा ॥ ६ ॥**
तथात्मवीर्योल्लासयोगतो रजतशुद्धिदीप्तिसमम् ।
सामायिककरणमसकृत्सम्यक्सामायिकप्रतिमा ॥ ६ ॥

(૬) તથા આત્માના વીર્યોલ્લાસના યોગથી ચાંદીની શુધ્ધિ અને કાંતિ સમાન વારંવાર સુંદર રીતે સામયિક કરવારૂપ સામાયિક પ્રતિમા છે.

**पोसहकिरियाकरणं पव्वेसु तहा तहा सुपरिसुद्धं ।**
**जइभावभावसाहगमणधं तह पोसहप्पडिमा ॥ ७ ॥**

पौषधक्रियाकरणं पर्वसु तथा तथा सुपरिशुद्धम् ।
यतिभावभावसाधकमनघं तथा पौषधप्रतिमा ॥ ७ ॥

(૭) તથા પર્વોને વિષે તે તે પ્રમાણે સુવિશુધ્ધ પૌષધક્રિયાનું કરવું તે પૌષધ-પ્રતિમા છે. જે સાધુપણાના ભાવનું પરમાર્થથી નિર્દોષ સાધક છે.

**पव्वेसु चेव राइं असिणाणाइकिरियासमाजुत्तो ।**
**मासपणगावहि तहा पडिमाकरणं तु तप्पडिमा ॥ ८ ॥**

पर्वसु चैव रात्रावस्नानादिक्रियासमायुक्तः ।
मासपञ्चकावधि तथा प्रतिमाकरणं तु तत्प्रतिमा ॥ ८ ॥

**असिणाण वियडभोई मउलियडो रत्तिऽबंभमाणेण ।**
**पडिवक्खमंतजावाइसंगओ चेव सा किरिया ॥ ९ ॥**

अस्नानविकृतभोजी मौलिकृतो रात्रिऽब्रह्ममानेन ।
प्रतिपक्षमन्त्रजापादिसंगतश्चैव सा क्रिया ॥ ९ ॥

(૮-૯) પાંચ મહિના સુધી પર્વોને વિષે રાત્રે અસ્નાનાદિ ક્રિયાથી યુક્ત તે તે પ્રકારે દિશાઓમાં પ્રતિમા-કાર્યોત્સર્ગનો અભિગ્રહ કરવો. અસ્નાનાદિ ક્રિયા નીચે પ્રમાણે છે.
અસ્નાન, અચિત્ત અથવા પ્રકાશ ભોજન કરનાર, નાભિ નીચે ખુલ્લા કછોટા ના ધોતીયાવાલો, પ્રતિમા સિવાયના - પર્વ સિવાયના દિવસોમાં દિવસે બ્રહ્મચારી અને રાત્રિના અબ્રહ્મનું પરિમાણ કરનાર, ચારેય દિશાઓમાં કાર્યોત્સર્ગનો અભિગ્રહ કરવો. તે પાંચમી પ્રતિમા નામની પ્રતિમા છે.

**एवं किरियाजुत्तोऽबंभं वज्जेइ नवरं राइं पि ।**
**छम्मासावहि नियमा एसा उ अबंभपडिमत्ति ॥ १० ॥**

एवं क्रियायुक्तोऽब्रह्म वर्जयति केवलं रात्रावपि ।
षण्मासावधि नियमादेषा त्वब्रह्मप्रतिमेति ॥ १० ॥

(૧૦) એ પ્રમાણે ઉપર કહેલી ક્રિયાથી યુક્ત, વિશેષથી રાત્રિના પણ અબ્રહમના સંપૂર્ણ ત્યાગવાળી ૬ મહિનાની અવધિવાલી છઠ્ઠી બ્રહ્મચર્ય પ્રતિમા છે.

**जावज्जीवाए वि हु एसाऽबंभस्स वज्जणा होइ ।**
**एवं चिय जं चित्तो सावगधम्मो बहुपगारो ॥ ११ ॥**

यावज्जीवमपि खल्वेषाऽब्रह्मणो वर्जनाद् भवति ।
एवमेव यच्चित्रः श्रावकधर्मो बहुप्रकारः ॥ ११ ॥

(૧૧) આ બ્રહ્મચર્ય પ્રતિમા સંપૂર્ણ જીવનપર્યંતના અબ્રહ્મના ત્યાગવાળી પણ હોય છે. કારણકે એ પ્રમાણે જ વિવિધ ધર્મવ્યાપારવાલો બહુ પ્રકારે શ્રાવક ધર્મ હોય છે.

**एवंविहो उ नवरं सच्चित्तं पि परिवज्जए सव्वं ।**
**सत्त य मासे नियमा फासुयभोगेण तप्पडिमा ॥ १२ ॥**

एवंविधस्तु केवलं सचित्तमपिं परिवर्जयति सर्वम् ।
सप्त च मासान्नियमात्प्रासुकभोगेन तत्प्रतिमा ॥ १२ ॥

(૧૨) એ પ્રમાણે વિશેષથી સર્વ અચિત્તના ત્યાગવાળી, અચિત્ત ભોજનથી સાત માસની અવધિવાળા સાતમી અચિત્તત્યાગ નામની પ્રતિમા છે.

**जावज्जीवाए वि हु एसा सच्चित्तवज्जणा होइ ।**
**एवं चिय जं चित्तो सावगधम्मो बहुपगारो ॥ १३ ॥**

यावज्जीवमपि खल्वेषा सचित्तवर्जनाद् भवति ।
एवमेव यच्चित्रः श्रावकधर्मो बहुप्रकारः ॥ १३ ॥

(૧૩) આ સચિત્તત્યાગની સાતમી પ્રતિમા વિશેષથી સંપૂર્ણ જીવનપર્યંતની પણ સચિત ત્યાગવાળી હોય છે. એ પ્રમાણે જ વિવિધ ધર્મ-વ્યાપારવાલો બહુ પ્રકારે શ્રાવક ધર્મ છે.

**एवं चिय आरम्भं वज्जइ सावज्जमट्ठमासं जा ।**
**तप्पडिमा पेसेहि वि अप्पं कारेइ उवउत्तो ॥ १४ ॥**

एवमेवारम्भं वर्जयति सावद्यमष्टमासं यावत् ।
तत्प्रतिमा प्रेषैरप्यल्पं कारयत्युपयुक्तः ॥ १४ ॥

(૧૪) એ પ્રમાણે આઠ મહિના માટે સ્વયં સાવદ્ય-આરંભનો ત્યાગ કરે છે અને તે પ્રતિમાના ઉપયોગવાળો સેવક અથવા નોકરો વડે પણ અલ્પ આરંભ કરાવે છે.

**तेहिं पि न कारेई नवमासे जाव पेसपडिम त्ति ।**
**पुव्वोइया उ किरिया सव्वा एयस्स सविसेसा ॥ १५ ॥**

तैरपि न कारयति नवमासान्यावत्प्रेषप्रतिमेति ।
पूर्वोदिता तु क्रिया सर्वैतस्याः सविशेषा ॥ १५ ॥

(૧૫) પૂર્વે કહેલી પ્રતિમાઓની સર્વક્રિયાથી યુક્ત, વિશેષથી આ પ્રતિમામાં નવ મહિના સુધી તેના વડે નોકર વગેરે બીજાઓ દ્વારા પણ આરંભનો ત્યાગ કરાયો છે. આ પ્રમાણે તે નવમી પ્રેષ્ય પ્રતિમા છે.

**उद्दिट्ठाहाराईण वज्जणं इत्थ होइ तप्पडिमा ।**
**दसमासावहि सज्झायझाणजोगप्पहाणस्स ॥ १६ ॥**

उद्दिष्टाहारादीनां वर्जनमत्र भवति तत्प्रतिमा ।
दशमासावधि स्वाध्यायध्यानयोगप्रधानस्य ॥ १६ ॥

(૧૬) સ્વાધ્યાય અને ધ્યાનના પ્રધાન યોગવાળી ૧૦ મહિનાની મર્યાદાવાળી ઉદિષ્ટ-પ્રતિમાવાહક શ્રાવકને ઉદ્દેશીને બનાવેલ આહાર, પાણી વગેરેના ત્યાગવાળી આ દસમી ઉદિષ્ટાહારવર્જનરૂપ પ્રતિમા છે.

**इक्कारस मासे जाव समणभूयपडिमा उ चरिम त्ति ।**
**अणुचरइ साहुकिरियं इत्थ इमो अविगलं पायं ॥ १७ ॥**

एकादश मासान्यावच्छ्रमणभूतप्रतिमा तु चरमेति ।
अनुचरति साधुक्रियामत्रायमविकलं प्रायः ॥ १७ ॥

(૧૭) એ પ્રમાણે ૧૧ મહિના પર્યંતની છેલ્લી સાધુના આચારવાળી સાધુપ્રતિમા છે. આ પ્રતિમામાં પ્રાયઃ સંપૂર્ણ સાધુક્રિયાનું અનુપાલન કરાય છે.

**आसेविउण एयं कोई पव्वयइ तह गिही होइ ।**
**तब्भावभेयओ च्चिय विसुद्धिसंकेसभेएणं ॥ १८ ॥**

आसेव्यैतां कोऽपि प्रव्रजति तथा गृही भवति ।
तद्भावभेदत एव विशुद्धिसंक्लेशभेदेन ॥ १८ ॥

(૧૮) આ અગિયારમી પ્રતિમાનું સેવન કરીને કોઈ પ્રવજયાનો સ્વીકાર કરે છે. તથા કોઈ પાછો ગૃહસ્થ થાય છે. વિશુધ્ધિ અને સંકલેશના ભેદે જ તે સાધુપણાનો અને ગૃહસ્થપણાનો સ્વીકાર કરે છે. અર્થાત્

વિશુધ્ધિના પરિણામવાળો શ્રાવક પ્રવજ્યા સ્વીકારે છે. અને સંક્લિષ્ટ પરિણામવાળો પાછો ગૃહસ્થ થાય છે.

**एया उ जहुत्तरमो असंखकम्मक्खओवसमभावा ।**
**हुंति पडिमा पसत्था विसोहिकरणाणि जीवस्स ॥ १९ ॥**

ऐतास्तु यथोत्तरमसंख्यकर्मक्षयोपशमभावात् ।
भवन्ति प्रतिमाः प्रशस्ता विशोधिकरणानि जीवस्य ॥ १९ ॥

(૧૯) આ ૧૧ પ્રતિમા યથાક્રમ ઉત્તરોત્તર અસંખ્યાતગુણ કર્મના વધુને વધુ ચઢિયાતા ક્ષયોપશમભાવથી જીવની વિશુધ્ધિને કરનારી પ્રશસ્ત કહેલી છે.

**आसेविउण एया भावेण निओगओ जई होइ ।**
**जं उवरि सव्वविरई भावेणं देसविरई उ ॥ २० ॥**

आसेव्यैता भावेन नियोगतो यतिर्भवति ।
यदुपरि सर्वविरतिर्भावेन देशविरतिस्तु ॥ २० ॥

(૨૦) આ ૧૧ પ્રતિમાનું તત્વથી સેવન કરીને અવશ્ય તે સાધુ થાય છે કારણ કે આગળ ઉપર ભાવથી સર્વવિરતિ મળે તેવી જ દેશવિરતિ હોય છે.

# અગ્યારમી યતિ ધર્મ વિંશિકા

**नमिऊण खीणदोसं गुणरयणनिहिं जिणं महावीरं ।**
**संखेवेण महत्थं जइधम्मं संपवक्खामि ॥ १ ॥**

नत्वा क्षीणदोषं गुणरत्ननिधिं जिनं महावीरम् ।
संक्षेपेण महार्थं यतिधर्मं संप्रवक्ष्यामि ॥ १ ॥

(૧) ક્ષીણદોષવાળા, ગુણોરૂપી રત્નોના ભંડાર સમાન, મહાવીર જિનેશ્વરને નમસ્કાર કરીને મહાન અર્થવાળા યતિધર્મને હું સંક્ષેપથી કહીશ.

**खंती य मद्दवज्जवमुत्ती तव संजमे य बोद्धव्वे ।**
**सच्चं सोयं आकिंचणं च बंभं च जइधम्मो ॥ २ ॥**

क्षान्तिश्च मार्दवार्जवमुक्तयस्तपस्संयमौ च बोद्धव्याः ।
सत्यं शौचमार्किंचन्यं च ब्रह्म च यतिधर्मः ॥ २ ॥

(૨) ક્ષમા, નમ્રતા, સરળતા, નિર્લોભતા, તપ, સંયમ, સત્ય, પવિત્રતા, અકિંચનતા અને બ્રહ્મચર્ય એ ૧૦ પ્રકારનો યતિધર્મ જાણવો.

**उवगारवगारिविवागवयणधम्मुत्तरा भवे खंती ।**
**साविक्खं आदितिगं लोगिगमियरं दुगं जइणो ॥ ३ ॥**

उपकार्यपकारिविपाकवचनधर्मोत्तरा भवेत् क्षान्तिः ।
सापेक्षमादित्रिकं लौकिकमितरं द्विकं यतेः ॥ ३ ॥

(૩) ઉપકાર ક્ષમા, અપકાર ક્ષમા, વિપાક ક્ષમા, વચન ક્ષમા, અને

ધર્મ=સ્વભાવ ક્ષમા એ પાંચ પ્રકારની ક્ષમા છે. પહેલી ત્રણ ક્ષમા લૌકિક અને સાપેક્ષ છે. છેલ્લી બે લોકોત્તર ક્ષમા યતિને હોય છે.

**बारसविहे कसाए खविए उवसामिए य जोगेहिं ।**
**जं जायइ जइधम्मो ता चरिमं तत्थ खंतिदुगं ॥ ४ ॥**

द्वादशविधे कषाये क्षपिते उपशामिते च योगैः ।
यज्जायते यतिधर्मः तच्चरमं तत्र क्षान्तिद्विकम् ॥ ४ ॥

(૪) જે કારણથી શુભ યોગો વડે ૧૨ કષાયોનો ક્ષય અને ઉપશમ થયે છતે યતિધર્મ જીવમાં પ્રગટે છે. તે કારણથી છેલ્લી બે-વચન અને ધર્મક્ષમા તે યતિધર્મમાં હોય છે.

**सव्वे य अईयारा जं संजलणाणमुदयओ हुंति ।**
**ईसिजलणा य एए कुओवगारादविक्खेह ॥ ५ ॥**

सर्वे चातिचारा यत्संज्वलनानामुदयतो भवन्ति ।
ईषज्ज्वलनाश्चैते कुतोपकाराद्यपेक्षेह ॥ ५ ॥

(૫) જે કારણથી યતિ ધર્મના બધાય અતિચારો સંજ્વલન-કષાયો ના ઉદયથી હોય છે. અને આ કષાયો કંઈક જ્વલન=કંઈક વિકાર કરવાના સ્વભાવવાલા જ છે. તે કારણથી આ યતિધર્મમાં ઉપકાર-અપકાર વગેરેની અપેક્ષા ક્યાંથી હોય? અર્થાત ન હોય.

**छट्ठे उण गुणठाणे जइधम्मो दुग्गलंघणं तं च ।**
**भणियं भवाडवीए न लोगचिंता तओ इत्थं ॥ ६ ॥**

षष्ठे पुनर्गुणस्थाने यतिधर्मो दुर्गलंघनं तच्च ।
भणितं भवाटव्यां न लोकचिन्ता ततोऽत्र ॥ ६ ॥

(૬) વળી છઠ્ઠા ગુણસ્થાનકનો યતિધર્મ સંસાર અટવીમાં મોહરાજાના કિલ્લાના ઉલ્લંઘન સમાન છે. તેથી આ યતિધર્મમાં લૌકિક ચિંતા હોતી નથી.

**तम्हा नियमेणं चिय जइणो सव्वासवा नियत्तस्स ।**
**पढममिह वयणखंती पच्छा पुण धम्मखंति त्ति ॥ ७ ॥**

तस्मान्नियमेनैव यतेः सर्वाश्रवान्निवृत्तस्य ।
प्रथममिह वचनक्षान्तिः पश्चात्पुनर्धर्मक्षान्तिरिति ॥ ७ ॥

(૭) તેથી જ સર્વ આશ્રવોથી નિવૃત્ત થયેલા યતિને અવશ્ય પ્રથમ વચનક્ષમા હોય છે. પછી પાછળથી ધર્મ=સ્વભાવ ક્ષમા હોય છે.

**एमेवऽज्जवमद्दवमुत्तीओ हुंति पंचभेयाओ ।**
**पुव्वोइयनाएणं जइणो इत्थं पि चरमदुगं ॥ ८ ॥**

एवमेवार्जवमार्दवमुक्तयो भवन्ति पवंचभेदाः ।
पूर्वोदितन्यायेन यतेरत्रापि चरमद्विकम् ॥ ८ ॥

(૮) એ જ પ્રમાણે સરળતા, નમ્રતા, નિર્લોભતા પણ પાંચ પ્રકારની છે. પૂર્વે કહેલા ન્યાયથી સાધુને આ સરળતા વગેરેમાં પણ છેલ્લા બે પ્રકાર હોય છે.

સારાંશ :- સાધુને વચનક્ષમા અને ધર્મક્ષમાની જેમ વચન સરલતાદિ અને ધર્મસરલતાદિ જાણવા.

**इहपरलोगादणविक्खं जमणसणाइ चित्तणुट्ठाणं ।**
**तं सुद्धनिज्जराफलमित्थ तवो होइ नायव्वो ॥ ९ ॥**

इहपरलोकाद्यनपेक्षं यदनशनादि चित्रानुष्ठानम् ।
तत् शुद्धनिर्जराफलमत्र तपो भवति ज्ञातव्यम् ॥ ९ ॥

(૯) જે કારણથી આ યતિ-ધર્મમાં આલોક અને પરલોકની આશંસા વિનાના અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ વગેરે અનુષ્ઠાન થાય છે. તે કારણથી તે અનશનાદિ તપ શુધ્ધ નિર્જરાફલવાલો જાણવો.

**आसवदारनिरोहो जमिंदियकसायदंडनिग्गहओ ।**
**पेहातिजोगकरणं तं सव्वं संजमो नेओ ॥ १० ॥**

आश्रवद्वारनिरोधो यदिन्द्रियकषायदण्डनिग्रहतः ।
प्रेक्षादियोगकरणं तत्सर्वं संयमो ज्ञेयः ॥ १० ॥

(૧૦) તથા પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાનાદિ પાંચ આશ્રવનો નિરોધ, ૫ ઈન્દ્રિય તથા ૪ કષાયોનો નિગ્રહ, અને મન-વચન તથા કાયાના ત્રણ દંડથી વિરતિ એમ ૧૭ પ્રકારનો સંયમ જાણવો. અથવા બીજી રીતે પૃથ્વી, અપ, તેઉ, વાયુ, વનસ્પતિ, બેઈન્દ્રિય, તેઈન્દ્રિઈય, ચઉરીન્દ્રિય પંચેન્દ્રિયની રક્ષા-કરવાપૂર્વક નવ પ્રકારનું જીવ સંયમ, પુસ્તક વગેરેનું પ્રતિલેખન પ્રમાર્જનાદિ પૂર્વકનું અજીવ સંયમ (૧૦), બીજ, વનસ્પતિ અને જંતુરહિત તથા સ્ત્રી, નપુંસકાદિ સંસર્ગરહિત ભૂમિને વિષે શયન-આસન-ગમન-આગમનરૂપ પ્રેક્ષાસંયમ અથવા સીદાતા સાધુને પ્રેરણા કરવા રૂપ પ્રેક્ષાસંયમ (૧૧), પાર્શ્વસ્થા અને ગૃહસ્થના વ્યાપારને વિષે ઉપેક્ષા સંયમ (૧૨), સ્થંડિલ ભૂમિને વિષે પૂંજવા-પ્રમાર્જવા, વસ્ત્ર-પાત્રાદિ લેતાં મૂક્તાં પૂંજવા-પ્રમાર્જવા અને વિહાર તથા પ્રવેશમાં સાગારિકની હાજરીમાં અપ્રમાર્જન અને ગેરહાજરીમાં પ્રમાર્જન કરવા સ્વરૂપ પ્રમાર્જના સંયમ (૧૩), અશુધ્ધ-આધાકર્માદિ ગોચરીનું વિધિપૂર્વક પરઠવવું તથા અનુપયોગી વસ્ત્ર, પાત્ર વગેરેનું વિધિપૂર્વક પરઠવવું તે પારિષ્ઠાપનિકા સંયમ (૧૪), મન,વચન,કાયાની અશુભથી નિવૃત્તિ અને શુભમાં પ્રવૃત્તિરૂપ

ત્રણની ગુપ્તિ (૧૫,૧૬,૧૭,) એ ૧૭ પ્રકારનું તે બધુય સંયમ જાણવું.

**गुरुसुत्ताणुन्नायं जं हियमियभासणं ससमयम्मि ।**
**अपरोवतावमणघं तं सच्चं निच्छियं जइणो ॥ ११ ॥**

गुरुसूत्रानुज्ञातं यद्धितमितभाषणं स्वसमये ।
अपरोपतामनघं तसत्यं निश्चितं यतेः ॥ ११ ॥

(૧૧) શ્રી જિનપ્રવચનમાં સાધુનું જે ગુરૂ અને સૂત્રથી અનુજ્ઞાત,પરને અપીડાકારી, કર્કશાદિ દોષથી રહિત,હિત,મિત અને અસંદિગ્ધ ભાષણ છે તે સત્ય છે.

**आलोयणाइदसविहजलओ पावमलखालणं विहिणा ।**
**जं दव्वसोयजुत्तं तं सोयं जइजणपसत्थं ॥ १२ ॥**

आलोचनादिदशविधजलतः पापमलक्षालनं विधिना ।
यद् द्रव्यशौचयुक्तं तच्छौचं यतिजनप्रशस्तम् ॥ १२ ॥

(૧૨) પ્રાસુક પાણી વગેરે વડે ગુદા વગેરેના નિર્લેપરૂપ દ્રવ્યશૌચથી યુક્ત જે વિધિપૂર્વક આલોચનાદિ દશ પ્રકારના પ્રાયશ્ચિતરૂપી પાણીથી પાપમલનું પખાલવું તે યતિજનને પ્રશસ્ત શૌચ કહેલું છે.

**पक्खीए उवमाए जं धम्मोवगरणाइरेगेण ।**
**वत्थुस्सागहणं खलु तं आकिंचन्नमिह भणियं ॥ १३ ॥**

पक्षिण उपमया यद्धर्मोपकरणातिरेकेण ।
वस्तुनोऽग्रहणं खलु तदाकिंचन्यमिह भणितम् ॥ १३ ॥

(૧૩) જે પોતાની બે પાંખ સિવાય કોઈપણ વસ્તુ ધારણ કરતા નથી તેથી આકાશમાં સહેલાઈથી ઉડી શકે તે પક્ષીની ઉપમાથી ધર્મને ઉપયોગી ઉપકરણ છોડીને અધિક વસ્તુનું જે અગ્રહણ છે. તે નિશ્ચયે અકિંચનપણું અહીં જિન પ્રવચનમાં કહેલું છે.

**मेहुणसन्नाविजएण पंचपरियारणापरिच्चाओ ।**
**बंभे मणवत्तीए जो सो बंभं सुपरिसुद्धं ॥ १४ ॥**

मैथुनसंज्ञाविजयेन पवंचप्रविचारणापरित्यागः ।
ब्रह्मणि मनोवृत्या यः स ब्रह्म सुपरिशुद्धम् ॥ १४ ॥

(૧૪) મૈથુન સંજ્ઞાના વિજયપૂર્વક, બ્રહ્મચર્યના વિષે, મનોવૃત્તિથી કાયા-સ્પર્શ-રૂપ-શબ્દ અને મન ધ્વારા થતી પાંચ પ્રકારની કામક્રીડાનો જે ત્યાગ છે. તે પરિશુધ્ધ બ્રહ્મચર્ય છે.

**कायफरिसरूवेहिं सद्दमणेहिं च इत्थ पवियारो ।**
**रागा मेहुणजोगो मोहुदयं रइफलो सव्वो ॥ १५ ॥**

कायस्पर्शरूपैः शब्दमनोभ्यां चात्र प्रविचारः
रागान्मैथुनयोगो मोहोदयं रतिफलः सर्वः ॥ १५ ॥

(૧૫) આ સંસારમાં રાગથી કાયા, સ્પર્શ, રૂપ, શબ્દ અને મન ધ્વારા થતી કામક્રીડા તે મોહના ઉદયવાલો અને ક્ષણમાત્ર માનસિક સુખરૂપ રતિજનક બધોય મૈથુન યોગ છે.

**एयस्साभावंमि वि नो बंभमणुत्तराण जं तेसिं ।**
**बंभे ण मणोवित्ती तह परिसुद्धासयाभावा ॥ १६ ॥**

एतस्याभावेऽपि नो ब्रह्मानुत्तराणां यत्तेषां ।
ब्रह्मणि न मनोवृत्तिस्तथापरिशुद्धाशयाभावात् ॥ १६ ॥

(૧૬) આ મૈથુન યોગના અભાવમાં પણ અનુત્તર-વિમાનના દેવોને બ્રહ્મચર્ય હોતું નથી કારણ કે તથાપ્રકારના પરિશુધ્ધ-આશયના અભાવથી અર્થાત વિરતિપરિણામના અભાવથી તેઓને બ્રહ્મચર્યને વિષે મનોવૃત્તિ હોતી નથી.

**बंभमिह बंभचारिर्हिं वन्नियं सव्वमेवऽणुट्ठाणं ।**
**तो तम्मि खओवसमो सा मणवित्ती तर्हिं होइ ॥ १७ ॥**

ब्रह्मेह ब्रह्मचारिभिर्वर्णितं सर्वमेवानुष्ठानम् ।
तत्तस्मिन्क्षयोपशमः सा मनोवृत्तिस्तत्र भवति ॥ १७ ॥

(૧૭) અહીં શ્રી જિનપ્રવચનમાં મહાબ્રહ્મચારી શ્રી તીર્થંકર અને ગણધર ભગવંતોએ યતિના બધાય અનુષ્ઠાનને બ્રહ્મચર્ય કહ્યું છે. તેથી તે યતિના અનુષ્ઠાનને વિષેનો જે ક્ષયોપશમ છે. તે જ તે મનોવૃત્તિ તે બ્રહ્મચર્યના વિષે હોય છે.

**एवं परिसुद्धासयजुत्तो जो खलु मणोनिरोहो वि ।**
**परमत्थओ जहत्थं सो भण्णइ बंभमिह समए ॥ १८ ॥**

एवं परिशुद्धाशययुक्तो यः खलु मनोनिरोधोऽपि ।
परमार्थतो यथार्थ स भण्यते ब्रह्मेह समये ॥ १८ ॥

(૧૮) આ પ્રમાણે પરિશુધ્ધ-આશયથી યુક્ત જે ખરેખર મનનો નિરોધ છે. તે પણ અહીં શ્રી જિનપ્રવચનમાં નિશ્ચયથી યથાર્થ બ્રહ્મચર્ય કહેવાય છે.

**इय तंतजुत्तिनीईइ भावियव्वो बुहेर्हिं सुत्तत्थो ।**
**सव्वो ससमयपरसमयजोगओ मुक्खकंखीर्हिं ॥ १९ ॥**

इति तन्त्रयुक्तिनीतिभिर्भावयितव्यो बुधैः सूत्रार्थः ।
सर्वः स्वसमयपरसमययोगतो मोक्षकाङ्क्षिभिः ॥ १९ ॥

(૧૯) એ પ્રમાણે સર્વ મોક્ષાભિલાષી પંડિતો વડે સ્વસમય=સ્વશાસ્ત્ર અને પરસમયના=પરશાસ્ત્રના સમન્વયથી તે તે તંત્ર-શાસ્ત્રની યુક્તિથી અને ન્યાયથી અથવા નય સાપેક્ષ સૂત્રનો અર્થ વિચારવો.

**संखेवेणं एसो जइधम्मो वन्निओ अइमहत्थो ।**
**मंदमइबोहणट्ठा कुग्गहविरहेण समयाओ ॥ २० ॥**

संक्षेपेणैष यतिधर्मो वर्णितोऽतिमहार्थः ।
मन्दमतिबोधनार्थं कुग्रहविरहेण समयतः ॥ २०॥

(૨૦) અતિ મહાન અર્થવાળો આ યતિધર્મ મંદમતિવાળા જીવોના બોધ માટે કદાગ્રહનો ત્યાગ કરવાપૂર્વક આગમ અનુસાર સંક્ષેપથી વર્ણવ્યો છે.

# બારમી શિક્ષા વિંશિકા

**सिक्खा इमस्स दुविहा गहणासेवणगया मुणेयव्वा ।**
**सुत्तत्थगोयरेगा बीयाऽणुट्ठाणविसय त्ति ॥ १ ॥**

शिक्षास्य द्विविधा ग्रहणासेवनगता ज्ञातव्या ।
सूत्रार्थगोचरैका द्वितीयानुष्ठानविषयेति ॥ १॥

(૧) આ યતિધર્મની ગ્રહણશિક્ષા અને આસેવન શિક્ષા એમ બે પ્રકારે જાણવી. સૂત્ર અને અર્થના વિષયવાળી ગ્રહણશિક્ષા છે. તથા અનુષ્ઠાનના વિષયવાળી આસેવન શિક્ષા છે.

**जह चक्कवट्टिरज्जं लध्दूणं नेह खुद्दकिरियासु ।**
**होइ मई तह चेव उ नेयस्सवि धम्मरज्जवओ ॥ २ ॥**

यथा चक्रवर्तिराज्यं लब्ध्वा नेह क्षुद्रक्रियासु ।
भवति मतिस्तथैव तु नैतस्यापि धर्मराज्यवतः ॥ २ ॥

(૨) જેમ ચક્રવર્તીનું રાજ્ય પામીને ચક્રવર્તીને ધુલીક્રીડાદિ ક્ષુદ્ર ક્રિયાઓમાં મન હોતું નથી. તે જ પ્રમાણે ધર્મરૂપી રાજયવાળા યતિને વિષય સુખની સંસારની તુચ્છક્રિયાઓને વિષે મન હોતું નથી.

**जह तस्स व रज्जत्तं कुव्वंतो वच्चए सुहं कालो ।**
**तह एयस्स वि सम्मं सिक्खादुगमेव धन्नस्स ॥ ३ ॥**

यथा तस्य वा राज्यं कुर्वतो व्रजति सुखं कालः ।
तथैतस्यापि सम्यक्शिक्षाद्विकमेव धन्यस्य ॥ ३ ॥

(૩) જે પ્રમાણે રાજયને કરતા ચક્રવર્તીનો સુખપૂર્વક કાલ પસાર થાય

છે. તે જ પ્રમાણે સુંદર શિક્ષાદ્વય ને કરનાર ધન્ય એવા યતિનો કાળ સુખપૂર્વક પસાર થાય છે.

**तत्तो इमं पहाणं निरुवमसुहहेउभावओ नेयं ।**
**इत्थ वि होदइगसुहं तत्तो एवोपसमसुहं ॥ ४ ॥**
तत एतत्प्रधानं निरुपमसुखहेतुभावतो ज्ञेयम् ।
अत्रापि ह्यौदयिकसुखं तत एवोपशमसुखम् ॥ ४ ॥

(૪) ચક્રવર્તીના સુખથી આ યતિનું સુખ અનુપમ મોક્ષસુખનું કારણ હોવાથી પ્રધાન જાણવું. આ સંસારમાં ચક્રવર્તીનું સુખ ઔદયિક ભાવનું હોવાથી સાપેક્ષ છે. તે ઔદયિક સુખ કરતાં યતિનું સુખ ઉપશમ ભાવનું નિરપેક્ષ અને સ્વાભાવિક હોવાથી પ્રધાન છે.

**सिक्खादुगंमि पीई जह जायइ हंदि समणसीहस्स ।**
**तह चक्कवट्टिणो वि हु नियमेण न जाउ नियकिच्चे ॥ ५ ॥**
शिक्षाद्विके प्रीतिर्यथा जायते हन्त श्रमणसिंहस्य ।
तथा चक्रवर्तिनोऽपि खलु नियमेन न जातु निजकृत्ये ॥ ५ ॥

(૫) જે પ્રમાણે શ્રમણસિંહને શિક્ષાદ્વયને વિષે નિશ્ચયે પ્રીતિ થાય છે. તે પ્રમાણે ચક્રવર્તીને ક્યારેક પણ નિશ્ચયથી પોતાના કૃત્યોને વિષે પ્રીતિ થતી નથી.

**गिण्हइ विहिणा सुत्तं भावेणं परममंतरूव त्ति ।**
**जोगो वि बीयमहुरोदजोगतुल्लो इमस्स त्ति ॥ ६ ॥**
गृह्णाति विधिना सूत्रं भावेन परममन्त्ररूपमिति ।
योगोपि बीजमधुरोदकयोगतुल्योस्येति ॥ ६ ॥

(૬) સાધુનિશ્ચયથી સૂત્રને વિધિપૂર્વક ગ્રહણ કરે છે. કારણ કે તે મોહરૂપી વિષને ઉતારવા માટે પરમ મંત્રરૂપ છે. સાધુને આ સૂત્રનો યોગ પણ બીજની સાથે મીઠા પાણીના યોગ સમાન છે. અર્થાત આ સૂત્રનો યોગ મોક્ષરૂપી ફલને આપનારો છે. હવે સૂત્રગ્રહણ વિધિ બતાવે છે.

**पत्तं परियाएणं सुगुरुसगासाउ कालजोगेण ।**
**उद्देसाइकमजुयं सुत्तं गेज्झंति गहणविही ॥ ७ ॥**
प्राप्तं पर्यायेण सुगुरुसकाशात्तु कालयोगेन ।
उद्देशादिक्रमयुतं सूत्रं ग्राह्यमिति ग्रहणविधिः ॥ ७ ॥

(૭) દીક્ષાના પર્યાયથી પ્રાપ્ત થયેલ સૂત્રને સદ્‌ગુરૂની પાસેથી કાલગ્રહણ અને યોગોધ્વહન પૂર્વક ઉદેશ, સમુદેશ વગેરેના ક્રમથી યુક્ત ગ્રહણ કરવું, તે ગ્રહણ વિધિ છે. હવે સૂત્રદાન વિધિ કહે છે.

**एसु च्चिय दाणविही नवरं दाया गुरूडथ एयस्स ।**
**गुरुसंदिट्ठो वा जो अक्खयचारित्तजुत्तु त्ति ॥ ८ ॥**
एष एव दानविधिः केवलं दाता गुरुरथैतस्य ।
गुरुसन्दिष्टो वा योऽक्षयचारित्रयुक्त इति ॥ ८ ॥

(૮) ઉપર કહેલ આ જ સૂત્ર-દાનની વિધિ છે. માત્ર આ સૂત્રના દાતા ગુરૂ અથવા ગુરૂથી સંદિષ્ટ જે અક્ષત-ચારિત્રથી યુક્ત હોય તે જ છે.

**अत्थगहणे उ एसो विन्नेओ तस्स तस्स य सुयस्स ।**
**तह चेव भावपरियागजोगओ आणुपुव्वीए ॥ ९ ॥**
अर्थग्रहणे त्वेष विज्ञेयस्तस्य तस्य च श्रुतस्य ।
तथैव भावपर्याययोगत आनुपूर्व्या ॥ ९ ॥

(૯) તે તે સૂત્રના અર્થગ્રહણમાં પણ આ વિધિ જાણવો. તે જ પ્રમાણે અસ્ખલિત ચારિત્ર પર્યાયના યોગથી અથવા પાઠાન્તર 'ભાવપરિવાગ' ને આશ્રયી પરિણામની પરિપક્વતાથી અતિપરિણામી અને અપરિણામીપણા ને છોડીને યથાક્રમથી અર્થનું ગ્રહણ કરવું.

**मंडलिनिसिज्ज सिक्खाकिइकम्मुस्सग्ग४ वंदणं जिट्ठे ।**
**उवओगो संवेगो ठाणे पसिणो य इच्चाइ ॥ १० ॥**

मण्डलिनिषद्या शिक्षाकृतिकर्मोत्सर्गवन्दनं ज्येष्ठे ।
उपयोगः संवेगः स्थाने प्रश्नश्चेत्यादि ॥ १० ॥

(૧૦) માંડલીમાં મોટા-નાનાંનો ક્રમ સાચવવો તેમજ માંડલીમાં કાજો લેવો, આચાર્યાદિ વાચનાદાતા માટે નિષદ્યા-આસન પાથરવું. સ્થાપનાચાર્યજી પધરાવવા પૂર્વક વાચનાદાતાને વંદન કરવું, વાચનાનો કાયોત્સર્ગ કરવો, આચાર્ય ઉઠ્યા પછી જ્ઞાને કરી જ્યેષ્ઠ એવા અનુવાચકને વંદન, વાચનામાં ઉપયોગ રાખવો, નવા નવા સંવેગથી ભાવિત થવું, સ્થાને પ્રશ્ન કરવા વગેરે અર્થ-ગ્રહણની વિધિ જાણવી.

('सिक्खा' ના સ્થાને 'अक्खा' અથવા 'सक्खा' જોઈએ.)

સૂત્ર અને અર્થના ગ્રહણ કરવારૂપ ગ્રહણ-શિક્ષાને કહ્યા પછી આસેવન શિક્ષા કહે છે.

**आसेवइ य जहुत्तं तहा तहा सम्ममेस सुत्तत्थं ।**
**उचियं सिक्खापुव्वं नीसेसं उवहिपेहाए ॥ ११ ॥**

आसेवते च यथोक्तं तथा तथा सम्यगेष सूत्रार्थम् ।
उचितं शिक्षापूर्वं निःशेषमुपधिप्रेक्षया ॥ ११ ॥

(૧૧) આ સાધુ પોતાના માયાચારનું નિરીક્ષણ કરીને પોતાના આત્માને શિક્ષા-શિખામણ આપવા પૂર્વક ઉપધિ=વસ્ત્ર પાત્રાદિનું પ્રતિ-લેખન જે પ્રમાણે સૂત્રાર્થ કહેવાયો છે તે તે પ્રમાણે સારી રીતે બધાય ઉચિત્તનું આ સેવન કરે.

**पडिवत्तिविरहियाणं न हु सुयमित्तमुवयारगं होइ ।**
**नो आउरस्स रोगो नासइ तह ओसहसुईओ ॥ १२ ॥**

प्रतित्तिविरहितानां न खलु श्रुतमात्रमुपकारकं भवति ।
नो आतुरस्य रोगो नश्यति तथौषधश्रुतेः ॥ १२ ॥

(૧૨) ઉપર કહ્યા પ્રમાણે બધા ઉચિતનું સેવન કરે કારણ કે જેમ તથા પ્રકારના ઔષધના સાંભળવા માત્રથી રોગી માણસ નો રોગ નાશ પામતો નથી તેમજ શ્રુત-શ્રવણ માત્ર આચરણ વિના ના જીવોને ઉપકારક થતુ નથી.

**न य विवरीएणेसो किरियाजोगेण अवि य वड्ढइ ।**
**इय परिणामाओ खलु सव्वं खु जहुत्तमायरइ ॥ १३ ॥**

न च विपरीतेनैष क्रियायोगेणापि च वर्धते ।
इति परिणामतः खलु सर्वं खलु यथोक्तमाचरति ॥ १३ ॥

(૧૩) અને વિપરીત ચિકિત્સાના સેવનથી પણ રોગ નાશ પામતો નથી પરંતુ વૃધ્ધિ પામે છે. આ પ્રમાણેના પરિણામથી મુનિ સૂત્રમાં જે પ્રમાણે કહેલું છે તે પ્રમાણે તે બધાયનું નિશ્ચયથી આચરણ કરે છે.

**थेवो वित्थमजोगो नियमेण विवागदारुणो होइ ।**
**पागकिरियागओ जह नाचनिणं सुप्पसिद्धं तु ॥ १४ ॥**

स्तोकोप्यत्रायोगो नियमेन विपाकदारुणो भवति ।
पाकक्रियागतो यथा ज्ञातमिदं सुप्रसिद्धं तु ॥ १४ ॥

(૧૪) આ પ્રમાણે થોડો પણ શાસ્ત્રોક્ત આચરણનો અભાવ અથવા વિપરીત આચરણ અવશ્ય વિપાકમાં ભયંકર હોય છે. જેમ રસોઈની બાબતમાં લવણનો અભાવ અથવા સાકરના સ્થાને લવણનો પ્રક્ષેપ રસોઈને નકામી બનાવી દે છે. આ દ્રષ્ટાંત પ્રસિધ્ધ છે.

**जह आउरस्स रोगक्खयत्थिणो दुक्करा वि सुहहेऊ ।**
**इत्थ चिगिच्छाकिरिया तह चेव जइस्स सिक्ख त्ति ॥ १५ ॥**

यथाऽऽतुरस्य रोगक्षयार्थिनो दुष्करापि सुखहेतुः ।
अत्र चिकित्साक्रिया तथैव यतेः शिक्षेति ॥ १५ ॥

(૧૫) આ લોકમાં જેમ રોગની નાબુદીના અભિલાષી રોગી માટેની દુષ્કર પણ ચિકિત્સા-ક્રિયા સુખ માટે થાય છે. તેમ જ સાધુની દુષ્કર પણ ગ્રહણ આસેવન શિક્ષા ભવરોગનો નાશ કરી મોક્ષ-સુખ માટે થાય છે.

**जं सम्मनाणमेयस्स तत्तसंवेयणं निओगेण ।**
**अन्नेहि वि भणियमओ विज्जसंविज्जपदमिसिणो ॥ १६ ॥**

यत्सम्यग्ज्ञानमेतस्य तत्त्वसंवेदनं नियोगेन ।
अन्यैरपि भणितमतो संवेद्यपदमृषेः ॥ १६ ॥

(૧૬) આ સાધુનું જે સમ્યગજ્ઞાન છે તે નિશ્ચયથી તત્વસંવેદન છે. માટે પતંજલિ વગેરે બીજાઓ વડે પણ ઋષિને વેધ્યસંવેદ્યપદ કહેવાયું છે.

**पढममहं पीडे वि हु पच्छा भत्ती उ होइ एयस्स ।**
**आगममित्तं हेऊ तओ असंगत्तमेगंता ॥ १७ ॥**

प्रथममथ प्रीतिरपि खलु पश्चाद् भक्तिस्तु भवत्येतस्य ।
आगममात्रं हेतुस्ततोऽसंगत्वमेकान्तात् ॥ १७ ॥

(૧૭) આ જિનોક્ત અનુષ્ઠાનને વિષે પ્રથમ સાધુને પ્રીતિ થાય છે.પછી ભક્તિ થાય છે. પછી જિનવચનને આગળ કરનારું વચન-અનુષ્ઠાન થાય છે. ત્યારપછી એકાંતે અસંગ-અનુષ્ઠાન હોય છે.

**जइणो चउव्विहं चिय अन्नेहि वि वन्नियं अणुट्ठाणं ।**
**पीईभत्तिगयं खलु तहागमासंगभेयं च ॥ १८ ॥**

यतेश्चतुर्विधमेवान्यैरपि वर्णितमनुष्ठानम् ।
प्रीतिभक्तिगतं खलु तथाऽऽगमासङ्गभेदं च ॥ १८ ॥

(૧૮) યતિનું આ ચાર પ્રકારનું જ અનુષ્ઠાન હોય છે. પતંજલી વગેરે અન્ય યોગીઓ વડે પણ પ્રીતિ,ભક્તિ,વચન અને અસંગના ભેદથી વર્ણવાયેલ છે.

**आहारोवहिसिज्जासु संजओ होइ एस नियमेण ।**
**जायइ अणहो सम्मं इत्तो य चरित्तकाउ त्ति ॥ १९ ॥**

आहारोपधिशय्यासु संयतो भवत्येष नियमेन ।
जायतेऽनधः सम्यग् इतश्च चारित्रकाय इति ॥ १९ ॥

(૧૯) આ સાધુ આહાર, ઉપધિ અને વસતી વિષે નિશ્ચયે સંયત-રાગદ્વેષ વિનાનો હોય છે. આથી જ તેનો ચારિત્ર દેહ સારી રીતે શુધ્ધ હોય છે. અથવા આથી જ સાધુ પવિત્ર ચારિત્ર કાયાવાલો થાય છે.

**एयासु अवत्तवओ जह चेव विरूद्धगेविणो देहो ।**
**पाउणइ न उणमेवं जइणो वि हु धम्मदेहु त्ति ॥ २० ॥**

एतास्वव्यक्तव्रतस्य यथैव विरुद्धसेविनो देहः ।
प्राप्नोति न गुणमेवं यतेरपि खलु धर्मदेह इति ॥ २० ॥

(૨૦) જે પ્રમાણે વિરૂધ્ધ કુપથ્ય સેવનાર રોગીના દેહને કશો ફાયદો થતો નથી. તેમ જ આહારદિને વિષે અવ્યક્તવ્રત=અસંસ્કૃત-અવ્યવસ્થિત વ્રતવાલો અથવા 'अवत्तचओ' પાઠાન્તર આશ્રયી સાધુના સારી રીતે પુષ્ટ નહિ થયેલ ધર્મદેહને કશો ગુણ થતો નથી.

# તેરમી ભિક્ષા વિંશિકા

**भिक्खाविही उ नेओ इमस्स एसो महाणुभावस्स ।**
**बायालदोसपरिसुद्धपिंडगहणं ति ते य इमे ॥ १ ॥**

भिक्षाविधिस्तु ज्ञेयोऽस्यैष महानुभावस्य ।
द्वाचत्वारिंशद्दोषपरिशुद्धपिण्डग्रहणमिति ते चेमे ॥ १ ॥

(૧) ઉદ્‌ગમ, ઉત્પાદ અને એષણાના ૪૨ દોષથી રહિત એવા શુધ્ધ પિંડનું ગ્રહણ કરવું. એ પ્રમાણે સાધુ મહાપુરૂષની આ ભિક્ષાવિધિ જાણવી. અને તે ૪૨ દોષો આ પ્રમાણે છે.

**सोलस उग्गमदोसा सोलस उप्पायणाइ दोसा उ ।**
**दस एसणाइ दोसा बायालीसं इय हवंति ॥ २ ॥**

षोडशोद्‌गमदोषाः षोडशोत्पादनाया दोषास्तु ।
दशैषणाया दोषा द्वाचत्वारिंशदिति भवन्ति ॥ २ ॥

(૨) ૧૬ ઉદ્‌ગમ દોષો ગૃહસ્થથી થતા, ૧૬ ઉત્પાદનના દોષો સાધુથી થતા અને ૧૦ એષણાના દોષો ગૃહસ્થ અને સાધુ ઉભયથી થતા એ પ્રમાણે ૪૨ દોષો થાય છે.

**आहाकम्मुद्देसिय पूईकम्मे य मीसजाए य ।**
**ठवणा पाहुडियाए पाओयरकीयपामिच्चे ॥ ३ ॥**

आधाकर्मोद्देशिकपूतिकर्म च मिश्रजातं च ।
स्थापना प्राभृतिका प्रादुष्करणक्रीतप्रामित्यम् ॥ ३ ॥

**परियट्टिए अभिहडे उब्भिन्ने मालोहडे इइ य ।**
**अच्छिज्जे अनिसिट्ठे अज्झोयरए य सोलसमे ॥ ४ ॥**

परिवर्तितोऽभिहृत उद्भिन्नो मालापहृत इति च ।
आच्छेद्योऽनिसृष्टोध्यवपूरकश्च षोडशः ॥ ४ ॥

(૩-૪) (૧) આધાકર્મી, (૨) ઉદ્દેશીક, (૩) પૂતિકર્મ, (૪) મિશ્રજાત,(૫) સ્થાપના,(૬) પાભૃતિકા,(૭) પ્રાદૂષ્કરણ (પ્રકાશ કરવો),(૮) ક્રીત,(૯) પ્રામિત્ય,(૧૦) પરિવર્તિત,(૧૧) અભ્યાહૃત,(૧૨) ઉદભિન્ન,(૧૩) માલાપહૃત,(૧૪) આચ્છેદ્ય,(૧૫) અનિસૃષ્ટ અને અધ્યવપૂરક આ પ્રમાણે કુલ ૧૬ ઉદ્ગમ દોષો જાણવા.

**घाईदूईनिमित्ते आजीव वणीमगे तिगिच्छा य ।**
**कोहे माणे लोभे य हवंति दस एए ॥ ५ ॥**

धात्री दूती निमित्त आजीवो वनीपकश्चिकित्सा च ।
क्रोधो मानो माया लोभश्च भवन्ति दशैते ॥ ५ ॥

(૫) (૧) ધાત્રી (૨) દૂતી (૩) નિમિત્ત (૪) આજીવક (૫) વનીપક (૬) ચિકિત્સા (૭) ક્રોધથી (૮) માનથી (૯) માયાથી (૧૦) લોભથી

**पुव्विं पच्छा संथव विज्जा मंते य चुन्न जोगे य ।**
**उप्पायणाइ दोसा सोलसमे मूलकम्मे य ॥ ६ ॥**

पूर्व पश्चात्संस्तवो विद्या मंत्रश्च चूर्ण योगश्च ।
उत्पादनाया दोषा षोडशो मुलकर्म च ॥ ६ ॥

(૬) (૧૧) પૂર્વ-પશ્ચાત સંસ્તવ (૧૨) વિદ્યા સંસ્તવ (૧૩) મંત્ર (૧૪) ચૂર્ણ (૧૫) યોગ અને (૧૬) મૂલ કર્મ એ પ્રમાણે ૧૬ ઉત્પાદનના દોષો જાણવા.

**संकिय मक्खिय निक्खित्त पिहिय साहरिय दायगुम्मीसे ।**
**अपरिणय लित्त छड्डिय एसणदोसा दस हवंति ॥ ७ ॥**

शङ्कितम्रक्षितनिक्षिप्तपिहितसंहृतदायकोन्मिश्राः ।
अपरिणतलिप्तच्छर्दिता एषणदोषा दश भवन्ति ॥ ७ ॥

(૭) (૧) શંકિત, (૨) મ્રક્ષિત, (૩) નિક્ષિપ્ત, (૪) પિહિત, (૫) સંહૃત, (૬) દાયક, (૭) ઉન્મિશ્ર, (૮) અપરિણત, (૯) લિપ્ત, (૧૦) છર્દિત એ પ્રમાણે કુલ ૧૦ એષણાના દોષો જાણવા.

**एयद्दोसविमुक्को जईण पिंडो जिणेणऽणुन्नाओ ।**
**संजोयणाइरहिओ भोगो वि इमस्स कारणओ ॥ ८ ॥**

एतद्दोषविमुक्तो यतीनां पिण्डो जिनेनानुज्ञातः ।
संयोजनादिरहितो भोगोऽप्यस्य कारणतः ॥ ८ ॥

(૮) આ ૪૨ દોષોથી રહિત એવા પિંડનું ગ્રહણ સાધુઓને જિનશ્વરો વડે અનુજ્ઞાત છે. વળી સંયોજનાદિ દોષોથી રહિત આ પિંડનો ભોગ પણ કારણે છે.

હવે સંયોજનાદિ દોષોને જણાવે છે.

**दव्वाईसंजोयणमिह बत्तीसाहिगं तु अपमाणं ।**
**रागेण सइंगालं दोसेण सधूमगं जाण ॥ ९ ॥**

द्रव्यादिसंयोजनमिह द्वात्रिंशदधिकं त्वप्रमाणम् ।
रागेण साङ्गारं द्वेषेण सधूमकं जानीहि ॥ ९ ॥

(૯) સ્વાદ માટે એક દ્રવ્યનું બીજા દ્રવ્ય સાથે સંયોજન દા.ત. દૂધ સાથે સાકરનું સંયોજન, સાધિક ૩૨ કવલનો આહાર અપ્રમાણ,

રાગપૂર્વક આહાર કરે તે ઈંગાલ દોષ અને દ્વેષપૂર્વક આહાર કરે તે ધૂમ દોષ જાણવો.

ગાથા ૮ માં કારણે પિંડનો ભોગ કહ્યો તે કારણો જણાવે છે.

**वेयणवेयावच्चे इरियट्ठाए य संजमट्ठाए ।**
**तह पाणवत्तियाए छट्ठं पुण धम्मचिंताए ॥ १० ॥**

वेदनवैयावृत्ये ईर्यार्थं च संयमार्थं च ।
तथा प्राणवृत्त्यै षष्ठं पुनर्धर्मचिन्तायै ॥ १० ॥

(૧૦) (૧) ક્ષુધાવેદનીયને શમાવવા, (૨) બાલ-વૃધ્ધ-ગ્લાન અને તપસ્વીની વૈયાવચ્ચ માટે, (૩) ઈર્યાસમિતિના પાલન માટે, (૪) સંયમના પાલન માટે તથા (૫) પ્રાણને ધારણ કરવા અને છઠ્ઠું કારણ ધર્મચિંતન કરવા માટે. આ ૬ કારણે ગોચરી વાપરવાની છે.

**वत्थं पाहाम्माइदोसदुट्ठं विवज्जियव्वं तु ।**
**दोसाण जहासंभवमेएसिं जोयणा नेया ॥ ११ ॥**

वस्त्रमप्याधाकर्मादिदोषदुष्टं विवर्जितव्यं तु ।
दोषाणां यथासंभवमेतेषां योजना ज्ञेया ॥ ११ ॥

(૧૧) આધાકર્માદિ દોષોથી દુષ્ટ એવા વસ્ત્રનો પણ પરિત્યાગ કરવો. યથાસંભવ આ આધાકર્માદિ દોષોની ઘટના વસ્ત્રને વિષે પણ કરવી.

**इत्थेव पत्तभेएण एसणा होइऽभिग्गहपहाणा ।**
**सत्त चउरो य पयडा अन्ना वि तहाऽविरुद्धत्ति ॥ १२ ॥**

अत्रैव पात्रभेदेनैषणा भवत्यभिग्रहप्रधाना ।
सप्त चत्वारश्च प्रकटा अन्याऽपि तथाऽविरुद्धा इति ॥ १२ ॥

(૧૨) આ ગોચરી-પાણીનાં વિષયમાં પાત્રના ભેદથી અર્થાત સ્થવિર કલ્પની અપેક્ષાએ જિનકલ્પ વગેરેને આશ્રયી એષણા અભિગ્રહની પ્રધાનતા વાલી હોય છે. ગોચરીની સાત અને પાણીની ચાર એષણાઓ પ્રસિધ્ધ છે. તથા બીજી પણ વિશિષ્ટ દ્રવ્ય-ક્ષેત્ર કાલ વગેરેના અભિગ્રહવાલી એષણાઓ સંમત છે.

**संसट्ठमसंसट्ठा उद्धड तह होइ अप्पलेवा य ।**
**ओग्गहियापग्गहिया उज्झियधम्मा य सत्तमिया ॥ १३ ॥**

संसृष्टासंसृष्टोद्धृता तथा भवत्यल्पलेपा च ।
उद्गृहीतापगृहीता उज्झितधर्मा च सप्तमिका ॥ १३ ॥

(૧૩) (૧) સંસૃષ્ટા, (૨) અસંસૃષ્ટા, (૩) ઉધ્ધૃતા, (૪) અલ્પલેપિકા, (૫) અવગ્રહિતા, (૬) પ્રગૃહિતા અને ઉજ્ઝિત-ધર્મા એ સાતમી ગોચરી સંબંધી એષણા છે.

હવે વસ્ત્ર સંબંધી એષણાઓ કહે છે.

**उद्दिट्ठ पेह अंतर उज्झियधम्मा चउत्थिया होइ ।**
**वत्थे वि एसणाओ पन्नत्ता वीयरागेहिं ॥ १४ ॥**

उद्दिष्टप्रेक्षोन्तरोज्झितधर्मा चतुर्थिका भवति ।
वस्त्रेप्येषणाः प्रज्ञप्ता वीतरागैः ॥ १४ ॥

(૧૪) (૧) ઉદ્દિષ્ટ :- ગુરૂ પાસે જે વસ્ત્રની રજા લીધી હોય તે વસ્ત્ર ગૃહસ્થ પાસે ન જોવામાં આવે તો તેનું અથવા અમુક વસ્ત્રનું યાચવું.

(૨) પ્રેક્ષિત :- જોવામાં આવેલ વસ્ત્રનું યાચવું.

(૩) અંતર :- નવું વસ્ત્ર પહેરી વપરાશવાલા વસ્ત્રને

મૂકવાની ઈચ્છાવાલો હોય તે દરમ્યાન-
અન્તરા-મૂકવાનું વસ્ત્ર યાચવામાં આવે
તે શય્યાતર વડે વપરાયેલ ચાદર કે ખેસનું
યાચવું.

(૪) ઉજ્ઝિત ધર્મા :- ઉપર પ્રમાણેનું વસ્ત્ર જીર્ણ થવાથી કાઢી
નાંખવા જેવું યાચવું. આ પ્રમાણે વસ્ત્રને
વિષે જિનેશ્વર ભગવંતે ચાર એષણા
કહેલી છે.

**सिज्जा वि इहं नेया आहाकम्माइदोसरहिया वि ।**
**ते वि दलाविक्खाए इत्थं सयमेव जोइज्जा ॥ १५ ॥**

शय्याऽपीह ज्ञेयाऽऽधाकर्मादिदोषरहिताऽपि ।
तेऽपि दलापेक्षयाऽत्र स्वयमेवेक्षेत ॥ १५ ॥

(૧૫) આ જિનેન્દ્ર-પ્રવચનમાં વસતી પણ આધાકર્માદિ દોષથી રહિત જાણવી અને આ વસતીના વિષે સામગ્રીની અપેક્ષાએ આધાકર્માદિ દોષ સ્વયંજ શોધવા અથવા યોજવાં.

**एसा वित्थीपंडकपसुरहिया जाण सुद्धिसंपुन्ना ।**
**अन्नापीडाइ तहा उग्गहसुद्धा मुणेयव्वा ॥ १६ ॥**

एषाऽपि स्त्रीपण्डकपशुरहिता जानीहि शुद्धिसंपूर्णा ।
अन्यापीडया तथाऽवग्रहशुद्धा ज्ञातव्या ॥ १६ ॥

(૧૬) આવી પણ વસતી સ્ત્રી, પશુ અને નપુંસકથી રહિત શુધ્ધિથી સંપૂર્ણ જાણવી તથા વસતીના સ્વામી વગેરે બીજાને પીડા ન થાય તે પ્રમાણે અવગ્રહ-યાચનાએ શુધ્ધ જાણવી.

**एसा वि हु विहिपरिभोगओ य आसंगवज्जिया णं तु ।**
**वसही सुद्धा भणिया इहरा उ गिहं परिग्गहओ ॥ १७ ॥**

एषाऽपि खलु विधिपरिभोगतश्चाऽऽसङ्गवर्जितानां तु ।
वसतिः शुद्धा भणितेतरथा तु गृहं परिग्रहतः ॥ १७ ॥

(૧૭) આસક્તિ વિનાના સાધુઓની આવી પણ વસતી વિધિપૂર્વકના પરિભોગથી-વર્ષાઋતુમાં ૩ વાર અને શેષકાલમાં ૨ વાર કાજો લેવા વગેરેથી શુધ્ધ કહી છે. અન્યથા પરિગ્રહ=મમત્વ કરવાથી તો ઘર જ કહ્યું છે.

**एवं आहाराइसु जु( ज )त्तवओ निम्ममस्स भावेण ।**
**नियमेण धम्मदेहारोगाओ होइ निव्वाणं ॥ १८ ॥**

एवमाहारादिषु युक्त(यत्न)वतो निर्ममस्य भावेन ।
नियमेन धर्मदेहाऽऽरोग्यात् भवति निर्वाणम् ॥ १८ ॥

(૧૮) એ પ્રમાણે આહાર, ઉપધિ, વસતી વગેરેને વિષે યતનાવાળા અને પરમાર્થથી મમત્વ વિનાના સાધુનો ધર્મદેહ નીરોગી થવાથી અર્થાત ચારિત્રની શુધ્ધિ થવાથી અવશ્ય મોક્ષ થાય છે.

**जाणइ असुद्धिमेसो आहाराईण सुत्तभणियाणं ।**
**सम्मुवउत्तो नियमा पिंडेसणभणियविहिणा य ॥ १९ ॥**

जानात्यशुद्धिमेष आहारादीनां सूत्रभणितानाम् ।
सम्यगुपयुक्तो नियमात्पिण्डैषणभणितविधिना च ॥ १९ ॥

(૧૯) સારી રીતે ઉપયોગવાલો સાધુ પિંડેષણાની કહેલ વિધિ વડે સૂત્રમાં કહેલ આહારદિની અશુધ્ધિને અવશ્ય જાણે છે.

નોંધ :- પ્રસ્તુત વિંશિકાની ઓગણીસ ગાથા જ મુદ્રિત પુસ્તકમાં છે.

# ચૌદમી ભિક્ષા-અંતરાય-શુધ્ધિ-લિંગ વિંશિકા

**भिक्खाए वच्चंता जइणो गुरुणो करेंति उवओगं ।**
**जोगंतरं पवज्जिउकामा आभोगपरिसुद्धं ॥ १ ॥**

भिक्षायै व्रजन्तो यतयो गुरोः कुर्वन्त्युपयोगम् ।
योगान्तरं प्रपत्तुकामा आभोगपरिशुद्धम् ॥ १ ॥

(૧) ઉપયોગથી પરિશુધ્ધ યોગાન્તરને=સ્વાધ્યાયાદિ યોગનો ત્યાગ કરી ભિક્ષા યોગને સ્વીકારવાની ઈચ્છાવાલા સાધુઓ આચાર્યની પાસે ઉપયોગ કરે છે. ઉપયોગની વ્યાખ્યાપૂર્વક ભિક્ષાનું પ્રયોજન કહે છે.

**सामीवेणं जोगो एसो सुत्ताइजोगओ होइ ।**
**कालाविक्खाइ तहा जणदेहाणुग्गहट्ठाए ॥ २ ॥**

सामीप्येन योग एष सूत्रादियोगतो भवति ।
कालापेक्षया तथा जनदेहानुग्रहार्थम ॥ २ ॥

(૨) उप સામીપ્યથી યોગ=ઉપયોગ સૂત્ર-અર્થ વગેરે યોગની સમીપે આ ભિક્ષાયોગ કાળની અપેક્ષાએ તે તે પ્રકારે લોક-ગૃહસ્થો અને દેહના ઉપકાર માટે હોય છે.

**एयविसुद्धिनिमित्तं अद्धागहणट्ठ सुत्तजोगट्ठा ।**
**जोगतिगेणुवउत्ता गुरुआणं तह पमग्गंति ॥ ३ ॥**

एतद्विशुद्धिनिमित्तमद्धाग्रहणार्थ सूत्रयोगार्थम् ।
योगत्रिकेणोपयुक्ता गुर्वाज्ञां तथा प्रमार्गयन्ति ॥ ३ ॥

(૩) આ ભિક્ષાની વિશુધ્ધિ માટે, અદ્ધા=કાલ તેથી કાલગ્રહણ માટે અને સૂત્રના યોગાદ્વહન કરવા માટે મન,વચન,અને કાયા ત્રણે યોગથી ઉપયુક્ત અર્થાત ઉપયોગનો કાર્યોત્સર્ગ કરીને તથા પ્રકારે ગુરૂની આજ્ઞા માંગે છે. જે 'इच्छकारेण संदिसह भगवन् ! लाभ' વગેરેથી પ્રસિધ્ધ છે.

**चिंतेइ मंगलमिहं निमित्तसुद्धिं तिहा परिक्खंता ।**
**कायवयमणेहिं तहा नियगुरुयणसंगएहिं तु ॥ ४ ॥**

चिन्तयति मङ्गलमिह निमित्तशुद्धिं त्रिधा परीक्षमाणः ।
कायवचोमनोभिस्तथा निजगुरुजनसङ्गतैस्तु ॥ ४ ॥

(૪) આ ભિક્ષા-શુધ્ધિમાં તે તે પ્રકારે પોતાના સંઘાટક વગેરે વડીલ જનની સાથે મન-વચન અને કાયાએ કરી ત્રણ પ્રકારે (૧) પોતાના મનનો ઉલ્લાસ, (૨) ગુરૂ ભગવંતના અનુકૂળ શબ્દ અને (૩) અનુકૂલ જનવાદ, અંગ-સ્ફૂરણ, શુભશકુન દર્શન, અનુકૂલ શબ્દાદિનું શ્રવણ વગેરે નિમિત્ત શુધ્ધિની પરીક્ષા કરતા, અથવા પ્રતિક્ષા કરતા સાધુઓ પંચમંગલ, અનંતલબ્ધિ નિધાન શ્રી ગૌતમ સ્વામીનું નામ સ્મરણ વગેરે મંગલનું ચિંતન કરે છે.

**एयाणमसुद्धिए चिइवंदण तह पुणो वि उवओगो ।**
**सुद्धे गमणं चिरं असुद्धिभावे ण तद्दियहं ॥ ५ ॥**

एतेषामशुद्ध्या चितिवन्दनं तथा पुनरप्युपयोगः ।
शुद्धे गमनं खलु चिरं अशुद्धिभावे न तद्दिवसम् ॥ ५ ॥

(૫) મન વચન અને કાયાએ કરીને નિમિત્તની અશુધ્ધિ થાયતો

ચૈત્યવંદન કરી ફરીથી પણ ઉપયોગનો કાર્યોત્સર્ગ કરે. એ પ્રમાણે શુધ્ધિ થાય તો ભિક્ષા માટે જાય અને લાંબા સમય સુધી નિમિત્તની અશુધ્ધિ થાય તો તે દિવસે ભિક્ષા માટે જાય નહીં.

**सुद्धे वि अंतराया एए परिसेहगा इहं हुंति ।**
**आहारस्स इमे खलु धम्मस्स उ साहगा जोगा ॥ ६ ॥**

शुद्धेऽप्यन्तराया एते प्रतिषेधका इह भवन्ति ।
आहारस्येमे खलु धर्मस्य तु साधका योगाः ॥ ६ ॥

(૬) નિમિત્ત શુધ્ધિ હોવા છતાં અહીં જિનેન્દ્રપ્રવચનમાં આ અંતરાયો આહારના **નિષેધક** છે. અર્થાત આહારની અશુધ્ધિના સૂચક છે. અને અશુધ્ધ આહારથી સાધુના યોગોની શુધ્ધિ થતી નથી, અને સાધુના આ મન-વચન-કાયાના શુધ્ધ યોગો ધર્મના સાધક છે. માટે યોગશુધ્ધિ માટે આહારશુધ્ધિ આવશ્યક છે. " જેવો આહાર તેવું સત્વ " વગેરે સુભાષિતો પ્રસિધ્ધ છે. ગૃહસ્થને ન્યાયોપાર્જિત દ્રવ્ય જેમ અભ્યુદયનું સાધક છે. તેમ સાધુને નિર્દોષ આહાર-પાણી વિશુધ્ધ ચારિત્રના સાધક છે. તથા કોઈના પ્રવેશદ્વાર આગળ યાચક વગેરેનું હોવું, પ્રવેશદ્વારમાં જ કૂતરાં, વાછરડા, બાળક વગેરેનું બેસવું, કોઈકના આંગણામાં કાચા પાણી, બીજ વગેરેનું પથરાવવું, દાત્રીને પરંપર અનંતર સચિત્તાદિના સંઘટ્ટા થવારૂપ અંતરાયોનો નિર્દેશ આગળની ગાથાઓમાં સંભવે છે. તત્ત્વ જ્ઞાની જાણે. મૂલાચાર ગ્રંથમા આહારના અંતરાય વિષયની ગાથાઓ

कागागिद्धाछद्दीरोधणरुधिरं च अस्सुवादं च ।
जण्हूहेट्ठापरिसं जण्हूवरि वदिकमो चेव ॥

णाहिअहोणिग्गमणं पच्चक्खिदसेवणा य जंतुवहो ।
कागादिपिंडहरणं पाणीदो पिंडपडणं च ॥
पाणीये जंतुवहो मंसादीदंसणे य उवसग्गे ।
पादंतरपंचिंदिय संपादो भायणाणं च ॥
उच्चारं पस्सवणं अभोज्जगिहपवेसणं तहा पडणं ।
उववेसण संदंसो भूमी संफासणिट्ठिवणं ॥
उदरक्किमिणिग्गमणं अदत्तगहणं पहारगामदाहो य ।
पादेण किंचिगहणं करेण वा जच्च भूमीदो ।
एदे अण्णे बहुगा कारणभूदा अभोजणस्सेह ।
भीहण लोयदुगुच्छण संजमणिव्वेदणट्ठं च ॥

(૧) કાગડાવગેરેનું ચરકવું. (૨) વમન=ઉલટીનું થવું (૩) 'આજે વાપરવું નહીં' આ પ્રમાણેનો કોઈક દ્વારા નિષેધ તે રોધન (૪) પોતાના કે અન્યના શરીરમાંથી વધારે પ્રમાણમાં લોહી વગેરેનું નીકળી જવું. (૫) કોઈકનું મરણ થતા શોકથી પોતાને અશ્રુપાત થાય. (૬) ઢીંચણ સુધીના આડા લાકડાને ઓળંગવાનું થયે છતે (૭) નાના પ્રવેશદ્વારાદિના કારણે નાભીથી નીચે માંથુ નમાવી નીકળવાનું થાય. (૮) પચ્ચક્ખાણપૂર્વક ત્યાગ કરેલી વસ્તુનું સેવન થાય. (૯) સાધુ સમક્ષ જ બીલાડી વગેરે દ્વારા ઉંદરાદિનું મારવું. (૧૦) કાગડા, કુતરા વગેરે વડે પિંડનું હરણ થવું. (૧૧) સાધુ અથવા દાયકના હાથમાંથી પિંડનું ભૂમિ પર પડવું. (૧૨) પાણીમાં કોઈ જીવનું પડી મરવું. (૧૩) માંસ વગેરેનું દર્શન થવું. (૧૪) દેવતાદિના ઉપસર્ગ આવી પડે ત્યારે (૧૫) બે પગ વચ્ચેથી પંચેન્દ્રિય પ્રાણીનું નીકળવું. (૧૬) દાતાનું અથવા સાધુનું ભાજન નીચે પડવું. (૧૭-૧૮) લઘુ-વડી નીતિનું થવું. (૧૯) અભોજયગૃહમાં પ્રવેશ થવો. (૨૦) ચક્કર અથવા થાકથી ભૂમિ

પર પડી જવું તે ઉપવેશન (૨૧) કૂતરા વગેરે વડે કરડવાનું થવું. (૨૨) હાથ વડે ભૂમિનો સ્પર્શ થવો. (૨૩) પિંડપર થૂંકનું પડવું. (૨૪) પેટમાંથી કૃમિનું નીકળવું. (૨૫) અદત્તપિંડનું ગ્રહણ (૨૬) પોતાની ઉપર અથવા પોતાની નજીકમાં રહેલ વ્યક્તિ ઉપર પ્રહાર થવો. (૨૭) ગ્રામ-દાહ (૨૮) ભૂમિ પર રહેલા સુવર્ણાદિનું હાથથી અથવા પગથી ગ્રહણ કરવું તથા બીજા પણ અભોજનના કારણભૂત- (૨૯) યુધ્ધ વગેરેનો ભય. (૩૦) લોક દુગંછા (૩૧) જીવદયા અને ઈન્દ્રિય દમનરૂપ સંયમ માટે તથા (૩૨) ભવ-નિર્વેદના કારણે.

# પંદરમી આલોચના વિંશિકા

**भिक्खाइसु जत्तवओ एवमवि य माइदोसओ जाओ ।**
**हुंतऽइयारा ते पुण सोहइ आलोयणाइ जई ॥ १ ॥**

भिक्षादिषु यत्नवत एवमपि च मातृदोषतो ये ।
भवन्त्यतिचारास्ते पुनः शोधयत्यालोचनया यतिः ॥ १॥

(૧) એ પ્રમાણે ભિક્ષાદિને વિષે યતનાવાળા સાધુને પણ માયાદિ દોષથી અથવા અષ્ટપ્રવચન માતાસ્વરૂપ સમિતિ-ગુપ્તિના પાલનમાં પ્રમાદના દોષથી જે અતિચારો થાય છે. સાધુ આલોચના દ્વારા તેની શુધ્ધિ કરે છે.

**पक्खे चाउम्मासे आलोयण नियमसो उ दायव्वा ।**
**गहणं अभिग्गहाण य पुव्वग्गहिए णिवेदेउं ॥ २ ॥**

पक्षे चातुर्मास्ये आलोचना नियमशस्तु दातव्या ।
ग्रहणमभिग्रहाणां च पूर्वगृहीतान्निवेद्य ॥ २ ॥

(૨) સાધુએ સંયોગો હોય તો ૧૫ દિવસે નહિંતર ચૌમાસીએ અવશ્ય આલોચના કરવી જોઈએ. અને પૂર્વે ગ્રહણ કરેલા અભિગ્રહનું સ્ખલનાદિ ગુરૂ પાસે નિવેદન કરી નવા અભિગ્રહો ગ્રહણ કરવા જોઈએ.

**आलोयणा पयडणा भावस्स सदोसकहणमिइ गज्झो ।**
**गुरुणो एसा य तहा सुविज्जनाएण विन्नेआ ॥ ३ ॥**

आलोचना प्रकटना भावस्य स्वदोषकथनमिति ग्राह्यः ।
गुरोरेषा च तथा सुवैद्यज्ञातेन विज्ञेया ॥ ३ ॥

(૩) ભાવનું પ્રગટ કરવું અર્થાત્ પોતાનાં દોષનું પ્રગટ કરવું. એ પ્રમાણે આલોચનાનો અર્થ જાણવો. સુંદર વૈદ્યના દ્રષ્ટાંતથી આ આલોચના તથા પ્રકારના ગુરૂના આગળ જાણવી. 'गज्झो' ના સ્થાને 'गुज्झो' પાઠ કલ્પીએ તો પોતાના દોષનું કથન કરવું એ આલોચનાનો રહસ્યાર્થ જાણવો.

**जह चेव दोसकहणं न विज्जमित्तस्स सुंदरं होइ ।**
**अवि य सुविज्जस्स तहा विन्नेयं भावदोसे वि ॥ ४ ॥**

यथैव दोषकथनं न वैद्यमात्रस्य सुन्दरं भवति ।
अपि च सुवैद्यस्य तथा विज्ञेयं भावदोषेऽपि ॥ ४ ॥

(૪) જેમ નામ માત્રના વૈદ્યની આગળ દ્રવ્યરોગરૂપ દોષનું કથન સુંદર થતુ નથી પરંતુ સારા વૈદ્યની પાસે, તે જ પ્રમાણે અહીં ભાવરોગરૂપ દોષના વિષયમાં પણ જાણવું.

**तत्थ सुविज्जो य इमो आरोग्गं जो विहाणओ कुणइ ।**
**चरणारुग्गकरो खलु एवित्थ गुरु वि विन्नेओ ॥ ५ ॥**

तत्र सुवैद्यश्चायमारोग्यं यो विधानतः करोति ।
चरणारोग्यकरः खल्वेमत्र गुरुरपि विज्ञेयः ॥ ५ ॥

(૫) ત્યાં દ્રવ્યદોષને વિષે જે આ સારો વૈદ્ય વિધિપૂર્વક આરોગ્યને કરે છે. અહીં પણ ભાવદોષને વિષે નિશ્ચયથી ચારિત્રરૂપી આરોગ્યના કરનાર ગુરૂ જાણવા.

**जस्स समीवे भावाउरा तहा पाविऊण विहिपुव्वं ।**
**चरणारुग्गं पकरंति सो गुरु सिद्धकम्मुत्थ ॥ ६ ॥**

यस्य समीपे भावातुरास्तथा प्राप्य विधिपूर्वम् ।
चरणारोग्यं प्रकुर्वन्ति स गुरुः सिद्धकर्मात्र ॥ ६ ॥

(૬) તે જ પ્રમાણે ભાવરોગીઓ જેનું સામીપ્ય પામીને વિધિપૂર્વક ચારિત્ર-આરોગ્ય કરે છે-પામે છે. તે ગુરૂ આ ભાવ-રોગના વિષયમાં સિધ્ધ-કર્મ-નિષ્ણાત જાણવા.

**धम्मस्स पभावेण जायइ एयारिसो न सव्वो वि ।**
**विज्जो व सिद्धकम्मो जइयव्वं एरिसे विहिणा ॥ ७ ॥**

धर्मस्य प्रभावेण जायत एतादृशो न सर्वोऽपि ।
वैद्य इव सिद्धकर्मा, यतितव्यमीदृशे विधिना ॥ ७ ॥

(૭) ધર્મના પ્રભાવથી સિધ્ધ-કર્મ વૈદ્ય જેવા કોઈક જ આવા ગુરૂ હોય છે. બધાય નહીં. માટે આલોચનાના વિષયમાં આવા ગુરૂને વિષે વિધિપૂર્વક પ્રયત્ન કરવો.

**एसो पुण नियमेणं गीयत्थाइगुणसंजुओ चेव ।**
**धम्मकहापक्खेवगविसेसओ होइ उ विसिट्ठो ॥ ८ ॥**

एष पुनर्नियमेन गीतार्थादिगुणसंयुतश्चैव ।
धर्मकथाप्रक्षेपकविशेषतो भवति तु विशिष्टः ॥ ८ ॥

(૮) વળી, આ સિધ્ધકર્મા આચાર્ય અવશ્ય ગીતાર્થતા,સંવિગ્નતા, ગંભીરતાદિ ગુણથી યુક્ત જ હોવા જોઈએ. અને ધર્મકથા દ્વારા શ્રોતા માં ધર્મનો ન્યાસ કરવાની વિશેષતાથી વળી તે વિશિષ્ટ સિધ્ધકર્મા આચાર્ય બને છે.

धम्मकहाउज्जुत्तो भावन्नू परिणओ चरित्तम्मि ।
संवेगवुड्ढिजणओ सम्मं सोमो पसंतो य ॥ ९ ॥

धर्मकथोद्युक्तो भावज्ञः परिणतश्चरित्रे ।
संवेगवृद्धिजनकः सम्यक् सौम्यः प्रशान्त्वश्च ॥ ९ ॥

(૯) સિધ્ધકર્મા આચાર્ય ધર્મકથા કરવામાં ઉદ્યમી,શિષ્ય અથવા આલોચકના ભાવને જાણનાર, ચારિત્રની પરિણતિવાળા, સારી રીતે મોક્ષના અભિલાષની વૃધ્ધિ કરનારા, અત્યંત સૌમ્ય અને પ્રશાન્ત હોવા જોઈએ.

एयारिसम्मि नियमा संविग्गेणं पमायदुच्चरियं ।
अपुणकरउज्जएणं पयासियव्वं जइजणेणं ॥ १० ॥

एतादृशे नियमात्संविग्नेन प्रमाददुश्चरितम् ।
अपुनःकरणोद्यतेन प्रकाशयितव्यं यतिजनेन ॥ १० ॥

(૧૦) આવા પ્રકારના સિધ્ધકર્મા આચાર્યની પાસે અવશ્ય અપુનઃકરણમાં-ફરીથી તે પાપ નહિ કરવામાં સંકલ્પપૂર્વક ઉદ્યમવંત અને મોક્ષના અભિલાષી સાધુજને પોતાના પ્રમાદથી થયેલા ખરાબ આચરણનું પ્રકાશન કરવું જોઈએ.

जह बालो जंपंतो कज्जमकज्जं च उज्जुयं भणइ ।
तं तह आलोइज्जा मायामयविप्पमुक्को य ॥ ११ ॥

यथा बालो जल्पन्कार्यमकार्यं च ऋजुकं भणति ।
तत्तथाऽऽलोचयेन्मायामदविप्रमुक्तश्च ॥ ११ ॥

(૧૧) જેમ બાળક સારૂં-નરશું જે બન્યું હોય તે સરળતાદિ કહી દે છે તે જ પ્રમાણે સંયમશુધ્ધિના આગ્રહી એવા સાધુ-સાધ્વીજી

પોતાના પ્રમાદથી જે પાપ-અતિચાર જે ભાવથી સેવાયા હોય તે રીતે માયા અને મદથી રહિતપણે સદ્ગુરૂ સમક્ષ પ્રગટ કરવા રૂપ આલોચના કરે.

**पच्छित्तमयं करणा अन्ने सुद्धि भणंति नाणस्स ।**
**तं च न; जम्हा एयं ससल्लवणरोहणप्पायं ॥ १२ ॥**

प्राचश्चित्तमात्रं करणादन्ये शुद्धि भणन्ति नान्यस्य ।
तच्च न; यस्मादेतत्सशल्यव्रणरोहणप्रायम् ॥ १२ ॥

(૧૨) પ્રાયશ્ચિત માત્રના કરવાથી બીજા આચાર્યો શુધ્ધિ કહે છે. નહીં કે અન્યના = આલોચના વગેરે કરવાથી. તે કથન બરોબર નથી. કારણકે આલોચના વિનાનું માત્ર પ્રાયશ્ચિત શલ્યવાળા વ્રણ-ઘા ઉપર મલમપટ્ટા સમાન છે. તેથી આલોચનાપૂર્વક પ્રાયશ્ચિત કરવું જોઈએ. જેથી આલોચના દ્વારા અપરાધરૂપી શલ્યનો ઉધ્ધાર થાય. નોંધ :- 'पच्छित्तमयं' ના સ્થાને 'पच्छित्तमत्तं' તથા 'नाणस्स'ના સ્થાને 'नाऽण्णस्स' પાઠ સંભવે છે. **અથવા મૂલ પાઠ છે તે પ્રમાણે આ પ્રાયશ્ચિત કરવાથી કેટલાક જ્ઞાનની શુદ્ધિ કહે છે. શેષ ઉપર પ્રમાણે-**

**अवराहा खलु सल्लं एयं३ मायाइभेयओ तिविहं ।**
**सव्वं पि गुरुसमीवे उद्धरियव्वं पयत्तेण ॥ १३ ॥**

अपराधाः खलु शल्यमेतन्मायादिभेदतस्त्रिविधम् ।
सर्वमपि गुरुसमीपे उद्धर्तव्यं प्रयत्नेन ॥ १३ ॥

(૧૩) અપરાધો નિશ્ચે શલ્ય છે. જે (૧) માયાશલ્ય, (૨) મિથ્યાત્વશલ્ય, અને (૩) નિયાણશલ્યના ભેદથી ત્રણ પ્રકારના છે. તે બધા ય શલ્યોનો ગુરૂની પાસે પ્રયત્ન વડે ઉધ્ધાર કરવો.

**न य तं सत्थं व विसं व दुप्पउत्तु व्व कुणइ वेयालो ।**
**जंतं व दुप्पउत्तं सत्तु( प्पु ) व्व पमाइओ कुद्धो ॥ १४ ॥**

न च तच्छस्त्रं वा विषं वा दुष्प्रयुक्तो वा करोति वेतालः ।
यन्त्रं वा दुष्प्रयुक्तं शत्रुर्वा प्रमादितः क्रुद्धः ॥ १४ ॥

**जं कुणइ भावसल्लं अणुद्धियं उत्तिमट्ठकालम्मि ।**
**दुल्लहबोहीयत्तं अणंतसंसारियत्तं च ॥ १५ ॥**

यत्करोति भावशल्यमनुद्धृतमुत्तमार्थकाले ।
दुर्लभबोधिकत्वमनन्तसंसारिकत्वं च ॥ १५ ॥

(१४-१५) અવિધિ એ પ્રયોગ કરાયેલ શસ્ત્ર, વિષ કે વેતાલ અથવા અવિધિ વપરાયેલ યંત્ર અથવા તિરસ્કારથી ક્રોધે ભરાયેલ શત્રુ કે સર્પ જીવનું તે અહિત કરતો નથી, જે અહિત મરણ સમયે નહિ ઉધ્ધરેલ ભાવશલ્ય કરે છે. શુ કરે છે ? તે જીવને દુર્લભબોધિપણું અને અનંત સંસારીપણું આપે છે.

**तो उद्धरंति गारवरहिया मूलं पुणब्भवलयाणं ।**
**मिच्छद्दंसणसल्लं मायासल्लं नियाणं च ॥ १६ ॥**

तत उद्धरन्ति गौरवरहिता मूलं पुर्भवलतानाम् ।
मिथ्यादर्शनशल्यं मायाशल्यं निदानं च ॥ १६ ॥

(१६) તેથી પુનર્જન્મરૂપી વેલડીઓના મૂળસમાન મિથ્યાત્વશલ્ય, માયાશલ્ય, અને નિયાણશલ્યનો ગારવરહિત સાધુઓ ગુરૂની પાસે પ્રયત્ન વડે ઉધ્ધાર કરે છે.

**चरणपरिणामधम्मे दुच्चरियं अद्धिइं दढं कुणइ ।**
**कह वि पमायावट्टिय जाव न आलोइयं गुरुणो ॥ १७ ॥**

चरणपरिणामधर्मे दुश्चरितमधृतिं दृढं करोति ।
कथमपि प्रमादावर्तितं यावन्नालोचितं गुरोः ॥ १७ ॥

(१७) કોઈપણ રીતે પ્રમાદથી સેવાયેલ દોષની આલોચના ગુરૂ પાસે ન થાય ત્યાં સુધી ચારિત્રના પરિણામ સ્વરૂપ ધર્મને **વિષે** તે દોષ અત્યંત અધૃતિ કરે છે અર્થાત સાધુને અત્યંત અસ્વસ્થ કરે છે.

**जं जाहे आवज्जइ दुच्चरियं तं तहेव उत्तेणं ।**
**आलोएयव्वं खलु सम्मं सइयारमरणभया ॥ १८ ॥**

यद्यथाऽऽपद्यते दुश्चरितं तत्तथैव यत्नेन ।
आलोचयितव्यं खलु सम्यक् सातिचारमरणभयात् ॥ १८ ॥

(१८) સાતિચાર મૃત્યુના ભયથી સાધુએ જ્યારે જે અપરાધ, થાય તે અપરાધ ત્યારે જ યત્નપૂર્વક સારી રીતે આલોવો જોઈએ. અર્થાત આલોચના કરવી જોઈએ.

**एवमवि य पक्खाई जायइ आलोयणाओ विसओ त्ति ।**
**गुरुकज्जाणालोयणा भावाणाभोगओ चेव ॥ १९ ॥**

एवमपि च पक्षादौ जायत आलोचनाया विषय इति ।
गुरुकार्यानालोचनाद् भावानाभोगतश्चैव ॥ १९ ॥

(१९) આ પ્રમાણે અપરાધોની તુરત જ આલોચના કરવા છતાં ખરેખર અનાભોગથી જ મોટા અકાર્યની આલોચના ન થવાથી અથવા ગુરૂ સંબંધી ગ્લાન-વૈયાવચ્ચ આદિમાં વ્યાપૃત હોવાના કારણે

પરમાર્થથી વિસ્મૃતિ થઈ જવાથી પક્ષ ચાર્તુમાસ વગેરે આલોચનાનો વિષય બને છે.

**जं जारिसेण भावेण सेवियं किं पि इत्थ दुच्चरियं ।**
**तं तत्तो अहिगेणं संवेगेणं तहाऽऽलोए ॥ २० ॥**

यद्यादृशेन भावेन सेवितं किमप्यत्र दुश्चरितम् ।
तत्ततोधिकेन संवेगेन तथाऽऽलोचयेत् ॥ २० ॥

(૨૦) આ આલોચનાના વિષયમાં જે કંઈપણ, જેવા ભાવથી ખરાબ આચરણનું સેવન કર્યું હોય તે ખરાબ આચરણનું તેનાથી અધિક સંવેગના ભાવથી તે પ્રમાણે આલોચના કરવી જોઈએ.

# સોળમી પ્રાયશ્ચિત વિંશિકા

**पच्छित्ताओ सुद्धी तहभावालोयणेण जं होइ ।**
**इहरा ण पीढबंभाइओ२ सआ सुकडभावे वि ॥ १ ॥**

प्रायश्चित्ताच्छुद्धिस्तथाभावालोचनेन यद्भवति ।
इतरथा न पीठब्रह्मादितः सदा सुकृतभावेपि ॥ १ ॥

(૧) જે કારણથી તથા પ્રકારે પારમાર્થિક આલોચનાપૂર્વકના પ્રાયશ્ચિતથી શુધ્ધિ થાય. છે, તે કારણથી અન્યથા-આલોચના અને પ્રાયશ્ચિત વિના શુધ્ધિ થતી નથી. જેમ કે પીઠ-મહાપીઠ મુનિઓ કે જે બ્રાહ્મી-સુંદરીના જીવોને સદાય સ્વાધ્યાયાદિ સુકૃત હોવા છતાં શુધ્ધિ થઈ નહિ.

**अहिगा तक्खयभावे पच्छित्तं किंफलं इहं होइ ।**
**तदहिगकम्मक्खयभावओ तहा हंत मुक्खफलं ॥ २ ॥**

अधिकात्तत्क्षयभावे प्रायश्चितं किंफलमिह भवति ।
तदधिककर्मक्षयभावतस्तथा हन्त मोक्षफलम् ॥ २ ॥

(૨) શંકા :- આલોચના વિંશિકાની છેલ્લી ૨૦મી ગાથામાં કહેવાયું છે કે - જે ભાવથી અપરાધનું સેવન થયું હોય તે કરતા અધિક સંવેગથી આલોચના કરવી જોઈએ. તો અધિક સંવેગપૂર્વકની આલોચનાથી જ અપરાધજન્ય પાપનો ક્ષય થઈ જતો હોય તો અહીં શુધ્ધિના વિષયમાં પ્રાયશ્ચિતનું શું ફલ થયું ? અર્થાત્ કશું જ નહિ.

સમાધાન :- તે સેવેલ અપરાધ જન્ય પાપ કરતા અધિક અર્થાત્ સત્તામાં રહેલ પૂર્વનું પાપ પણ તથા પ્રકારે ક્ષય થવાથી ખરેખર પ્રાયશ્ચિત મોક્ષફલ વાળું થાય છે.

**पावं छिंदइ जम्हा पायच्छित्तं ति भण्णए तम्हा ।**
**पाएण वा वि चित्तं सोहयई तेण पच्छित्तं ॥ ३ ॥**

पापं छिनत्ति यस्मात्प्रायश्चित्तमिति भण्यते तस्मात् ।
प्रायेण वापि चित्तं शोधयति तेन प्रायश्चित्तम् ॥ ३ ॥

(૩) જે કારણથી પાપને છેદે-કાપે છે. તે કારણથી પ્રાયશ્ચિત કહેવાય છે. અથવા પ્રાયઃ કરીને તે ચિત્તને શુધ્ધ-નિર્મળ કરે છે. માટે તેને પ્રાયશ્ચિત કહે છે.

**संकेसणाइभेया चित्तअसुद्धीइ बज्झई पावं ।**
**तिव्वं चित्तविवागं अवैइ तं चित्तसुद्धीओ ॥ ४ ॥**

(शंकैषना) संक्लेशनादिभेदाच्चित्ताशुद्ध्या बध्यते पापम् ।
तीव्रं चित्रविपाकमपैति तच्चित्तशुद्धेः ॥ ४ ॥

(૪) શંકિત એષણા વગેરેના ભેદે કરી અથવા સંકલેશ વગેરેના ભેદે કરી ચિત્તની અશુધ્ધિથી વિવિધ વિપાકવાળા તીવ્ર પાપ બંધાય છે. અને તે પાપ ચિત્તની વિશુધ્ધિથી નાશ પામે છે.

**किच्चे वि कम्मइ तहा जोगसमत्तीइ भणियमेयं ति ।**
**आलोयणाइभेया दसविहमेयं जहा सुत्ते ॥ ५ ॥**

कृत्येपि कर्मणि तथा योगसमाप्त्या भणितमेतदिति ।
आलोचनादिभेदाद्दशविधमेतद्यथा सूत्रे ॥ ५ ॥

(૫) માટે જ અવશ્ય કર્તવ્ય જેવા કે પ્રતિક્રમણ, વૈયાવચ્ચ વગેરે અનુષ્ઠાનમાં તથા યોગોદ્વહનની સમાપ્તિમાં પણ આ પ્રાયશ્ચિત કહ્યું છે. જે પ્રમાણે સૂત્રમાં છે તે પ્રમાણે આ પ્રાયશ્ચિત આલોચના વગેરે ભેદથી દસ પ્રકારનું છે.

**आलोयणपडिकमणे मीस विवेगे तहा विउस्सग्गे ।**
**तवछेयमूलअणवट्ठया व पारंचियं चेव ॥ ६ ॥**

आलोचनाप्रतिक्रमणे मिश्रविवेकौ तथा व्युत्सर्गः ।
तपच्छेदमूलानवस्थता च पारावंचकं चैव ॥ ६ ॥

(६) આલોચના (૧) પ્રતિક્રમણ (૨) મિશ્ર (૩) વિવેક (૪) કાયોત્સર્ગ (૫) તપ (૬) છેદ (૭) મૂલ (૮) અનવસ્થાપ્ય (૯) અને પારાંચિત (૧૦) એમ પ્રાયશ્ચિતના દસ પ્રકારો છે.
હવે પ્રત્યેકનું સ્વરૂપ જણાવે છે.

**वसहीओ हत्थसया बार्हि कज्जे गयस्स विहिपुव्वं ।**
**गमणाइगोयरा खलु भणिया आलोयणा गुरुणा ॥ ७ ॥**

वसतेर्हस्तशताद्बहिः कार्ये गतस्य विधिपूर्वम् ।
गमनादिगोचरा खलु भणिताऽऽलोचना गुरुणा ॥ ७ ॥

(૭) દેરાસર, વિહાર, ભિક્ષાચર્યા, સ્થંડિલભૂમિએ જવું-આવવું વગેરે કાર્યો માટે ઉપાશ્રયથી સો હાથની બહાર-જવા-આવવાના વિષયમાં ગુરૂ સમક્ષ વચન દ્વારા આલોચના કરે અર્થાત્ પ્રગટ કરે તેને આલોચના પ્રાયશ્ચિત જગત ગુરૂ વડે કહેવાયું છે.

**सहसच्चिय अस्समियाइभावगमणे य चरणपरिणामा ।**
**मिच्छादुक्कडदाणा तग्गमणं पुण पडिक्कमणं ॥ ८ ॥**

सहसैवासमितादिभावगमने च चरणपरिणामात् ।
मिथ्यादुष्कृतदानात्तद्गमनं पुनः प्रतिक्रमणम् ॥ ८ ॥

(૮) ચારિત્રના પરિણામથી પાંચ સમિતિઓ અને ત્રણ ગુપ્તિને વિષે

સહસાત્કારથી કે અનુપયોગથી કોઈપણ રીતે પ્રમાદના કારણે વિપરીત કે ખોટી રીતે આચરણ કર્યે છતે તેનું મિચ્છામી દુક્કડમ્ આપવાથી ચારિત્રના પરિણામમાં પાછા ફરવું તે પ્રતિક્રમણ પ્રાયશ્ચિત છે.

**सद्दाइएसु ईसिं पि इत्थ रागाइभावओ होइ ।**
**आलोयणा पडिक्कमणयं च एयं तु मीसं तु ॥ ९ ॥**

शब्दादिके ष्वीषदप्यत्र रागादिभावतो भवति ।
आलोचना प्रतिक्रमणकं चैतत्तु मिश्रं तु ॥ ९ ॥

(૯) અહીં શબ્દ-રૂપ-રસ-ગંધ અને સ્પર્શના ઈષ્ટ વિષયોમાં થોડો પણ રાગ અને અનિષ્ટ વિષયોમાં અપ્રીતિરૂપ દ્વેષ વગેરે મન વડે કર્યા હોય તો તેની ગુરૂ સમક્ષ આલોચના કરે અને ગુરૂમહારાજ કહે કે 'પ્રતિક્રમણ કર' પછી મિચ્છામિ દુક્કડમ આપે ત્યારે શુધ્ધિ થાય આમ આલોચના અને પ્રતિક્રમણ એમ ઉભયરૂપ હોવાથી મિશ્ર પ્રાયશ્ચિત કહેવાય છે.

**असणाइगस्स पायं अणेसणीयस्स कह वि गहियस्स ।**
**संवरणे संचाओ एस विवेगो उ नायव्वो ॥ १० ॥**

अशनादिकस्य प्रायोनेषणीयस्य कथमपि गृहितस्य ।
संवरणे संत्याग एष विवेकस्तु ज्ञातव्यः ॥ १० ॥

(૧૦) પ્રાયઃ કરીને અનૈષણીય અર્થાત દોષિત અશન-પાન-ખાદિમ-સ્વાદિમ કોઈપણ રીતે ગ્રહણ કરેલ ઉપલક્ષણથી વસતી, ઉપકરણ વગેરે લીધું હોય તો તે તે દોષનો અટકાવ કરવામાં અનૈષણીય વસ્તુનો સમ્યક્ ત્યાગ કરવો તે વિવેક પ્રાયશ્ચિત છે.

**कुस्सुमिणमाइएसुं विणाडभिसंधीइ जो अईयारो ।**
**तस्स विसुद्धिनिमित्तं काउस्सग्गो विउस्सग्गो ॥ ११ ॥**

कुस्वप्नादिकेषु विनाभिसन्धेर्यस्त्वतिचारः ।
तस्य विशुद्धिनिमित्तं कार्योत्सर्गो व्युत्सर्गः ॥ ११ ॥

(૧૧) સાવદ્ય કુસ્વપ્ન,દુસ્વપ્ન વગેરે જોયાં હોય, આદિથી વડિનીતિ , લઘુનીતિ પરઠવવી, નાવડીથી જળાશય ઉતરવું વગેરે પ્રવૃત્તિમાં આશય વિના જે અતિચારો લાગ્યા હોય તેની વિશુધ્ધિ નિમિત્તે કાયોત્સર્ગ કરવો. તેને વ્યુત્સર્ગ પ્રાયશ્ચિત કહ્યું છે.

**पुढवाईणं संघट्टणाइभावेण तह पमायाओ ।**
**अइयारसोहणट्ठा पणगाइतवो तवो होइ ॥ १२ ॥**

पृथिव्यादीनां संघट्टनादिभावेन तथा प्रमादात् ।
अतिचारशोधनार्थं पञ्चकादितपस्तपो भवति ॥ १२ ॥

(૧૨) સચિત પૃથ્વીકાય, અપકાય વગેરેનો પ્રમાદથી સંઘટ્ટ પરિતાપ વગેરે થયો હોય તે અતિચારની શુધ્ધિ માટે જ જઘન્ય પંચકથી માંડીને છ મહિના સુધીનો તપવિશેષ છેદગ્રંથો કે જિતકલ્પાનુસારે અપાય તે તપ પ્રાયશ્ચિત છે.

**तवसा उ दुद्दमस्सा पायं तह चरणमाणिणो चेव ।**
**संकेसविसेसाओ छेओ पणगाइओ तत्थ ॥ १३ ॥**

तपसा तु दुर्दमस्य प्रायस्तथा चरणमानिनश्चैव ।
संक्लेशविशेषाच्छेदः पञ्चकादिकस्तत्र ॥ १३ ॥

(૧૩) જે છ માસના ઉપવાસ કે બીજા કઠોર તપ કરવા સમર્થ હોવાથી તપથી ઉલટો ગર્વ કરે છે. 'ભલેને ગમે તેટલો તપ કરાવે એથી

મને શું કષ્ટ છે.' તે તપદુર્દમ કહેવાય. અર્થાત્ તપ વડે દુર્દમ એટલે વિશુધ્ધ કરવા અશક્ય હોય તથા અપરાધ કરવા છતાં સ્વયં ને ચારિત્રી માનનાર એવા સાધુનો સંકલેશવિશેષથી પાંચ અહોરાત્ર, દશ અહોરાત્ર વગેરે ક્રમથી ચારિત્ર પર્યાયનો છેદ કરવો-પર્યાયને ઘટાડવો અથવા વિના કારણે અપવાદ માર્ગને સેવવાની રૂચિવાળાને પણ તપદુર્દમ કહેવાય. તેને આ છેદ પ્રાયશ્ચિત હોય છે.

**पाणवहाइंमि पाओ भावेणासेवियम्मि सहसा वि ।**
**आभोगेणं जइणो पुणो वयारोवणा मूलं ॥ १४ ॥**

प्राणवधादौ प्रायो भावेनासेविते सहसापि ॥
आभोगेन यतेः पुनर्व्रतारोपणा मूलम् ॥ १४ ॥

(૧૪) પ્રાણીવધાદિ પંચેન્દ્રિય જીવના વધાદિમાં ઈરાદાપૂર્વક-સંકલ્પપૂર્વક અથવા વગર વિચારે બેકાળજી પ્રવૃતિ કરે. આદિથી ગર્વ અહંકારથી મૈથુન સેવ્યું હોય. તથા મૃષાવાદ,અદત્તાદાન અને પરિગ્રહ પણ ઉત્કૃષ્ટ ભાવે સેવ્યા હોય અથવા નિષ્ઠુરતાપૂર્વક વારંવાર સેવ્યા હોય એવા સાધુના પૂર્વના સઘળા પર્યાયોનો છેદ કરવાપૂર્વક ફરીવાર મહાવ્રતોનું આરોપણ કરવું તે મૂલ પ્રાયશ્ચિત કહેવાય.

**साहम्मिगाइतेणाइभावओ संकिलेसभेएण ।**
**तक्खणमेव वयाण वि होइ अजोगो उ अणवट्ठा ॥ १५ ॥**

साधर्मिकादिस्तेनादिभावतः संक्लेशभेदेन ।
तत्क्षणमेव व्रतानामपि भवत्ययोगस्त्वनवस्था ॥ १५ ॥

(૧૫) સાધર્મિકાદિ = પોતાના પક્ષના અથવા પરપક્ષના સાધુસંબંધિ અર્થાત્ માલિકીનું ઉત્કૃષ્ટ દ્રવ્ય-શિષ્યની ચોરી કરે, પરપક્ષના ગૃહસ્થોની માલિકીના દિકરા-દિકરીની ચોરી કરે, અથવા કિંમતી

એવા રત્ન સુવર્ણની ચોરી કરે, આદિથી હાથ-મુઠ્ઠી, લાકડી વગેરે વડે મરણનિરપેક્ષપણે-' મરી જશે તો એવા ' વિચાર વગર પોતાના પંક્ષવાળા સાધુને કે પરપક્ષવાળા ગૃહસ્થને અતિ સંકિલષ્ટ પરિણામપૂર્વક જે પ્રહાર કરે છે. તે દુષ્ટ અધ્યવસાયથી તે જ સમયે તેનામાં ચારિત્રનો અભાવ થાય છે. આવા અતિક્લિષ્ટ પરિણામવાળા સાધુને આપેલો તપ જ્યાં સુધી પૂર્ણ ન કરે ત્યાં સુધી પુનઃવ્રતોનું આરોપણ ન થાય તે અનવસ્થાપ્ય પ્રાયશ્ચિત કહેવાય છે.

**पुरिसविसेसं पप्पा पावविसेसं च विसयभेएणं ।**
**पायच्छित्तस्संतं गच्छंतो होइ पारंची ॥ १६ ॥**

पुरुषविशेषं प्राप्य पापविशेषं च विषयभेदेन ।
प्रायश्चित्तस्यान्तं गच्छन्भवति पाराञ्चकम्: ॥ १६ ॥

(૧૬) પ્રાયઃ કરીને પુરૂષ વિશેષથી, આચાર્ય વિશેષને પાપવિશેષથી જેવા કે સ્વલિંગવાળી સાધ્વીને કે રાજાની રાણીને સેવનારા અથવા સાધુ-સાધ્વી કે રાજા વગેરે ઉત્તમ મનુષ્યોનો વધ કરવાથી ઈત્યાદિ વિષયના ભેદથી જેનાથી મોટું બીજું પ્રાયશ્ચિત છે કે અપરાધ ન હોવાથી સઘળા પ્રાયશ્ચિતના પાર-અંત-છેડો પામેલું એવું છેલ્લું પ્રાયશ્ચિત, તેને પારાંચિક પ્રાયશ્ચિત કહ્યું છે.

**एवं कुणमाणो खलु पावमलाभावओ निओगेण ।**
**सुज्झइ साहू सम्मं चरणस्साराहणा तत्तो ॥ १७ ॥**

एवं कुर्वाणः खलु पापमलाभावतो नियोगेन ।
शुध्यति साधुः सम्यक्चरणस्याराधना ततः १७ ॥

(૧૭) આ પ્રમાણે આલોચનાદિ ૧૦ પ્રકારનાં પ્રાયશ્ચિતને વહન કરનાર

સાધુ અવશ્ય પાપરૂપી મલથી મુક્ત થવાથી શુધ્ધ થાય છે. તેનાથી સુંદર ચારિત્રની આરાધના થાય છે.

**अविराहियचरणस्स य अणुबंधो सुंदरो उ हवइ त्ति ।**
**अप्पो य भवो पायं ता इत्थं होइ जइयव्वं ॥ १८ ॥**

अविराधितचरणस्य चानुबन्धः सुन्दरस्तु भवतीति ।
अल्पश्च भवः प्रायस्तदत्र भवति यतितव्यम् ॥ १८ ॥

(૧૮) અને અવિરાધિત ચારિત્રધરને જ ભવાંતરમાં ધર્માદિ સામગ્રીની પ્રાપ્તિરૂપ સુંદર અનુબંધ થાય છે. અને પ્રાયઃ કરીને અલ્પ સંસાર થાય છે. એ કારણથી સાધુઓએ પ્રાયશ્ચિતના વિષયમાં યત્ન કરવો જોઈએ.

**किरियाए अपच्चारे जत्तवओ णावगारगा जह य ।**
**पच्छित्तवओ सम्मं तह पव्वज्जाए अइयारे ॥ १९ ॥**

क्रियायां अपथ्या यत्नवतो नापकारका यथा च ।
प्रायश्चित्तवतः सम्यक्तथा प्रवज्याया अतिचारा : ॥ १९ ॥

(૧૯) જે પ્રમાણે ચિકિત્સા દરમ્યાન અપથ્ય-સેવનમાં યત્નવાલાને રોગો અપકારક થતા નથી. તે જ પ્રમાણે સમ્યક પ્રાયશ્ચિતવાલાને સંયમ વિષેના અતિચાર અપકારક થતા નથી.

**एवं भावनिरुज्जो जोगसुहं उत्तमं इहं लहइ ।**
**परलोगे य नरामरसिवसुक्खं तप्फलं चेव ॥ २० ॥**

एवं भावनीरुजो योगसुखमुत्तममिदं लभते ।
परलोके च नरामरशिवसौख्यं तत्फलं चैव ॥ २० ॥

(૨૦) આ પ્રમાણે આલોચનાદિ દશ પ્રકારના પ્રાયશ્ચિતને વહન કરનાર ભાવનીરોગી સાધુ આ ભવમાં ઉત્તમ યોગના સુખને-પ્રશમ સુખને પ્રાપ્ત કરે છે. અને તે પ્રાયશ્ચિતના અથવા ઉત્તમ યોગના ફળ-સ્વરૂપે જ પરલોકમાં નર-અમર અને મોક્ષસુખને પ્રાપ્ત કરે છે.

# સત્તરમી યોગ-વિંશિકા

**मुक्खेण जोयणाओ जोगो सव्वो वि धम्मवावारो ।**
**परिसुद्धो विन्नेओ ठाणाइगओ विसेसेण ॥ १ ॥**

मोक्षेण योजनाद्योगः सर्वोऽपि धर्मव्यापारः ।
परिशुद्धो विज्ञेयः स्थानादिगतो विशेषेण ॥ १ ॥

(૧) જો કે પ્રણિધાનાદિ બધો ય પરિશુધ્ધ ધર્મવ્યાપાર મોક્ષની સાથે જીવનું જોડાણ કરવાથી યોગ જાણવો. વળી વિશેષે કરી સ્થાનાદિ વિષયક જ ધર્મવ્યાપાર યોગ જાણવો.

હવે સ્થાનાદિનું વર્ણન કરવાપૂર્વક તે સ્થાનાદિ ક્યા પ્રકારના યોગ છે તે જણાવે છે.

**ठाणुन्नत्थालंबणरहिओ तंतम्मि पंचहा एसो ।**
**दुगमित्थ कम्मओगो तहा तियं नाणजोगो उ ॥ २ ॥**

स्थाणुवर्णार्थालम्बनरहितस्तन्त्रे पञ्चधैषः ।
द्विकमत्र कर्मयोगस्तथा त्रिकं ज्ञानयोगस्तु ॥ २ ॥

(૨) (૧) સ્થાન, (૨) ઉર્ણ-શબ્દ, (૩) અર્થ અને (૪) પ્રતિમાદિ આલંબન વિષયક ચાર ભેદો તથા (૫) રૂપી દ્રવ્યના આલંબન વિનાનો નિરાલંબન પાંચમો ભેદ શાસ્ત્રમાં કહેલો છે.

સ્થાનાદિ બે કર્મ-ક્રિયા યોગ છે અને અર્થાદિ ત્રણ જ્ઞાનયોગ છે.

આ કર્મયોગ અને જ્ઞાનયોગ કોને હોય છે તે કહે છે.

**देसे सव्वे य तहा नियमेणेसो चरित्तिणो होइ ।**
**इयरस्स बीयमित्तं इत्तो च्चिय केइ इच्छंति ॥ ३ ॥**

देशे सर्वे च तथा नियमेनैष चरित्रिणो भवति ।
इतरस्य बीजमात्रमित एव केचिदिच्छन्ति ॥ ३ ॥

(૩) દેશથી અને સર્વથી ચારિત્રીને અવશ્ય આ યોગ હોય છે, એટલે જ કેટલાક આચાર્યો બીજા-અપુનર્બંધક અને અવિરત સમ્યગદ્રષ્ટીને યોગનું બીજમાત્ર ઈચ્છે છે.
હવે સ્થાનાદિના પેટાભેદ કહે છે.

**इक्किक्को य चउद्धा इत्थं पुण तत्तओ मुणेयव्वो ।**
**इच्छापवित्तिथिरसिद्धिभेयओ समयनीईए ॥ ४ ॥**
एकैकं च चतुर्धाऽत्र पुनस्तत्त्वतो ज्ञातव्यः ।
इच्छाप्रवृत्तिस्थिरसिद्धिभेदतः समयनीत्या ॥ ४ ॥

(૪) સ્થાન, ઉર્ણ, અર્થ, આલંબન અને નિરાલંબન આદિ દરેક યોગને તત્વદ્રષ્ટિથી વિચારતાં એક એકના ચારભેદ થાય છે. તે ઈચ્છા, પ્રવૃત્તિ, સ્થિરતા અને સિદ્ધિ એમ શાસ્ત્રમાં કહ્યા છે. ઈચ્છાદિ યોગોનું સ્વરૂપ દર્શાવે છે.

**तज्जुत्तकहापीईइ संगयाविपरिणामिणी इच्छा ।**
**सव्वत्थुवसमसारं तप्पालणमो पवत्ती उ ॥ ५ ॥**
तद्युक्तकथाप्रीत्या संगताऽविपरिणामिनीच्छा ।
सर्वर्थोपशमसारं तत्पालनं प्रवृत्तिस्तु ॥ ५ ॥
**तह चेव एयबाहगचिंतारहियं थिरत्तणं नेयं ।**
**सव्वं परत्थसाहगरूवं पुण होइ सिद्धि त्ति ॥ ६ ॥**
तथैवैतद्बाधकचिन्तारहितं स्थिरत्वं ज्ञेयम् ।
मर्त्रं परार्थसाधकरूपं पुनर्भवति सिद्धिरिति ॥ ६ ॥

(૫,૬) સ્થાનાદિ યોગથી યુક્ત યોગીઓની કથાને પ્રીતિ વડે સાંભળીને

તે સ્થાનાદિયોગ આરાધવાના પરિણામ થાય તે ઇચ્છાયોગ કહેવાય. સર્વસ્થાનાદિ યોગોનું અનુકૂળ કે પ્રતિકૂળ સંજોગોમાં પણ ઉપશમભાવપૂર્વક પાલન કરવું તે પ્રવૃતિયોગ કહેવાય. તે જ પ્રમાણે તે સ્થાનાદિક યોગોનું બાધક ચિંતાથી રહિત તે સ્થિરપણું જાણવું. તેમ જ સ્થાનાદિ યોગોનું ફલ પોતાને પ્રાપ્ત થયું હોય તે બીજાને પમાડવા રૂપ પરાર્થ સાધકપણું તે સિધ્ધિયોગ જાણવો.

**एए य चित्तरूवा तहक्खओवसमजोगओ हुंति ।**
**तस्स उ सद्धापीयाइजोगओ भव्वसत्ताणं ॥ ७ ॥**

एते च चित्ररूपास्तथा क्षयोपशमयोगतो भवन्ति ।
तस्य तु श्रद्धाप्रीत्यादियोगतो भव्यसत्त्वानाम् ॥ ७ ॥

(૭) ભવ્ય જીવોને તથાવિધ ક્ષયોપશમના યોગે કરી તે તે સ્થાનાદિ યોગની શ્રધ્ધા, પ્રીતિ, ધૃતિ, ધારણાના યોગથી આ ઇચ્છાદિ યોગો પણ અનેક પ્રકારના હોય છે.

**अणुकंपा निव्वेओ संवेगो होइ तह य पसमु त्ति ।**
**एएसिं अणुभावा इच्छाईणं जहासंखं ॥ ८ ॥**

अनुकम्पा निर्वेदः संवेगो भवति तथा च प्रशम इति ।
एतेषामनुभावा इच्छादीनां यथासंख्यम् ॥ ८ ॥

(૮) અનુકંપા, નિર્વેદ, સંવેગ અને પ્રશમ આ ચાર ઈચ્છાદિ યોગના કાર્ય છે. ઈચ્છાનું કાર્ય અનુકંપા, પ્રવૃત્તિનું કાર્ય નિર્વેદ, સ્થિરતાનું કાર્ય સંવેગ અને સિધ્ધિનું કાર્ય પ્રશમ એમ અનુક્રમે કાર્ય જાણવા.

**एवं ठियम्मि तत्ते नाएण उ जोयणा इमा पयडा ।**
**चिइवंदणेण णेया नवरं तत्तन्नुणा सम्मं ॥ ९ ॥**

एवं स्थिते तत्त्वे ज्ञातेन तु योजनेयं प्रकटा ।
चितिवन्दनेन नेया केवलं तत्त्वज्ञेन सम्यक् ॥ ९ ॥

(૯) આ પ્રમાણે ઈચ્છાદિના પ્રતિભેદથી ૮૦ ભેદે યોગ તત્વની વ્યવસ્થા હોતે છતે ચૈત્યવંદન ના દ્રષ્ટાંતથી ક્રિયાના અભ્યાસિયોને પ્રત્યક્ષ આ યોજના ખાસ કરીને તત્વના જાણકારોએ જાણવી.
હવે તે યોજના ને જ કહે છે.

**अरहंतचेइयाणं करेमि उस्सग्ग एवमाईयं ।**
**सद्धाजुत्तस्स तहा होइ जहत्थं पयन्नाणं२ ॥ १० ॥**
अर्हच्चैत्यानां करोम्युत्सर्गमेवमादिकम् ।
श्रद्धायुक्तस्य तथा भवति यथार्थं पदज्ञानम् ॥ १० ॥

(૧૦) 'અરિહંત ચેઈઆણં કરેમી કાઉસગ્ગં' આદિ ચૈત્યવંદન દંડકને શ્રધ્ધાસહિત તે તે પ્રકારે સ્વર, માત્રા, સંપદાદિએ શુધ્ધ વર્ણ ઉચ્ચારવા માત્રથી યથાર્થ પદજ્ઞાન થાય છે.

**एयं चत्थालंबणजोगवओ पायमविवरीयं तु ।**
**इयरेसिं ठाणाइसु जत्तपराणं परं सेयं ॥ ११ ॥**
एतच्चार्थालम्बनयोगवतः प्रायोऽविपरीतं तु ।
इतरेषां स्थानादिषु यत्नपराणां परं श्रेयः ॥ ११ ॥

(૧૧) અને આ પદજ્ઞાન અર્થયોગ અને આલંબન યોગવાળા યોગીઓનું પ્રાયઃ કરીને અવિપરીત હોય છે. અર્થાત શીઘ્ર મોક્ષફલનું સંપાદક હોય છે. બીજા જે વિશુધ્ધ સ્થાનયોગ અને ઉર્ણયોગને વિષે યત્નવાલા છે અને અર્થયોગ અને આલંબનયોગના તીવ્ર અભિલાષી છે. તેઓનું આ પદજ્ઞાન પરંપરાએ મોક્ષસાધક છે.

**इहरा उ कायवासियपायं अहवा महामुसावाओ ।**
**ता अणुरूवाणं चिय कायव्वो एयविन्नासो ॥ १२ ॥**

इतरथा तु कायवासितप्रायमथवा महामृषावादः ।
ततोनुरूपाणामेव कर्तव्य एतद्विन्यासः ॥ १२ ॥

(૧૨) અન્યથા-અર્થયોગ અને આલંબન યોગથી રહિત તથા સ્થાનયોગ અને ઊર્ણયોગમાં પ્રયત્નના અભાવવાળાનું ચૈત્યવંદન માનસ ઉપયોગથી શૂન્ય હોવાના કારણે માત્ર કાયિક અને વાચિક ચેષ્ટા જેવું છે. તથા '**ठाणेणं मोणेणं झाणेणं अप्पाणं वोसिरामि**' આ પ્રમાણે પ્રતિજ્ઞા કરીને કાયોત્સર્ગમાં સ્થાનાદિનો ભંગ કર્યે છતે આ ચૈત્યવંદન મહામૃષાવાદ પણ થઈ જાય છે. માટે યોગ્ય જીવોને વિષે જ આ ચૈત્યવંદનનું પ્રદાન કરવું. આ ચૈત્યવંદન પ્રદાન માટે કોણ યોગ્ય છે ? આના સમાધાનમાં કહે છે.

**जे देसविरइजुत्ता जम्हा इह वोसिरामि कायं ति ।**
**सुव्वइ विरईए इमं ता सव्वं चिंतियव्वमिणं ॥ १३ ॥**

ये देशविरतियुक्ता यस्मादिह व्युत्सृजामि कायमिति ।
श्रूयते विरत्यैतत्तत्सम्यक्चिन्तयितव्यमिदम् ॥ १३ ॥

(૧૩) જેઓ દેશવિરતિથી યુક્ત છે તેઓ જ ચૈત્યવંદનાદિ ધર્માનુષ્ઠાનમાટે યોગ્ય છે. કારણ કે '**वोसिरामि कायं**' આ પ્રતિજ્ઞા વિરતિવંત ને જ સંભવે છે, અન્ય સમ્યગ્દ્રષ્ટિ આદિને સંભવતી નથી, એમ સંભળાય છે. માટે આ બાબતનો સારી રીતે વિચાર કરવો જોઈએ. તે વિચાર આ પ્રમાણે ટીકામાં છે :- અહીં દેશવિરતિનું જે ગ્રહણ કર્યું છે તે તુલાદંડન્યાયથી સર્વવિરતિ અને અવિરત સમ્યગ્દ્રષ્ટિ પણ આ ચૈત્યવંદન માટે યોગ્ય છે. અપુનર્બંધકો પણ વ્યવહારથી

અધિકારી કહ્યા છે. જેઓને અપુનર્બંધક ભાવનો સ્પર્શ પણ નથી, વિધિ-બહુમાનથી રહિત છે અને માત્ર ગાડરિયા પ્રવાહથી ગતાનુગતિક કરે છે તેઓ સર્વથા અયોગ્ય છે.

**तित्थस्सुच्छेयाइ वि नालंबणमित्थ जं स एमेव ।**
**सुत्तकिरियाइ नासो एसो असमंजसविहाणा ॥ १४ ॥**

तीर्थस्योच्छेदाद्यपि नालम्बनमत्र यत्स एवमेव ।
सूत्रक्रियाया नाश एषोऽसमवंचसविधानात्: ॥ १४ ॥

(૧૪) અવિધિથી થતા અનુષ્ઠાનને નહિ ચાલવા દઈએ તો તીર્થનો ઉચ્છેદ થઈ જાય. આવું ખોટું આલંબન પણ લેવું નહિ. કારણ કે આ જ પ્રમાણે અવિધિ અનુષ્ઠાન કરાયે છતે જ અવિધિની અશુધ્ધ પરંપરાની પ્રવૃતિથી સૂત્રક્રિયાનો નાશ છે. અને આ સૂત્રક્રિયાનો નાશ તે જ તીર્થનો ઉચ્છેદ છે.

**सो एस वंकओ चिय न य सयमयमारियाणमविसेसोप ।**
**एयं पि भावियव्वं इह तित्थुच्छेयभीरूहिं ॥ १५ ॥**

स एष वक्र एव न च स्वयंमृतमारितानामविशेषः ।
एतदपि भावयितव्यमत्र तीर्थोच्छेदभीरुभिः ॥ १५ ॥

(૧૫) તે આ સૂત્ર અને ક્રિયાનો વિનાશ એ જ તીર્થના ઉચ્છેદરૂપ હોવાથી ખરેખર વક્ર-ભયંકર ફલવાળો હોવાથી અહિતકારી છે. પોતાનું આયુષ્ય પૂર્ણ થવાથી જે માણસ સ્વાભાવિક રીતે મરે છે અને બીજાના હાથે જે મરાય છે. આ બે માં અવિશેષ = અભેદ નથી કિન્તુ વિશેષ-ભેદ છે જ. તેથી તીર્થના ઉચ્છેદનો ભય ધરાવનારાઓએ આ વાત પણ વિચારવી જોઈએ.

**मुत्तूण लोगसन्नं उड्डुण य साहुसमयसब्भावं ।**
**सम्मं पयट्टियव्वं बुहेणमइनिउणबुद्धीए ॥ १६ ॥**

मुक्त्वा लोकसंज्ञां उद्व्वा च साधुसमयसद्भावम् ।
सम्यक्प्रवर्तितव्यं बुधेनातिनिपुणबुद्ध्या ॥ १६ ॥

(૧૬) વિદ્વાન પુરૂષે પોતાની શ્રેષ્ઠ બુધ્ધિ વડે લોકસંજ્ઞાને છોડીને સર્વજ્ઞ-પ્રણીત શાસ્ત્રના રહસ્યનો યર્થાથ અનુભવ કરીને ચૈત્યવંદન વગેરે ધર્મક્રિયામાં વિધિપૂર્વક પ્રવૃતિ કરવી જોઈએ.

**कयमित्थ पसंगेणं ठाणाइसु जत्तसंगयाणं तु ।**
**हियमेयं विन्नेयं सदणुट्ठाणत्तणेण तहा ॥ १७ ॥**

कृतमत्र प्रसङ्गेन स्थानादिषु यत्नसंगतानां तु ।
हितमेतद्विज्ञेयं सदनुष्ठानत्वेन तथा ॥ १७ ॥

(૧૭) અહીંયા પ્રરૂપવા યોગ્ય સ્થાનાદિક યોગના વ્યાખ્યાનમાં પ્રસંગથી તીર્થનો ઉચ્છેદ થવાના કારણો અને તેના રક્ષણ માટેના ઉપાયોનું વર્ણન કર્યુ. હવે વધારે કહેવાથી સર્યુ. મૂખ્ય વાત એ છે કે સ્થાન આદિ પાંચ યોગમાં વિધિપૂર્વક પ્રયત્ન કરનારનું ચૈત્યવંદનાદિ સદનુષ્ઠાનરૂપ થવાથી હિતકર-મોક્ષસાધક જાણવું.

**एयं च पीइभत्तागमाणुगं तह असंगयाजुत्तं ।**
**ेयं चउव्विहं खलु एसो चरमो हवइ जोगो ॥ १८ ॥**

एतच्च प्रीतिभक्त्यागमानुगं तथाऽसंगतायुक्तम् ।
ज्ञेयं चतुर्विधं खल्वेष चरमो भवति योगः ॥ १८ ॥

(૧૮) આ સદનુષ્ઠાન પ્રીતિ, ભક્તિ, અને આગમ અનુસાર હોય છે. તથા અસંગતતાથી યુક્ત ચોથા પ્રકારે જાણવું. વળી આ ચાર અનુષ્ઠાનમાં છેલ્લું અસંગાનુંષ્ઠાન જ નિશ્ચયથી યોગ છે.

**आलंबणं पि एयं रूविमरूवी य इत्थ परमु त्ति ।**
**तग्गुणपरिणइरूवो सुहुमोऽणालंबणो नाम ॥ १९ ॥**

आलम्बनमप्येतद् रूप्यरूपी चात्र परम इति ।
तद्गुणपरिणतिरूपः सूक्ष्मोऽनालम्बनो नाम ॥ १९ ॥

(१૯) આલંબન યોગ પણ બે પ્રકારના છે. (૧) રૂપી અને (૨) અરૂપી. તેમાં બીજો અરૂપી આલંબન યોગ મુક્તિનું સાક્ષાત્ કારણ હોવાથી અત્યંત શ્રેષ્ઠ છે. તે સિધ્ધ પરમાત્માના કેવલજ્ઞાનાદિ ગુણગણની પરિણતિ-સમાપત્તિરૂપ સૂક્ષ્મ નિરાલંબન યોગ કહેવાય છે. પાઠાન્તર 'सुहुमो आलंबणो' થી સૂક્ષ્મ આલંબનવાળો હોવાથી ખરેખર આ નિરાલંબન યોગ છે.

**एयम्मि मोहसागरतरणं सेढी य केवलं चेव ।**
**तत्तो अजोगजोगो कमेण परमं च निव्वाणं ॥ २० ॥**

एतस्मिन्मोहसागरतरणं श्रेणिश्च केवलं चैव ।
ततोऽयोगयोगः क्रमेण परमं च निर्वाणम् ॥ २० ॥

(૨૦) આ નિરાલંબન ધ્યાન પ્રાપ્ત થયે છતે મોહસાગર તરવા સ્વરૂપ ક્ષપકશ્રેણી પૂર્ણ થાય છે અને તે ક્ષપકશ્રેણીથી કેવલજ્ઞાન જ થાય છે. તે કેવલજ્ઞાનથી અયોગ નામનો યોગ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણેના ક્રમથી અયોગયોગ પ્રાપ્ત થયે છતે યોગના શ્રેષ્ઠ ફળ સ્વરૂપ નિર્વાણ-મોક્ષ પ્રાપ્ત થાય છે.

# અઢારમી :- કેવલજ્ઞાન વિંશિકા

**केवलनाणमणंतं जीवसरूवं तयं निरावरणं ।**
**लोगालोगपगासगमेगविहं निच्चजोइ त्ति ॥ १ ॥**

केवलज्ञानमनन्तं जीवस्वरूपं तन्निरावरणम् ।
लोकालोकप्रकाशकमेकविधं नित्यज्योतिरिति ॥ १ ॥

(૧) લોકાલોકનું પ્રકાશક, અનંત અને એક જ પ્રકારનું તે કેવલજ્ઞાન નિત્ય જયોતિસ્વરૂપ નિરાવરણ જીવનું સ્વરૂપ છે.

**मणपज्जवनाणंतो नाणस्स य दंसणस्स य विसेसो ।**
**केवलनाणं पुण दंसणं ति नाणं ति य समाणं ॥ २ ॥**

मनः पर्ययज्ञानान्तो ज्ञानस्य च दर्शनस्य च विशेषः ।
केवलज्ञानं पुनर्दर्शनमिति ज्ञानमिति च समानम् ॥ २ ॥

(૨) મનઃ પર્યવજ્ઞાન સુધી અર્થાત્ છદ્મસ્થપણા સુધી જ્ઞાન અને દર્શનનો ભેદ છે. પરંતુ કેવલજ્ઞાનમાં બંન્ને સમાન છે.

**संभिन्नं पासंतो लोगमलोगं च सव्वओ नेयं ।**
**तं नत्थि जं न पासइ भूयं भव्वं भविस्सं च ॥ ३ ॥**

संभिन्नं पश्यंल्लोकमलोकं च सर्वतो ज्ञेयम् ।
तन्नास्ति यन्न पश्यति भूतं भव्यं भविष्यच्च ॥ ३ ॥

(૩) પરિપૂર્ણ લોકાલોકરૂપ જ્ઞેયને સર્વથા જોતા કેવલીભગવંતને તેવો કોઈ ભૂત વર્તમાન કે ભાવી પદાર્થ નથી જે ન જુએ. અર્થાત્ સર્વ જુએ છે.

**भूअं भूअत्तेणं भव्वं पेएण तह भविस्सं च ।**
**पासइ भविस्सभावेण जं इमं नेयमेवं ति ॥ ४ ॥**

भूतं भूतत्वेन भव्यमप्येतेन तथा भविष्यच्च ।
पश्यति भविष्यद्भावेन यदिदं ज्ञेयमेवमिति ॥ ४ ॥

(૪) શંકા :- આ પ્રમાણે તો પદાર્થોના બોધનો ખીચડો થવાની આપત્તિ આવે. સમાધાન :- જ્ઞેય જે પ્રમાણે છે તે પ્રમાણે જુવે છે. ભૂત ને ભૂતપણે, વર્તમાનને વર્તમાનપણે તથા ભવિષ્યને ભવિષ્યપણે જુએ છે, કારણ કે, આ જ્ઞેય પદાર્થો ભૂત, વર્તમાન અને ભાવી આ પ્રમાણે જ છે.

**नेयं च विसेसेणं विगमइ केणावि इहरथा नेयं ।**
**नेयं ति तओ चित्तं एयमिणं जुत्तिजुत्तं त्ति ॥ ५ ॥**

ज्ञेयं च विशेषेण विगच्छति केनापीतरथा नैतत् ।
ज्ञेयमिति ततश्चित्रं एवमेतद्युक्तियुक्तमिति ॥ ५ ॥

(૫) અને જ્ઞેય કોઈક વિશેષ-પર્યાયથી જ નાશ પામે છે. અન્યથા-સામાન્યથી અર્થાત્ દ્રવ્યપણાથી આ જ્ઞેય નાશ પામતું નથી. કારણ કે જ્ઞેય છે. અર્થાત્ નાશ પામવા છતાં જ્ઞેય રૂપે રહે છે. આ બાબત યુક્તિયુક્ત છે. માટે આ જ્ઞેય વિચિત્ર છે. અર્થાત્ સામાન્ય વિશેષ ઉભયરૂપે છે. આ જ વાત આગળની ગાથામાં કરે છે.

**सागाराणागारं नेयं जं नेयमुभयहा सव्वं ।**
**अणुमाइयं पि नियमा सामन्नविसेसरूवं तु ॥ ६ ॥**

साकारानाकारं ज्ञेयं यज्ज्ञेयमुभयथा सर्वम् ।
अण्वादिकमपि नियमात्सामान्यविशेषरूपं तु ॥ ६ ॥

(૬) જ્ઞેય સાકાર અને નિરાકાર રૂપે છે. કારણ કે બધુંય જ્ઞેય ઉભયપ્રકારે છે. અણુ વગેરે પણ નિયમા સામાન્ય અને વિશેષ ઉભયરૂપે છે.

**ता एयं पि तह च्चिय तग्गाहमभावओ उ नायव्वं ।**
**आगारोऽवि य एयस्स नवरं तग्गहणपरिणामो ॥ ७ ॥**

तदेतदपि तथैव तद्ग्राहकभावतस्तु ज्ञातव्यम् ।
आकारोपि चैतस्य केवलं तद्ग्रहणपरिणामः ॥ ७ ॥

(૭) તેથી આ કેવલજ્ઞાન પણ તથા પ્રકારનું-સામાન્ય વિશેષરૂપે જ જાણવું. કારણ કે તે કેવલજ્ઞાન જ્ઞેયગત સામાન્ય-વિશેષનું ગ્રાહક છે. અને આ કેવલજ્ઞાનનો આકાર પણ તે જ્ઞેયવિષયક ગ્રહણ પરિણામ છે.

**इहरा उ अमुत्तस्सा को वाऽऽगारो न यावि पडिबिंबं ।**
**आदरिसगिव्व विसयस्स एस तह जुत्तिजोगाओ ॥ ८ ॥**

इतरथा त्वमूर्तस्य को वाऽऽकारो न चापि प्रतिबिम्बम् ।
आदर्शक इव विषयस्यैष तथा युक्तियोगात्तु ॥ ८ ॥

(૮) અન્યથા ઉપર પ્રમાણે જો ન હોય તો અમૂર્ત હોવાના લીધે કેવળજ્ઞાનને ક્યો આકાર હોય ? અર્થાત્ કશો આકાર નથી. અને અરિસામાં વિષયના પ્રતિબિંબની જેમ કેવલજ્ઞાનનો આકાર યુક્તિથી વિચારતા પ્રતિબિંબ પણ નથી. યુક્તિ-અરિસો મૂર્ત છે અને કેવલજ્ઞાન અમૂર્ત છે. અમૂર્તમાં પ્રતિબિંબ ન હોય જેમ આકાશમાં. આગળ ગ્રંથકાર સ્વયં આ જ બાબત વિસ્તારથી જણાવે છે.

**सामा उ दिया छाया अभासरगया निसिं तु कालाभा ।**
**स च्चेय भासरगया सदेहवन्ना मुणेयव्वा ॥ ९ ॥**

श्यामा तु दिवा छाया अभास्वरगता निशि तु कालाभा ।
सैव भास्वरगताः स्वदेहवर्णा ज्ञातव्या ॥ ९ ॥

(૯) પ્રતિબિંબ છાયારૂપ છે જે દિવસે અભાસ્વર - જમીન વગેરે પદાર્થોને વિષે શ્યામરૂપ આછી કાળી હોય છે અને રાત્રીના કાળી હોય છે. એક દિવસના પ્રકાશમાં દેખાય છે અને બીજી રાત્રીના અંધકારમાં દેખાતી નથી. તે જ છાયા = પ્રતિબિંબ.અરિસા વગેરે ભાસ્વર પદાર્થોને વિષે સ્વદેહના=બિંબના વર્ણની હોય છે. અર્થાત્ લાલ-પીળા વગેરે વર્ણની જાણવી.

**जे आरिसस्स अंतो देहावयवा हवंति संकंता ।**
**तेसिं तत्थुवलद्धी पगासजोगा ण इयरेसिं ॥ १० ॥**

ये आदर्शस्यान्तर्देहावयवा भवन्ति संक्रान्ताः ।
तेषां तत्रोपलब्धिः प्रकाशयोगान्नेतरेषाम् ॥ १० ॥

(૧૦) અરીસાની અંદર દેહના જે અવયવો સંક્રાન્ત-પ્રતિબિંબિત થાય છે. તે સંક્રાન્ત થયેલા અવયવોનું તે અરિસામાં દર્શન પ્રકાશના સંબંધથી થાય છે પણ બીજા પદાર્થોની ઉપલબ્ધિ થતી નથી. અર્થાત્ સંક્રાન્ત નહી થયેલાનું દર્શન થતું નથી.

**छायाणुवेहओ खलु जुज्जइ आयरिसगे पुण इमं ति ।**
**सिद्धम्मि तेजश्छायाणुजोगविरहा अदेहाओ ॥ ११ ॥**

छायानुवेधतः खलु युज्यत आदर्शके पुनरिदमिति ।
सिद्धे तेजश्छायानुयोगविरहाददेहात् ॥ ११ ॥

(૧૧) છાયાઓના અણુઓના સંબંધથી=સંક્રમના કારણે અરિસામાં આ

પ્રતિબિંબ ઘટે જ છે પરંતુ સિધ્ધ ભગવંતને શરીરનો અભાવ હોવાથી તથા પ્રકાશ અનેછાયાના અણુઓનો વિરહ હોવાથી તેમના કેવલજ્ઞાનમાં પ્રતિબિંબ ઘટે નહિ. આ વાત આગળની ગાથામાં કહે છે.

**छायाणुहिं न जोगोऽसंगत्ताओ उ हंदि सिद्धस्स ।**
**छायाणवोऽवि सव्वे वि णाऽणुमाईण विज्जंति ॥ १२ ॥**

छायाणुभिर्न योगोऽसङ्गत्वात्तु हन्त सिद्धस्य ।
छायाणवोऽपि सर्वेऽपि नाण्वादीनां विद्यन्ते ॥ १२ ॥

(૧૨) સિધ્ધ ભગવંતને શરીરાદિ રૂપી પદાર્થોનો સંગ નહિ હોવાથી છાયાના અણુઓ સાથે સંબંધ ઘટે નહિ. તથા અણુ વગેરે બધાય સૂક્ષ્મ પદાર્થોને છાયાના અણુઓ પણ હોતા નથી. અણુ એટલે અવિભાજ્ય અંશ. એટલે એને છાયા અણુ ક્યાંથી હોય ? અને જેના છાયા અણુ ન હોય તેનું પ્રતિબિંબ પણ ન જ હોય. અને કેવલ જ્ઞાનમાં તો અણુ પણ જણાય છે. માટે એ જ્ઞાનનો આકાર પ્રતિબિંબરૂપ ન ઘટે.

**तंमित्तवेयणं तह ण सेसगहणमणुमाणओ वा वि ।**
**तम्हा सरूवनिययस्स एस तग्गहणपरिणामो ॥ १३ ॥**

तन्मात्रवेदनं तथा न शेषग्रहणमनुमानतो वाऽपि ।
तस्मात्स्वरूपनियतस्यैष तद्ग्रहणपरिणामः ॥ १३ ॥

(૧૩) કેવલજ્ઞાનમાં પ્રતિબિંબ વગેરેથી રહિત સાક્ષાત્ પદાર્થ-માત્રનું અનુભવ-જ્ઞાન છે. અને અનુમાન વગેરે દ્વારા થતા નદીમાં પુર જોવાથી ઉપરવાસમાં વૃષ્ટિનું અથવા ધૂમથી વહ્નિ વગેરે જ્ઞાનની જેમ પણ જ્ઞાન થતું નથી. પરંતુ પદાર્થ માત્રનું સાક્ષાત્ જ્ઞાન થાય છે. તેથી પોતાના સ્વરૂપમાં રહેતા કેવલી ભગવાનના જીવનો જ

આ ગ્રહણ-પરિણામ=જ્ઞેયગ્રહણ પરિણામ જાણવો. અર્થાત્ જેમ અરિસો સ્વભિન્ન છાયાપરિણામને ધારણ કરીને જ્ઞેય પદાર્થોને જણાવે છે. તે રીતે કેવલી ભગવંત સ્વભિન્ન વસ્તુને પરિણમાવિને જ્ઞેયગ્રહણ કરતા નથી. પરંતુ પોતાના સ્વરૂપમાં રહીને જ સર્વજ્ઞેયનું ગ્રહણ કરે છે.

**चंदाइच्चगहाणं पहा पयासेइ परिमियं खित्तं ।**
**केवलियनाणलंभो लोयालोयं पयासेइ ॥ १४ ॥**

चन्द्रादित्यग्रहाणां प्रभा प्रकाशयति परिमितं क्षेत्रम् ।
कैवलिकज्ञानलाभो लोकालोकं प्रकाशयति ॥ १४ ॥

(૧૪) ચંદ્ર,સૂર્ય,ગ્રહોની પ્રભા મર્યાદિત ક્ષેત્રને પ્રકાશિત કરે છે પરંતુ કેવલજ્ઞાનની પ્રાપ્તિ સંપૂર્ણ લોકાલોકને પ્રકાશિત કરે છે.

**तह सव्वगयाभासं भणियं सिद्धंतमम्मनाणीहिं ।**
**एयसरूवनियत्तं एवमिणं जुज्जए कह णु ? ॥ १५ ॥**

तथा सर्वगताभासं भणितं सिद्धान्तमर्मज्ञानिभिः ।
एतत्स्वरूपनियतमेवमिदं युज्यते कथं नु ॥ १५ ॥

(૧૫) તથા સિધ્ધાંતના મર્મને જાણનારા જ્ઞાનીઓએ કેવલજ્ઞાનને સર્વગત-લોકાલોકનું પ્રકાશવાલું કહ્યું છે.
પ્રશ્ન :- આ પ્રમાણે લોકાલોક પ્રકાશક કેવલજ્ઞાનનું આ જીવના સ્વરૂપની સાથે આ નિયતપણું = વ્યાપીને રહેવા પણું કંઈ રીતે સંગત થાય અર્થાત્ ન ઘટે. કારણ કે જીવનું સ્વરૂપ જીવના આત્મપ્રદેશોને વ્યાપીને રહેલ છે જ્યારે કેવલજ્ઞાન તો લોકાલોક ને વ્યાપી ને રહેલ છે.

**आभासो गहणं चिय जम्हा तो किं न जुज्जए इत्थं ।**
**चंदप्पभाइणायं तु णायमित्तं मुणेयव्वं ॥ १६ ॥**

आभासो ग्रहणमेव यस्मात् तत्किं न युज्यतेऽत्र ? ।
चन्द्रप्रभादिज्ञातं तु ज्ञातमात्रं ज्ञातव्यम् ॥ १६ ॥

(૧૬) ઉત્તર :- જે કારણથી આભાસ = પ્રકાશ એ જ્ઞાન જ છે. જ્ઞાન જીવનો સ્વભાવ છે. તેથી શા માટે કેવલજ્ઞાન આ જીવમાં ઘટે નહિ ? અર્થાત્ સંભવે જ. ચંદ્રપ્રભા વગેરે દ્રષ્ટાંત તો જ્ઞાપન અંશની અપેક્ષાએ દ્રષ્ટાંત માત્ર જાણવા. કારણ કે ચંદ્રપ્રભા વગેરે તો વિષયદેશમાં જઈને વિષયને પ્રકાશિત કરે છે જ્યારે કેવલજ્ઞાન આત્મામાં રહીને જ વિષયોને પ્રકાશિત કરે છે. માટે દ્રષ્ટાંતની સાથે સર્વથા સામ્ય ન હોવાથી એ ઉદાહરણ માત્ર જાણવું.

**जम्हा पुग्गलरूवा चंदाईणं पभा ण तद्धम्मो ।**
**नाणं तु जीवधम्मो ता तं नियओ अयं नियमा ॥ १७ ॥**

यस्मात्पुद्गलरूपा चन्द्रादीनां प्रभा न तद्धर्मः ।
ज्ञानं तु जीवधर्मः; ततस्तन्नियतोऽयं नियमात् ॥ १७ ॥

(૧૭) જે કારણથી ચંદ્ર,સૂર્ય વગેરેની પ્રભા તો પુદ્ગલરૂપ છે. પરંતુ તે ચંદ્ર વગેરે નો ગુણધર્મ નથી. પરંતુ જ્ઞાન એ જીવનો ધર્મ છે. તેથી તે કેવલજ્ઞાન સાથે આ જીવનું સ્વરૂપ નિયત = વ્યાપ્ત છે.

**जीवो य ण सव्वगओ ता तद्धम्मो कहं भवइ बाही ? ।**
**कह वाऽलोओ धम्माइविरहओ गच्छइ अणंते ॥ १८ ॥**

जीवश्च न सर्वगतस्तत्तद्धर्मः कथं भवति बहिः ? ।
कथं वाऽलोको धर्मादिविरहतो गच्छत्यनन्ते ॥ १८ ॥

(૧૮) અને જીવ એ લોકાલોક સર્વવ્યાપી નથી. તેથી તે જીવનો જ્ઞાનરૂપ ધર્મ જીવની બહાર-આત્મપ્રદેશોની બહાર શી રીતે હોય? અર્થાત્ ન જ હોય. અને ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય વગેરેથી રહિત એવા અનંતઅલોક માં જ્ઞાન શી રીતે ગતિ કરી શકે? અર્થાત્ ન જ કરી શકે :

**तम्हा सरूवनिययस्स चेव जीवस्स केवलं धम्मो ।**
**आगारो वि य एयस्स साहु तग्गहणपरिणामो ॥ १९ ॥**

तस्मात्स्वरूपनियतस्यैव जीवस्य केवलं धर्मः ।
आकारोऽपि चैतस्य साधु तद्ग्रहणपरिणामः ॥ १९ ॥

(૧૯) તેથી સ્વરૂપ નિયત-સ્વરૂપસ્થ જીવનો જ ગુણધર્મ કેવલજ્ઞાન છે. અને આ કેવલજ્ઞાનનો આકાર પણ તે તે પદાર્થોને ગ્રહણ કરવાના પરિણામ સ્વરૂપ છે. આ વાત સંગત છે. હવે કેવલજ્ઞાનનું ફળ આગળની ગાથામાં કહે છે.

**एयम्मि भवोवग्गाहिकम्मखयओ उ होइ सिद्धत्तं ।**
**नीसेससुद्धधम्मासेवणफलमुत्तमं नेयं ॥ २० ॥**

एतस्मिन्भवोपग्राहिकर्मक्षयतस्तु भवति सिद्धत्वम् ।
निःशेषशुद्धधर्माऽऽसेवनफलमुत्तमं ज्ञेयम् ॥ २० ॥

(૨૦) આ કેવલજ્ઞાન થયે છતે ભવોપગ્રાહી-સંસારમાં પકડી રાખનારા એવા અઘાતીકર્મનો ક્ષય થવાથી જ સિધ્ધત્વ-મોક્ષ થાય છે. તે સિધ્ધપણું સંપૂર્ણ શુધ્ધ ધર્મના સેવનનું શ્રેષ્ઠ ફલ જાણવું.

# ઓગણીસમી સિધ્ધવિભક્તિ વિંશિકા

**सिद्धाणं च विभत्ती तहेगरूवाण वीअतत्तेण ।**
**पनरसहा पन्नत्तेह भगवया ओहभेएण ॥ १ ॥**

सिद्धानां च विभक्तिस्तथैकरूपाणां विदिततत्त्वेन ।
पञ्चदशधा प्रज्ञप्तेह भगवतौघभेदेन ॥ १ ॥

(૧) અહીં જિન પ્રવચનમાં તત્વના જાણકાર શ્રી તીર્થંકર ભગવંતે તથા એક સ્વરૂપવાલા પણ સિધ્ધભગવંતોના સામાન્ય ભેદથી પંદર પ્રકારે ભેદ કહ્યા છે.
હવે એ ભેદોનું વર્ણન કરે છે.

**तित्थाइसिद्धभेया संघे सइ हुंति तित्थसिद्ध त्ति ।**
**तदभावे जे सिद्धा अतित्थसिद्धा उ ते नेया ॥ २ ॥**

तीर्थादिसिद्धभेदाः सङ्घे सति भवन्ति तीर्थसिद्धा इति ।
तदभावे ये सिद्धा अतीर्थसिद्धास्तु ते ज्ञेयाः ॥ २ ॥

(૨) તીર્થ સિધ્ધ, અતીર્થ સિંધ્ધ વગેરે ભેદોમાં સંઘરૂપ તીર્થ પ્રર્વતમાન છતે ગણધર વગેરે જે સિધ્ધ થાય તે તીર્થ સિધ્ધ (૧) અને તીર્થના અભાવમાં મરૂદેવી વગેરે જે સિધ્ધ થાય તે અતીર્થ સિધ્ધ (૨) જાણવા. " સિધ્ધ થાય એવું ક્રિયાપદ આગળ બધેય યોજવું. "

**तित्थगरा तस्सिद्धा हुंति तदन्ने अतित्थगरसिद्धा ।**
**सगबुद्धा१ तस्सिद्धा एवं पत्तेयबुद्धा वि ॥ ३ ॥**

तीर्थकरास्तत्सिद्धा भवन्ति तदन्येऽतीर्थकरसिद्धाः ।
स्वकबुद्धास्तत्सिद्धा एवं प्रत्येकबुद्धा अपि ॥ ३ ॥

(૩) તીર્થંકર-અરિહંત પરમાત્મા તે તીર્થંકર સિધ્ધ (૩) તીર્થંકર પદ પામ્યા વગર જ પુંડરીક સ્વામી વગેરે તે અતીર્થંકરસિધ્ધ (૪) ઉપદેશાદિ બાહ્ય નિમિત્ત વિના જ કપિલ કેવલી વગેરે સ્વયંબોધ પામી સિધ્ધ થાય તે સ્વયંબુધ્ધ સિધ્ધ (૫) તથા કરકંડુ વગેરે પણ વૃષભાદિ બ્રાહ્ય નિમિત્ત પામી સિદ્ધ થાય તે પ્રત્યેક બુધ્ધ સિધ્ધ (૬) જાણવા.

**इय बुद्धबोहिया वि हु इत्थी पुरिसे णपुंसगे चेव ।**
**एवं सलिंगगिहिअन्नलिंगसिद्धा मुणेयव्वा ॥ ४ ॥**

इति बुद्धबोधिता अपि खलु स्त्री पुरुषो नपुंसकश्चैव ।
एवं स्वलिङ्गगृह्यन्यलिङ्गसिद्धा ज्ञातव्याः ॥ ४ ॥

(૪) આ જ પ્રમાણે અતિમુક્ત વગેરે બુધ્ધ - આચાર્યાદિ ગુરૂથી બોધ પામી સિધ્ધ થાય તે બુધ્ધ બોધિત સિધ્ધ (૭) ચંદનબાળા વગેરે સ્ત્રીસિધ્ધ (૮) ગૌતમસ્વામી વગેરે પુરૂષ સિધ્ધ (૯) અને ગાંગેયાદિ નપુસંક સિધ્ધ (૧૦) આ જ પ્રમાણે સ્વપક્ષના કર્મમુક્ત થયેલા સાધુઓ = સ્વલિંગ સિધ્ધ (૧૧) ભરત મહારાજા વગેરે ગૃહસ્થલિંગ સિધ્ધ (૧૨) અને વલ્કલચિરિ વગેરે અન્યલિંગ સિધ્ધ (૧૩) જાણવા.

**एगाणेगा य तहा तदेगसमयम्मि हुंति तस्सिद्धा ।**
**सेढी केवलिभावे सिद्धी एते उ भवभेया ॥ ५ ॥**

एकानेकाश्च तथा तदेकसमये भवन्ति तत्सिद्धाः ।
श्रेणिः केवलिभावे सिद्धिरेते तु भवभेदात् ॥ ५ ॥

(૫) એક સમયમાં એક તે એક સિધ્ધ (૧૪) અને અનેક તે અનેક સિધ્ધ (૧૫) જાણવા. જો કે બધાય ની સિધ્ધિ ક્ષપકશ્રેણી આરોહણ કરી કેવલજ્ઞાન પ્રાપ્ત થયે છતે થાય છે છતાં આ ભેદો તો કેવલજ્ઞાન થવા

પૂર્વે ભવ-સંસારી અથવા છદ્મસ્થ અવસ્થાની અપેક્ષાએ ભેદો છે.

**पडिबंधगा ण इत्थं सेढीए हुंति चरमदेहस्स ।**
**थीलींगादीया वि हु भावा समयाविरोहाओ ॥ ६ ॥**
प्रतिबन्धका नाऽत्र श्रेण्यां भवन्ति चरमदेहस्य ।
स्त्रीलिङ्गादिका अपि खलु भावाः समयाविरोधात् ॥ ६ ॥

(૬) ચરમશરીરીને અહીં ક્ષપકશ્રેણીમાં સ્ત્રીલિંગ વગેરે ભાવો શાસ્ત્ર સાથેના અવિરોધથી પ્રતિબંધક થતા નથી.
શાસ્ત્ર સાથેના અવિરોધનું ભાવન કરે છે :-

**नवगुणठाणविहाणा इत्थीपमुहाण होइ अविरोहो ।**
**समएण सिद्धसंखाभिहाणओ चेव नायव्वा ॥ ७ ॥**
नवगुणस्थानविधानात् स्त्रीप्रमुखाणां भवत्यविरोधः ।
समयेन सिद्धसंख्याऽभिधानत **एव ज्ञातव्यः** ॥ ७ ॥

(૭) સ્ત્રી વગેરે માટે ૬ઠ્ઠા થી ૧૪ આ પ્રમાણે નવ ગુણસ્થાનકનું વિધાન હોવાથી તથા એક સમયમાં ૨૦ સ્ત્રી, ૧૦૮ પુરૂષો વગેરે સિધ્ધ થવાની સંખ્યાના શાસ્ત્રીય કથનથી અવિરોધ જાણવો.

**अणियट्टिबायरो सो सेढिं नियमेणमिह समाणेइ ।**
**तीए य केवलं केवले य जम्मक्खए सिद्धी ॥ ८ ॥**
अनिवृत्तिबादरः स श्रेणिं नियमेनेह समानयति ।
तस्याश्च केवलं केवले च जन्मक्षये सिद्धिः ॥ ८ ॥

(૮) અનિવૃત્તિ બાદર નવમા ગુણઠાણાવાળો તે જીવ અવશ્ય ક્ષપકશ્રેણીને પૂર્ણ કરે છે અને તે ક્ષપકશ્રેણીથી કેવલજ્ઞાન થાય છે

અને કેવલજ્ઞાન થયે જન્મનો ક્ષય થતાં સિધ્ધિ થાય છે.

**पुरिसस्स वेयसंकमभावेणं इत्थ गमणिगाऽजुत्ता ।**
**इत्थीण वि तब्भावो होइ तया सिद्धिभावाओ ॥ ९ ॥**

पुरुषस्य वेदसंक्रमभावेनात्र गमनिकाऽयुक्ता ।
स्त्रीणामपि तद्भावो भवति तदा सिद्धिभावात् ॥ ९ ॥

(૯) અહીં ક્ષપકશ્રેણીમાં પુરૂષવેદે ચઢેલા પુરૂષને સ્ત્રીવેદનો સંક્રમ પુરૂષવેદમાં થાય છે માટે 'સ્ત્રી વેદે મુક્તિ ન થાય' આવી ગમનિકા-વ્યાખ્યા અનુચિત છે. કારણ કે સ્ત્રીવેદે ચઢેલી સ્ત્રીઓને પણ ક્ષપકશ્રેણીમાં સ્ત્રીવેદનો સંક્રમ પુરૂષવેદમાં થાય છે ત્યારે સિધ્ધ થાય છે.

**लिंगमिह भावलिंगं पहाणमियरं तु होइ देहस्य ।**
**सिद्धी पुण जीवस्सा तम्हा एयं न किंचिदिह ॥ १० ॥**

लिङ्गमिह भावलिङ्गं प्रधानमितरं तु भवति देहस्य ।
सिद्धिः पुनर्जीवस्य तस्मादेतन्न किंचिदिह ॥ १० ॥

(૧૦) અહીં સિધ્ધિ વિષયક લિંગની વિચારણામાં દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ભાવલિંગ જ પ્રધાન છે. તે સિવાયનું બીજુ સ્ત્રી પુરૂષાદિ લિંગ તો દેહને હોય છે. વળી સિધ્ધિ જીવની હોય છે. શરીરની નહી. તે કારણથી અહીં સિધ્ધિના વિષયમાં આ સ્ત્રી પુરૂષાદિ લિંગ કશુય મહત્વનું નથી અર્થાત્ સિધ્ધિ માટે તે સ્ત્રીત્વ પ્રતિબંધક બનતું નથી.

**सत्तममहिपडिसेहो उ रुद्दपरिणामविरहओ तासिं ।**
**सिद्धीए इट्ठफलो न साहुणित्थीण पडिसेहो ॥ ११ ॥**

सप्तममहीप्रतिषेधस्तु रौद्रपरिणामविरहतस्तासाम् ।
सिद्ध्या इष्टफलो न साध्वीनां स्त्रीणां प्रतिषेधः ॥ ११ ॥

(૧૧) તે સ્ત્રીઓને ૭ મી નરકનો નિષેધ તથા પ્રકારના રૌદ્ર પરિણામનો અભાવ હોવાથી છે. અને તે અભાવ સિધ્ધિ માટે ઈષ્ટ છે. તેથી સાધ્વીજી એવી સ્ત્રીઓને સિધ્ધિનો પ્રતિષેધ કરવો તે ઈષ્ટફળવાળો નથી. અર્થાત્ તેઓ મુક્તિ પામી શકે છે.

**उत्तमपयपडिसेहो उ तासिं सहगारिजोगयाऽभावे ।**
**नियवीरिएण उ तहा केवलमवि हंदि अविरुद्धं ॥ १२ ॥**

उत्तमपदप्रतिषेधस्तु तासां सहकारियोगताऽभावे ।
नीजवीर्येण तु तथा केवलमपि हन्त अविरुद्धम् ॥ १२ ॥

(૧૨) સહકારી સામગ્રીના યોગના અભાવથી તે સ્ત્રીઓને ચક્રી વગેરે ઉત્તમપદનો નિષેધ તો વ્યવહાર નયના અભિપ્રાયે છે. નિશ્ચય નયના અભિપ્રાયે તો તેઓને પોતાના સામર્થ્યથી ચક્રી આદિ પદ તો બાજુ એ રહ્યા, કેવલજ્ઞાનની પ્રાપ્તિ પણ શાસ્ત્રથી અવિરૂધ્ધ છે. 'તુ' થી વ્યવહાર અને નિશ્ચયનો વિશેષ પ્રકટ થાય છે.
હવે શાસ્ત્રની સાથે અવિરોધ દર્શાવે છે.

**वीसित्थिगा उ पुरिसाण अट्ठसयमेगसमयओ सिज्झे ।**
**दस चेव नपुंसा तह उवरिं समएण पडिसेहो ॥ १३ ॥**

विंशतिः स्त्रियस्तु पुरुषाणामष्टशतमेकसमयतः सिध्येत् ।
दशैव नपुंसकास्तथोपरि समयेन प्रतिषेधः ॥ १३ ॥

(૧૩) સ્ત્રીઓ એક સમયમાં ઉત્કૃષ્ટથી વીસ સિધ્ધ થાય છે. પુરૂષો એક સમયમાં ઉત્કૃષ્ટથી એક સો આઠ સિધ્ધ થાય છે. અને નપુસંકો એક સમયમાં દશ જ સિધ્ધ થાય છે. તેનાથી વધુ એક સમયમાં સિધ્ધ ન થાય. કારણ કે તેનો શાસ્ત્રમાં નિષેધ છે.

**इय चउरो गिहिलिंगे दसन्नलिंगे सयं च अट्ठहियं ।**
**विन्नेयं तु सलिंगे समएणं सिज्झमाणाणं ॥ १४ ॥**

इति चत्वारो गृहिलिङ्गे दशान्यलिङ्गे शतं चाष्टाधिकम् ।
विज्ञेयं तु स्वलिङ्गे समयेन सिध्यमानानाम् ॥ १४ ॥

(૧૪) આ પ્રમાણે ગૃહસ્થલિંગે રહેલા એક સમયમાં ઉત્કૃષ્ટથી ચાર આત્મા સિધ્ધ થાય છે. તાપસ વગેરે અન્યલિંગે રહેલા ઉત્કૃષ્ટથી એક સમયમાં દશ આત્મા સિધ્ધ થાય છે. અને સાધુલિંગ રૂપ સ્વલિંગે રહેલા ઉત્કૃષ્ટથી એક સમયમાં ૧૦૮ સિધ્ધ થાય છે એમ જાણવું.

**दो चेवुक्कोसाए चउरो जहन्नाइ मज्झिमाए य ।**
**अट्ठाहिगं सयं खलु सिज्झइ ओगाहणाइ तहा ॥ १५ ॥**

द्वावेवोत्कृष्टया चत्वारो जघन्यया मध्यमया च ।
अष्टाधिकं शतं खलु सिध्यत्यवगाहनया तथा ॥ १५ ॥

(૧૫) એક સમયમાં ઉત્કૃષ્ટ અવગાહના વાળા જીવો - ૫૦૦ ધનુષની કાયાવાળા ઉત્કૃષ્ટથી બે સિધ્ધ થાય, જઘન્ય અવગાહના વાળા જીવો - બે હાથ પ્રમાણની કાયાવાળા ઉત્કૃષ્ટથી ચાર સિધ્ધ થાય અને મધ્યમ અવગાહના વાળા જીવો ઉત્કૃષ્ટથી ૧૦૮ સિધ્ધ થાય છે.

**चत्तारि उड्ढलोए दुए समुद्दे तओ जले चेव ।**
**बावीसमहोलोए तिरिए अट्ठुत्तरसयं तु ॥ १६ ॥**

चत्वार ऊर्ध्वलोके द्वौ समुद्रे त्रयो जले चैव ।
द्वात्रिंशदधोलोके तिरश्च्यष्टोत्तरशतं तु ॥ १६ ॥

(૧૬) એક સમયમાં ઉર્ધ્વલોકમાંથી ઉત્કૃષ્ટથી ચાર જ સિધ્ધ થાય છે. બે

સમુદ્રોમાંથી, નદી-સરોવર વગેરે શેષ જળાશયોમાંથી ત્રણ, અધોલોકમાંથી ઉત્કૃષ્ટથી બાવીસ સિધ્ધ થાય છે અને તીર્છાલોકમાંથી એક સમયે ઉત્કૃષ્ટથી એકસો આઠ સિધ્ધ થાય છે.
નોંધ :- અધોલોક માટે ત્રણ ભિન્ન મત છે. ઉતરાધ્યનના'જીવા જીવ વિભક્તિ'માં ૨૦ ની સંખ્યા કહી છે. સંગ્રહણીમાં ૨૨ની સંખ્યા કહી છે અને સિધ્ધ પ્રાભૃતમાં 'વીસપુહુત્ત' વીશ પૃથકત્વ બે વીસ અર્થાત્ ૪૦ એમ એની ટીકામાં છે.

**बत्तीसा अडयाला सट्ठी बावत्तरी उ बोद्धव्वा ।**
**चुलसीई छन्नउई दुरहियमट्ठुत्तरसयं च ॥ १७ ॥**
द्वात्रिंशदष्टाचत्वारिंशत्षष्टिर्द्विसप्ततिस्तु बोद्धव्याः ।
चतुरशीतिः षण्णवतिर्द्विरहितमष्टोत्तरशतं च ॥ १७ ॥

(૧૭) પ્રથમ સમયે જઘન્યથી એક કે બે યાવત્ ઉત્કૃષ્ટથી બત્રીશ નિરંતર સિધ્ધ થાય. એમ આઠમા સમય સુધી જઘન્ય થી એક, બે અને ઉત્કૃષ્ટથી બત્રીશ સિધ્ધ થાય. તે પછી જઘન્ય સમયનું આંતરૂ પડે છે.
તેત્રીશથી અડતાલીશ સુધીની સંખ્યાવાળા આત્માઓ સતત સાત સમય સુધી સિધ્ધ થાય તે પછી સમય વગેરેનું આંતરૂ પડે છે.
ઓગણપચાસથી સાઈઠ સુધી સતત સિધ્ધ થાય તો ઉત્કૃષ્ટથી ૬ સમય સુધી થાય તે પછી જરૂર આંતરૂ પડે છે.
એક્સઠથી બહોંતેર સુધી સતત સિધ્ધ થાય તો પાંચ સમય સુધી થાય તે પછી જરૂર આંતરૂ પડે છે.
તોંતેરથી ચોરયાસી સુધી સતત સિધ્ધ ચાર સમય સુધી સિધ્ધ થાય પછી નિયમા આંતરૂ પડે છે.
પંચ્યાસીથી છન્નું સુધી સતત સિધ્ધ થાય તો ત્રણ સમય સુધી સિધ્ધ થાય તે પછી જરૂર આંતરૂ પડે છે.
સત્તાણુથી એક્સો બે સુધી સતત સિધ્ધ થાય તો

બે સમય સુધી સિધ્ધ થાય તે પછી અવશ્ય આંતરૂ પડે છે. અને એક્સો ત્રણથી એક્સો આઠ સુધી સિધ્ધ થાય તો નિયમા એક જ સમય જ સિધ્ધ થાય તે પછી જરૂર એક સમય અંતર પડે.

**एवं सिद्धाणं पि हु उवाहिभेएण होइ इह भेओ ।**
**तत्तं पुण सव्वेसिं भगवंताणं समं चेव ॥ १८ ॥**
एवं सिद्धानामपि खलूपाधिभेदेन भवतीह भेदः ।
तत्त्वं पुनः सर्वेषां भगवतां सममेव ॥ १८ ॥


(૧૮) એ પ્રમાણે અહીં શ્રી જિનપ્રવચનમાં સિધ્ધોના પણ ઉપાધિ-સંસારી અવસ્થાના ભેદથી ભેદ છે. વળી સર્વે સિધ્ધ ભગવંતોનું સ્વરૂપ સમાન જ છે.

**सव्वे वि य सव्वन्नू सव्वे वि य सव्वदंसिणओ एए ।**
**निरुवमसुहसंपन्ना सव्वे जम्माइरहिया य ॥ १९ ॥**
सर्वेऽपि च सर्वज्ञाः सर्वेऽपि च सर्वदर्शिन एते ।
निरुपमसुखसंपन्नाः सर्वे जन्मादिरहिताश्च ॥ १९ ॥

(૧૯) સર્વ સિધ્ધો સર્વજ્ઞ છે અને સર્વ સિધ્ધો સર્વદર્શી છે. સર્વ સિધ્ધો જેની ઉપમા ન આપી શકાય એવા શ્રેષ્ઠ સુખથી સંપન્ન અને જન્મ-મરણ વગેરેથી રહિત છે.

**जत्थ य एगो सिद्धो तत्थ अणंता भवक्खयविमुक्का ।**
**अन्नुन्नमणाबाहं चिट्ठंति सुही सुहं पत्ता ॥ २० ॥**
यत्र चैकः सिद्धस्तत्रानन्ता भवक्षयविमुक्ताः ।
अन्योन्यमनाबाधं तिष्ठन्ति सुखिनः सुखं प्राप्ताः ॥ २० ॥

(૨૦) જ્યાં એક સિધ્ધ રહેલો છે ત્યાં તેટલી જ અવગાહનામાં અન્ય પણ અનંત સિધ્ધો સંસારનો ક્ષય થવાથી મુક્ત થયેલા રહેલા છે. એટલે એક સિધ્ધે સંપૂર્ણ અવગાઢ કરેલા ક્ષેત્રને વિષે અનંતા સિધ્ધો રહેલા છે. તે સિધ્ધો દેહાતીત હોવાથી પરસ્પરને બાધારહિત સુખને પામેલા સુખી રહે છે.



# ૨૦મી સિધ્ધ સુખ વિંશિકા

**नमिउण तिहुयणगुरुं परमाणंतसुहसंगयं पि सया ।**
**अविमुक्कसिद्धिविलयं च वीयरागं महावीरं ॥ १ ॥**
नत्वा त्रिभुवनगुरुं परमानन्तसुखसंगतमपि सदा ।
अविमुक्तसिद्धिविलयं च वीतरागं महावीरम् ॥ १ ॥

**वुच्छं लेसुद्देसा सिद्धाण सुहं परं अणोवम्मं ।**
**नायागमजुत्तीहिं मज्झिमजणबोहणट्ठाए ॥ २ ॥**
वक्ष्यामि लेशोद्देशात्सिद्धानां सुखं परमनौपम्यम् ।
ज्ञातागमयुक्तिभिर्मध्यमजनबोधनार्थम् ॥ २ ॥

(૧,૨) શ્રેષ્ઠ અને અનંત સુખને પામવા છતાં સદાય મુક્તિ-રમણીને વળગી રહેનાર ત્રિભુવનના ગુરૂ વીતરાગ મહાવીર સ્વામીને નમસ્કાર કરીને સિધ્ધોના શ્રેષ્ઠ અને ઉપમાતીત સુખને કંઈક સામાન્યથી મધ્યમ બુધ્ધિવાળા લોકોના બોધ માટે દ્રષ્ટાંત, આગમ અને યુક્તિપૂર્વક કહીશ.

**जं सव्वसत्तु तह सव्ववाहि सव्वत्थ सव्वमिच्छाणं ।**
**खयविगमजोगपत्तीहिं होइ तत्तो अणंतमिणं ॥ ३ ॥**
यत्सर्वशत्रूणां तथा सर्वव्याधीनां सर्वार्थानां सर्वेच्छानाम् ।
क्षयविगमयोगप्राप्तिभिर्भवति ततोऽनन्तमिदम् ॥ ३ ॥

(૩) સર્વશત્રુના ક્ષયથી, સર્વ રોગોના નાશથી, સર્વ અર્થનો સંયોગ થવાથી તથા સર્વ ઈચ્છાઓની પૂર્તિ થવાથી જીવને જે સુખ થાય, તે કરતાં અનંતગણું આ સિધ્ધોનું સુખ ભાવશત્રુના ક્ષયાદિકથી

હોય છે. તે આગળની ગાથામાં જણાવે છે.

**रागाईया सत्तू कम्मुदया वाहिणो इहं नेया ।**
**लद्धीओ परमत्था इच्छा णिच्छेच्छमो य तहा ॥ ४ ॥**

रागादिकाः शत्रवः कर्मोदया व्याधय इह ज्ञेयाः ।
लब्धयः परमार्था इच्छाऽ निच्छेच्छतश् च तथा ॥ ४ ॥

(૪) અહીં સિધ્ધોના સુખ વિષયમાં રાગાદિ એ ભાવશત્રુ, કર્મનો ઉદય વ્યાધિઓ, શ્રેષ્ઠ કેવલાદિ લબ્ધિઓ પરમ અર્થ અને અનિચ્છા-નિસ્પૃહતાની ઈચ્છા એ ઈચ્છા તરીકે જાણવી.

**अणुहवसिद्धं एयं नारुग्गसुहं व रोगिणो नवरं ।**
**गम्मइ इयरेण तहा सम्ममिणं चिंतियव्वं तु ॥ ५ ॥**

अनुभवसिद्धमेतन्नाऽऽरोग्यसुखमिव रोगिणः केवलम् ।
गम्यत इतरेण तथा सम्यगिदं चिन्तयितव्यं तु ॥ ५ ॥

(૫) આ સિધ્ધોનું સુખ સિધ્ધોને સ્વસંવેદ્ય છે અર્થાત્ પોતે જ તેનો અનુભવ કરે છે. જેમ આરોગ્યનું સુખ રોગીથી જાણી શકાતું નથી તેમ આ સિધ્ધોનું સુખ બીજાઓ -સંસારીઓ વડે જાણી શકાતું નથી. આ વાત સમ્યગ્ વિચારવી.

**सिद्धस्स सुक्खरासी सव्वद्धापिंडिओ जइ हविज्जा ।**
**सोऽणंतवग्गभइओ सव्वागासे ण माइज्जा ॥ ६ ॥**

सिद्धस्य सौख्यराशिः सर्वाद्धापिण्डितो यदि भवेत् ।
सोऽनन्तवर्गभाजितः सर्वाकाशे न मायात् ॥ ६ ॥

(૬) જો એક સિધ્ધ ભગવંતની સર્વકાળમાં ભેગી કરેલી સુખ રાશિને

અનંત વર્ગમૂલથી ભાગતા જે રહે તે પણ સર્વ આકાશમાં = અનંત લોકાલોકાશમાં પણ ન સમાય.

**वाबाहक्खयसंजायसुक्खलवभावमित्थमासज्ज ।**
**तत्तो अणंतरुत्तरबुद्धीए रासि परिकप्पो ॥ ७ ॥**
व्याबधिक्षयसञ्जातसौख्यलवभावमत्रासज्य ।
ततोऽनन्तरमुत्तरोत्तरबुद्ध्या राशिः परिकल्प्यः ॥ ७ ॥

(૭) વિવિધ પ્રકારની આ બાધાઓ - પીડાઓના ક્ષયથી ઉત્પન્ન સુખના લેશભાવ-અંશમાત્રને આશ્રયી આ પ્રમાણે - સર્વાકાશમાં ન સમાય કહેવાયું. તેથી ઉપરની ગાથામાં કહ્યા પ્રમાણે બુધ્ધીથી રાશિ કલ્પવી. આ બે ગાથાના ભાવની સ્પષ્ટતા ગાથા ૧૧-૧૨ ના અનુવાદમાં થશે.

**एसो पुण सव्वो वि उ निरइसओ एगरूवमो चेव ।**
**सव्वाबाहाकारणखयभावाओ तहा नेओ ॥ ८ ॥**
एष पुनः सर्वोऽपि हि निरतिशय एकरूपश्चैव ।
सर्वाऽऽबाधाकारणक्षयभावात्तथा ज्ञेयः ॥ ८ ॥

(૮) વળી આ બધીય સુખરાશિ - પ્રત્યેક સિધ્ધ ભગવંતની પ્રતિસમયની સુખરાશિ તથા બધાય સિધ્ધ ભગવંતોની પ્રત્યેકની પ્રતિસમયની સુખરાશિ તરતમતા વિનાની એક જ પ્રકારની છે. તે બધીય આબાધાઓ=પીડાઓના કારણભૂત અષ્ટકર્મના ક્ષય થવાથી તે પ્રમાણે જાણવી.

**न उ तह भिन्नाणं चिय सुक्खलवाणं तु एस समुदाओ ।**
**ते तह भिन्ना संतो खओवसम जाव जं हुंति ॥ ९ ॥**

न तु तथा भिन्नानामेव सौख्यलवानां त्वेष समुदायः ।
ते तथा भिन्नाः सन्तः क्षयोपशमं यावद् यद् भवन्ति ॥ ९ ॥

(૯) આ સિધ્ધ ભગવંતના પ્રતિસમયની સુખરાશિ જુદા જુદા સુખના અંશોનો સમુદાય નથી. કારણ કે તથા પ્રકારે જુદા જુદા સુખના અંશો તો ક્ષયોપશમ ભાવ હોય ત્યાં સુધી જ હોય છે.

**न य तस्स इमो भावो न य सुक्खं पि हु परं तहा होइ ।**
**बहुविसलवसंविद्धं अमयं पि न केवलं अमयं ॥ १० ॥**

न च तस्यायं भावो न च सौख्यमपि खलु परं तथा भवति ।
बहुविषलवसंविद्धममृतमपि न केवलममृतम् ॥ १० ॥

(૧૦) અને તે સિધ્ધ ભગવંતને આ ક્ષયોપશમ ભાવ નથી. અને ક્ષયોપશમિક સુખ પણ તથા પ્રકારે શ્રેષ્ઠ હોય નહિ. જેમ કે વિષના ઘણા કણોથી યુક્ત અમૃત પણ શુધ્ધ અમૃત ન હોય.

**सव्वद्धासंपिंडणमणंतवग्गभयणं च जं इत्थ ।**
**सव्वागासामाणं चऽणंततद्दंसणत्थं तु ॥ ११ ॥**

सर्वाद्धिसंपिण्डनमनन्तवर्गभाजनं च यदत्र ।
सर्वाकाशामानं चानन्ततद्दर्शनार्थं तु ॥ ११ ॥

(૧૧) આ વિંશિકાની ગાથા ૬માં એક સિધ્ધ ભગવંતના સર્વકાલના સુખને એકઠું કરી અનંત વર્ગમૂલથી ભાગતાં જે આવે. દા-ત- ૨૫૬નો વર્ગમૂલ ૧૬, ૧૬ નો ૪ અને ૪ નો ૨; તે સર્વ આકાશ પ્રદેશોમાં ન સમાય શકે જે કહ્યું છે તે સિધ્ધ ભગવંતના સુખનું અનંતપણું દર્શાવવા કહ્યું છે.

અન્યથા જે સુખ સર્વાકાશમાં ન સમાય તે એક સિધ્ધ ભગવંતમાં

કેમ સમાય ? ન જ સમાય. માટે ઉપરોક્ત હકીકત સુખની અનંતતા દર્શાવવા માટે જ છે.

**तिन्नि वि पएसरासी एगाणंता तु ठाविया हुंति ।**
**हंदि विसेसेण तहा अणंतया णं तया सम्मं ॥ १२ ॥**

त्रयोऽपि प्रदेशराशय एकानन्तास्तु स्थापिता भवन्ति ।
हन्त विशेषेण तथा अनन्तता ननु तदा सम्यक् ॥ १२ ॥

(૧૨) (૧) સર્વકાળની રાશિ અર્થાત્ ત્રણેય કાળના સર્વ સમયોનો સમૂહ.

(૨) લોકાલોકવ્યાપી વિભુ આકાશ દ્રવ્યના અનંત પ્રદેશોનો સમૂહ.

(૩) અનંતવર્ગવર્ગિત સિધ્ધસુખસમૂહ. આ ત્રણ અનંત રાશિ એક બાજુ રાખીએ અને બીજી બાજુ એક સંપૂર્ણ સિધ્ધ સુખનો સમૂહ રાખીએ તો પણ સામ સામે ત્રિરાશિ અને એક સિધ્ધસુખરાશિ સમ્મં=તુલ્ય ન બને પણ વિશેષ = તફાવત પડે. અર્થાત્ તો પણ સિધ્ધસુખરાશિ ચઢિયાતી બને. તેવા પ્રકારની અનંતાનંતતા સિધ્ધસુખમાં રહેલી છે. 'हंदि विसेसे ण तहा अणंताणंतया सम्मंन्' આવો ઉત્તરાર્ધનો પાઠ વ્યાજબી લાગે છે. છતાં અહી બહુશ્રુતો પ્રમાણ છે.

સિધ્ધ ભગવંતનું એક સમયનું સુખ સર્વાકાશમાં ન સમાય આ કથનને પૂર્વાચાર્યોએ જે પ્રમાણે સંગત કર્યું છે તે શ્રી પન્નવણા સૂત્રના બીજાપદની ટીકાનુસારે આ પ્રમાણે છે.

" શિષ્ટપુરૂષોને માન્ય જઘન્ય આલ્હાદરૂપ સુખની અપેક્ષાએ એક એક ગુણ વૃધ્ધિ કરતાં યાવત્ અનંત ગુણ વૃધ્ધિ કરીએ ત્યારે સિધ્ધ ભગવંતના નિરતિશય સુખને પહોંચી શકાય. તે સિધ્ધ ભગવંતનું સુખ અનંત, ઉપમાતીત એકાન્તે ઉત્સુક્તારહિત અને અત્યંત સ્થિર

રૂપે સદા માટે છે. તેથી પ્રથમ જઘન્ય સુખનું જે સ્થાન છે તે સ્થાનથી આગળ વધતા વધતા યાવત્ સિધ્ધ ભગવંતના સુખ સુધી પહોંચતા સર્વાકાશ પ્રદેશો કરતા પણ અધિક તરતમતાવાલા સુખના ભેદો થઈ જાય. તેથી કહ્યું કે - સર્વાકાશમાં ન માય. અન્યથા જે સુખ સર્વાકાશમાં ન માય તે સુખ એક સિધ્ધ ભગવંતમાં કેમ માય ? ન જ માય."

**तुल्लं च सव्वहेयं सव्वेसिं होइ कालभेए वि ।**
**जह जं कोडीसत्तं तह छणभेए वि सुहुममिणं ॥ १३ ॥**

तुल्यं च सर्वथेदं सर्वेषां भवति कालभेदेऽपि ।
यथा यत्कोटिसत्कं तथा क्षणभेदेऽपि सूक्ष्ममिदम् ॥ १३ ॥

(૧૩) આજે થયેલ કરોડપતિ અને વર્ષ પૂર્વે થયેલ કરોડપતિ ને જેમ કરોડપતિ થવામાં કાલનો ભેદ હોવા છતાં તે બન્ને ને કરોડપતિની સંપત્તિનું જે સુખ છે તે સમાન છે. તે જ પ્રમાણે કાલભેદે પણ થયેલા બધાય સિધ્ધ ભગવંતોનું આ સુખ સર્વથા સમાન છે. જોકે, કરોડપતિનું લાડી, વાડી અને ગાડી વગેરેનું સુખ સ્થૂલ અને દ્રષ્ટ છે. પરંતુ સિધ્ધ ભગંવતોનું આ સુખ સૂક્ષ્મ છે.

**सव्वमवि कोडिकप्पियमसंभवठवणाइ जं भवे ठवियं ।**
**तत्तो तस्सुहसामी न होइ इह भेयगो कालो ॥ १४ ॥**

सर्वमपि कोटिकल्पितमसंभवस्थापनया यद् भवेत्स्थापितम् ।
ततस्तत्सुखस्वामी न भवतीह भेदकः कालः ॥ १४ ॥

(૧૪) જો અસત્ કલ્પનાથી બધાય સિધ્ધ ભગવંતોનું પ્રત્યેકનું આ સુખ કરોડની સંપત્તિના સુખ જેવું કલ્પીએ તો તે સુખના સ્વામી બધાય તુલ્ય જ હોય. આ બાબતમાં કાલ ભેદક થતો નથી.

**जइ तत्तो अहिगं खलु होइ सरुवेण किंचि तो भेओ ।**
**न वि अज्ज वासकोडीमयाण माणम्मि सो होइ ॥ १५ ॥**

यदि ततोऽधिकं खलु भवति स्वरूपेण किंचित्ततो भेदः ।
नाप्यद्यवर्षकोटिमृतयोर्माने स भवति ॥ १५ ॥

(૧૫) જો એક સિધ્ધના સુખ કરતા બીજા સિધ્ધના સુખમાં સ્વરૂપથી જ કંઈક અધિકતા હોત તો તેમાં ભેદ થાત. પરંતુ તેવું નથી. જેમ આજના અમૃત અને ક્રોડ વર્ષ પૂર્વના અમૃતના સ્વરૂપમાં કોઈ ભેદ નથી અથવા આજે મરેલા વ્યક્તિ અને ક્રોડ વર્ષ પૂર્વે મરેલા વ્યક્તિના માનમાં-ધ્વંસાભાવ પ્રમાણમાં કોઈ ભેદ નથી. અભાવરૂપે બંને સમાન છે. અભાવ માત્રની અપેક્ષાએ કોઈ ભેદ નથી.

**किरिया फलसाविक्खा जं तो तीए ण सुक्खमिह परमं ।**
**तम्हा मुगाइभावो लोगिगमिव जुत्तिओ सुक्खं ॥ १६ ॥**

क्रिया फलसापेक्षा यत् ततस्तस्या न सौख्यमिह परमम् ।
तस्मान्मूकादिभावो लौकिकमिव युक्तितः सौख्यम् ॥ १६ ॥

(૧૬) જે ફળ શરીર, ઈન્દ્રિય દેશ-કાળ-સંયોગ વગેરે કોઈક ને કોઈક ચીજને સાપેક્ષ હોય તેવાજ ફળને ક્રિયા આપે છે. તે કારણથી અહીં શ્રેષ્ઠ સુખ સંભવતુ નથી. તેથી પરપ્રવૃતિ પ્રત્યે જે મૂક-બધિર અને અંધતુલ્ય ઉપેક્ષાભાવના લૌકિક સુખની જેમ યુક્તિથી સિધ્ધ ભગવંતોનું સુખ છે. 'સમજે તેને સંતાપ' 'દેખવું નહિ અને દાઝવું નહિ', 'મૌનં સર્વાર્થસાધનં' 'ન બોલવામાં નવ ગુણ,' 'પરચિંતા અધમાધમાં' આવી યુક્તિગર્ભિત લોકોક્તિઓ જેમ ઈન્દ્રિયોથી નિરપેક્ષ થવામાં જ સુખને જણાવે છે. તેમ સિધ્ધ ભગવંતમાં ક્રિયા નિરપેક્ષ સુખ યુક્તિથી સિધ્ધ થાય છે.

**सव्वूसगवावित्ती जत्थ तयं पंडिएहिं जत्तेण ।**
**सुहुमाभोगेण तहा निरूवणीयं अपरतंतं ॥ १७ ॥**
सर्वौत्सुक्यव्यावृत्तिर्यत्र तत्पण्डितैर्यत्नेन ।
सूक्ष्माऽऽभोगेण तथा निरूपणीयमपरतन्त्रम् ॥ १७ ॥

(૧૭) જ્યાં સર્વ ઉત્સુક્તાની નિવૃતિ છે, તથા જે પરાધીન નથી તે જ સુખ છે. તે પ્રમાણે પંડીત પુરૂષોએ સુક્ષ્મજ્ઞાનથી પ્રયત્નપૂર્વક વિચારવું. अपरितंतं પાઠાન્તરથી અપરિશ્રાન્તપણે વિચારવું. થાક્યા વિના સતત તે ઉત્સુક્તા વિનાના સુખને વિચારવું.

**जत्थ य एगो सिद्धो तत्थ अणंता भवक्खयविमुक्का ।**
**अन्नुन्नमणाबाहं चिट्ठंति सुही सुहं पत्ता ॥ १८ ॥**
यत्र चैकः सिद्धस्तत्रानन्ता भवक्षयविमुक्ताः ।
अन्योन्यमनाबाधं तिष्ठन्ति सुखिनः सुखं प्राप्ताः ॥ १८ ॥

(૧૮) જ્યાં એક સિધ્ધ ભગવંત રહેલ છે ત્યાં તેટલી જ અવગાહનામાં બીજા પણ સંસારનો ક્ષય થવાથી મુક્ત થયેલા અનંત સિધ્ધ ભગવંતો એક બીજાને પરસ્પર તકલીફ પહોંચાડ્યા વિના સુખને પામેલા તેઓ સુખી રહે છે.

**एमेव भवो इहरा ण जाउ सन्ना तयंतरमुवेइ ।**
**एगेए तह भावो सुक्खसहावो कहं स भवे ? ॥ १९ ॥**
एवमेव भव इतरथा न जातु संज्ञा तदन्तरमुपैति ।
एकैकस्मिन् तथा भावः सौख्यस्वभावः कथं स भवेत् ॥ १९ ॥

(૧૯) સિધ્ધ ભગવંતો એક બીજાને પીડા પહોંચાડ્યા વિના જ એક

અવગાહનામાં રહેવાં છતાં સ્વાધીન એવા સુખને પામે છે. એવું માનવામાં આવેતો જ સિધ્ધોમાં સુખ સંભવે. સુખને પરાધીન માનવામાં આવે અથવા એક અવગાહનામાં અનંતા સિધ્ધ ભગવંતો એકબીજાને તકલીફ પહોંચાડે એવું માનવામાં આવે તો 'સુખ' શબ્દના પ્રયોગને-વ્યવહારને ત્યારે=મોક્ષદશામાં અવકાશ જ મળી ન શકે. કેમ કે એક એક મુક્તાત્માના સુખને શરીર-ઈન્દ્રિયાદિને સાપેક્ષ માનવામાં આવેતો "મુક્તાત્મા સુખ સ્વભાવવાળા છે." એવું કઈ રીતે સંભવે ? અર્થાત ન જ સંભવે.

**तम्हा तेसि ससूवं सहावणियय़ं जहा उण स मुत्ती ।**
**परमसुहाइसहावं नेयं एगंतभवरहियं ॥ २० ॥**

तस्मात्तेषां स्वरूपं स्वभावनियतं यथा पुनः सा मुक्तिः ।
परमसुखादिस्वभावं ज्ञेयमेकान्तभवरहितम् ॥ २० ॥

(૨૦) વળી જે પ્રમાણે તે મુક્તિ છે અને ત્યાં મુક્ત આત્માઓ છે તેથી તે પ્રત્યેક સિધ્ધ ભગવંતોનું સુખાત્મક સ્વરૂપ પોતાના સ્વભાવથી વણાયેલ છે. જેમ કે સિધ્ધ ભગવંતોની મુક્તિ-મોક્ષ તેમના સ્વભાવથી જ વણાયેલ છે; અર્થાત જેમ મુક્તિ અન્ય સાપેક્ષ નથી પરંતુ સ્વભાવ સાપેક્ષ છે. તેમ મુક્તાત્માનું સુખમય સ્વરૂપ પણ અન્ય સાપેક્ષ નથી, પરાધીન નથી. બાકી તો મુક્તિ અને મુક્તિ સુખ બંને નાશ પામી જાય. સિધ્ધ સ્વરૂપ તો એકાંતે જન્મ-જરા-મૃત્યુ, રોગ-શોક વગેરે સાંસારિક ભાવોથી રહિત અને પરમ સુખ-જ્ઞાનાદિ સ્વભાવવાળું છે.

### प्रशस्ति :

**काउण पगरणमिणं जं कुसलमुवज्जियं मए तेण ।**
**भव्वा भवविरहत्थं लहंतु जिणसासणे बोहिं ॥ १ ॥**

कृत्वा प्रकरणमिदं यत् कुशलमुपार्जितं मया तेन ।
भव्या भवविरहार्थं लभन्तां जिनशासने बोधिम् ॥ ९ ॥

### પ્રશસ્તિ

આ પ્રકરણ રચીને જે પુણ્ય મને પ્રાપ્ત થયું હોય તે પુણ્યથી શ્રી જિનશાસનને વિષે ભવ્યો ભવ-વિરહ મોક્ષ માટે બોધિને પામે. 'ભવવિરહ' થી ૧૪૪૪ ગ્રંથોના રચયિતા હરિભદ્રસૂરિ મ.સા. આ ગ્રંથના કર્તા જાણવા.

